

પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૮-૦૮-૨૦૨૫-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૨૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫


# તમામ મંત્રાલયોને સ્વદેશી અપનાવવા મોદીનો આદેશ

## ટ્રમ્પ ટેરિફનો સામને કરવા વડાપ્રધાને ગોઠવેલી વ્યુહ રચના

### સ્વદેશી માલ-સામાન વેચાય છે તેવા બોર્ડ દુકાન પર લગાવવાની યોજના

નવી દિલ્હી, તા. ૨૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એ ભારત પર ૫૦% ટેરીફ લાદી દીધા બાદ હવે ભારત તેનો મુકાબલો કઈ રીતે કરવા તેની એક બાદ એક વ્યુહરચના ગોઠવી રહ્યું છે અને ખાસ કરીને ઘરઆંગણે નિકાસકારોને જે મોટો પડકાર છે તે ઉપાડવા અમેરિકા સિવાયના દેશોમાં નિકાસની નવી સંભાવનાઓ પર પણ સરકાર કામ કરી રહી છે.

તે સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર બનવા અને મંત્રી સ્તર સુધી વોકલ-ફોર લોકલનો મંત્ર અપનાવવા અપીલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના ટેરીફથી જે પડકારો ઉભા થયા છે તે ઉપાડવા દેશ તૈયાર છે તેવું જણાવીને ઉંચા ટેરીફની ધમકી સામે નહી ઝુકવાનો સંકેત આપી દીધો છે.

તે સમયે ગઈકાલે કેબીનેટ બેઠકમાં મંત્રીઓને સ્થાનિક ભારતીય ઉત્પાદનનો જ ઉપયોગ વધે તે જોવા તમામ મંત્રીઓને સલાહ આપી છે. શ્રી મોદીએ લાંબા સમયથી આત્મનિર્ભર ભારત મેઈડ ઈન ઈન્ડીયા સ્વદેશી ઉત્પાદનોમાં ઉપયોગને વેગ આપવા માટે અનેકવિધ આયોજનો કર્યા છે. તેઓએ હવે દુકાનદારોને અહી સ્વદેશી માલસામાન વેચાય છે તેવું બોર્ડ મુકવા પણ અપીલ કરી હતી.

મોદીએ બીજી તરફ વિદેશી મૂડીરોકાણને આંચ ન આવે તે જોવા માટે જે સ્વદેશી મંત્ર આપ્યો છે તેમાં જણાવ્યું કે રોકાણ કોનું છે તે જોવાની જરૂર નથી. ઉત્પાદન ભારતમાં થઈ રહ્યું છે તે જોવા જણાવ્યું હતું. વડાપ્રધાને કેબીનેટ બેઠકમાં પીએમ સ્વદેશી સ્કીમ હેઠળ પ્રચાર વધે તે જોવા જણાવ્યું હતું.

ખાસ કરીને જે સ્ટીટવેર્જીસ-

અનુસંધાન પાના ૭ પર

### કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય દ્વારા

## ૫૦ ટકા ટેરિફનો સામનો કરવા આઉટ રીચ યોજના

**ભારત પર લાદેલા આકરા ટેરિફ અંગે બેંક ઓફ અમેરિકાની ચેતવણી**

નવી દિલ્હી, તા. ૨૮

અમેરિકામાં ભારતીય ઉત્પાદનો પર બુધવારથી ૫૦ ટકા ટેરીફ લાગુ થઈ ગયો છે અને આ ટેરિફનાં વારનો સામનો કરવા માટે ભારતે કમર કસી લીધી છે.એવુ બહાર આવ્યું છે કે ભારતે વ્યાપારીક ભાગીદારીવાળા ૪૦ દેશોની ઓળખ કરી છે જેમની સાથે વેપાર વધારી શકાય છે.

ભારત પર ટેરિફને લઈને અમેરિકામાં પણ ચિંતા વધવા લાગી છે. બેન્ક ઓફ અમેરિકાએ વધતી મોંઘવારી રોજગારનાં મોરચા પર ચેતવણી આપી છે. અમેરિકી ટેરિફની અસર ઘટાડવાનાં વિકલ્પો પર બુધવારે વાણિજ્ય મંત્રાલયમાં બેઠક મળી હતી. જેમાં ઉચ્ચ દરજ્જાનાં અધિકારીઓ સહિત નિકાસ સંવર્ધન પરિષદોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠકમાં ચર્ચા થઈ હતી કે કેવી રીતે ભારત ટેરિફથી થનારા નુકશાનની ભરપાઈ કરી શકશે. આ દરમ્યાન પ્રતિનિધિઓએ સૂચન કર્યું કે ભારતને તેના બજારોની ખોજ કરવી પડશે અને ત્યાં સુધી આપણા ઉત્પાદનોની સુલચી પહોંચ નિશ્ચિત કરવી પડશે. વસ્ત્રની નિકાસ વધારવા માટે ૪૦ દેશોમાં સંપર્ક કાર્યક્રમ ચલાવવાની યોજના બનાવવામાં આવી છે. આ ૪૦ દેશ ૫૯૦ અબજ ડોલરના વૈશ્ર્વિક વસ્ત્ર તેમજ પરિધાન આયાત કરે છે. તેમાં ભારતની ભાગીદારી માત્ર ૫-૬ ટકા છે. આ સ્થિતિમાં આ દેશોમાં નિકાસ વધારવાની સંભાવના શોધવામાં આવી શકે છે.

## સરદાર સરોવર ડેમના પાંચ દરવાજા ખોલયા



### ડેમની સપાટી ૧૩૬.૨૦ મીટરે પહોંચતા પાણી છોડવાનું શરૂ

નર્મદ, તા. ૨૮

તા. ૨૮ સરદાર સરોવર નર્મદા બંધ છલોછલ ભરાઈ જતા . હાલમાં સરદાર સરોવરમાં પાણીનો સંગ્રહિત જથ્થો ૮૫૧૨ MCM છે એટલે ડેમ ૯૦% જેટલો ભરાઈ ગયો છે.ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટરને જોતા હાલમાં સપાટી ૧૩૬.૨૦ મીટર છે.

મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ડેમ માંથી બુધવારે સાંજે ૫ કલાકે ૧લાખ ૫૨ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું જે પાણી રાત્રીના સરદાર સરોવર નર્મદા બંધમાં આવ્યુ જેનાથી નર્મદા બંધની જળસપાટીમાં વધારો થતા નર્મદા ડેમના ૫ દરવાજા ખોલવાની ફરજ પડી છે. હાલ ઉપરવાસમાંથી પાણીની આવક ૧,૬૯,૬૯૯ લાખ ક્યુસેક જેટલી છે.તેની સામે પાણીની જાવક હાલ ૫૦ હજાર ક્યુસેક છે.

ડેમમાં પાણીની આવકને ધ્યાને લઈને ડેમના ૫ દરવાજા ખોલી ૫૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. તેમજ રિવરબેડ પાવરહાઉસ મારફતે ૪૫,૦૦૦ ક્યુસેક પાણી છોડવાનના કારણે નદીમાં મહત્તમ ૯૫,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. નર્મદા, ભરૂચ અને વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારના નાગરિકોને એલર્ટ રહેવા સૂચના અપાઈ છે.

## બાંદીપોર ગુરુઝ સેક્ટરમાં બે ઘૂસણખોર આંતકવાદીઓ ઠાર

**સેના અને પોલીસે વધુ એક ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો**

જમ્મુ, તા. ૨૮

જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના ગુરેઝ સેક્ટરમાં ગુરુવારે ભારતીય સેના અને સ્થાનિક પોલીસનું આતંકવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું હતું. સેનાએ બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. સેનાએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમને આતંકવાદીઓની ઘૂસણખોરી અંગેની માહિતી મળી હતી.

તેના આધારે, ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત કાર્યવાહી શરૂ કરી. આ દરમિયાન આતંકવાદીઓએ અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું. સૈનિકોએ જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા. કાર્યવાહી ચાલુ છે.આ પહેલા ૨ ઓગસ્ટના રોજ જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લાના અખાલ દેવસર વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની એન્કાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબા (લેટ) ના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. સેનાએ ૧ ઓગસ્ટના રોજ આતંકવાદીઓ સામે ઓપરેશન અખાલ શરૂ કર્યું હતું, જે ૧૨ દિવસ સુધી ચાલ્યું હતું. આમાં બે જવાન પણ શહીદ થયા હતા. ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી, જમ્મુ અને કાશ્મીરમાં અત્યાર સુધીમાં ૭ અલગ અલગ એન્કાઉન્ટરમાં ૨૩ આતંકવાદીઓ માર્યા ગયા છે. આજે માર્યા ગયેલા બે આતંકવાદીઓની ઓળખ જાણી શકાઈ નથી. અન્ય ૨૧ આતંકવાદીઓમાંથી બાર પાકિસ્તાની નાગરિક હતા જ્યારે નવ સ્થાનિક હતા.

### ભારત-પાક.માં પુરનો પ્રકોપ

## કરતારપુર સાહિબ ગુરુદ્વારા રાવી નદીના પુરમાં ડૂબી ગયું

**પાકિસ્તાનમાં ભીષણ પૂરે સર્જેલો ભારે વિનાશ**

લાહોર, તા. ૨૮

ચોમાસાના વરસાદથી માત્ર ભારતમાં જ નહી પરંતુ પડોશી દેશ પાકિસ્તાનમાં પણ તબાહી મચી રહી છે. વરસાદની તસવીરો ખૂબ જ ભયાનક છે. શીખ તથા સિંધી ધર્મના સૌથી પવિત્ર યાત્રાધામોમાંનો એક ઐતિહાસિક કરતારપુર સાહિબ કોરિડોર પણ રાવી નદીના પૂરના પાણીમાં આંશિક રીતે ડૂબી ગયું છે.

પાકિસ્તાનનો પંજાબ પ્રાંત એક દાયકાથી વધુ સમયના સૌથી ભયાનક પૂરનો સામનો કરી રહ્યો છે. પંજાબના નારોવાલ જિલ્લાની તસવીરોમાં, ગુરુદ્વારા દરબાર સાહિબ સંકુલ પાણીમાં ડૂબેલું જોવા મળે છે. સફેદ આરસપહાણથી બનેલું સંકુલ ત્રણથી ચાર ફૂટ સુધી પાણીથી ભરેલું છે.

ગુરુદ્વારાના ગર્ભગૃહમાં પણ

અનુસંધાન પાના ૭ પર

## હલ્દવાનીમાં સ્કૂલ બસ પલટી જતા ૧૨થી વધુ બાળકો ઘાયલ

**રસ્તાની બાજુના ખાડામાં બસ ખાબકતા ડ્રાઈવર પર બેદરકારીનો આરોપ**

હલ્દવાની, તા. ૨૮

ઉત્તરાખંડના હલ્દવાનીના લાલકુઆન કોતવાલી વિસ્તારમાં બરેલી રોડ પર આવેલા જયપુર બિસા ગામમાં ગુરુવારે સવારે એક દુઃખદ અકસ્માત થયો. એક ખાનગી સ્કૂલ બસ, જેમાં બાળકો મુસાફરી કરી રહ્યા હતા, બીજી બસને રસ્તો આપવાનો પ્રયાસ કરતી વખતે કાબૂ બહાર નીકળી ગઈ અને રસ્તાની બાજુમાં આવેલા ખાડામાં પલટી ગઈ. અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારે હોબાળો મચી ગયો.

આ પછી, સ્થાનિક લોકોએ તાત્કાલિક કાર્યવાહી કરી અને બસના કાચ તોડીને બધા બાળકોને બહાર કાઢ્યા, જેમાં ૧૨ થી વધુ બાળકો ઘાયલ થયા હતા. ઘાયલોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. બસ ડ્રાઈવર અને કંડક્ટરને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે.

આ અકસ્માત મોટાહલ્દુ વિસ્તારના પદમપુર દેવલિયા ગામ પાસે થયો હતો, જ્યાં બસ રામપુર રોડથી બાળકોને શાળાએ લઈ જઈ રહી હતી. ઘટના સ્થળ શાળાની નજીક હોવાથી, સ્થાનિક લોકોએ ઘાયલોને ખાનગી વાહનોમાં હલ્દવાનીની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ચાર રસ્તા પાસે બે સ્કૂલ બસો એક બાજુ જઈ રહી હતી. આ દરમિયાન એક બસ ખૂબ દૂર જઈને

અનુસંધાન પાના ૭ પર

## મિઝોરમમાં ભીખ માંગવા પર પ્રતિબંધ લાગુ કરાયો

**પ્રોહિબિશન એક્ટ બેગરી બિલ પાસ કરનાર મિઝોરમ દેશનું પ્રથમ રાજ્ય**

નવી દિલ્હી, તા. ૨૮

મિઝોરમ વિધાનસભાએ 'મિઝોરમ પ્રોહિબિશન ઓફ બેગરી બિલ ૨૦૨૫' પસાર કર્યું. આ કાયદાનો હેતુ માત્ર ભિખારીઓ પર પ્રતિબંધ મૂકવા અને તેમને મદદ અને રોજગાર આપીને સમાજમાં ઊભા રહેવાનો પણ છે.

બિલ હેઠળ સરકાર એક રાહત બોર્ડ બના[...] અને એક રિસીવિંગ સેન્ટર ખોલશે. અહી ભિખારીઓને અસ્થાયી રૂપે રાખવામાં આવશે અને ૨૪ કલાકની અંદર તેને રાજ્ય અથવા ઘરે પાછા મોકલવામાં આવશે. સમાજ કલ્યાણ વિભાગના સર્વે મુજબ, હાલમાં આઈઝોલમાં ૩૦થી વધુ ભિખારીઓ છે, જેમાંથી ઘણાં બહારથી આવ્યા છે.

સમાજ કલ્યાણ મંત્રી લાલરિનપુઈએ જણાવ્યું હતું કે, 'મિઝોરમમાં હાલમાં ખૂબ ઓછા ભિખારીઓ છે. તેનું કારણ અહીંનુ મજબૂત સામાજિક માળખું, ચર્ચ

અનુસંધાન પાના ૭ પર

## બિહારમાં ભાજપ ૧૦૧, જેડીયુ ૧૦૨, એલજેપી ૨૦ બેઠકો પર ચૂંટણી લડશે

### એનડીએ ગઠબંધનમાં બેઠકો માટેની સંખ્યા અંગે અંતિમ સંમતિ લગભગ નિશ્ચિત

પટના, તા. ૨૮

બિહારમાં દ્રઢદ્ગ ગઠબંધનની બેઠકોની વહેંચણી અંગેનું ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારની દિલ્હી મુલાકાત બાદ ગઠબંધન પક્ષો વચ્ચે અંતિમ સંમતિ સધાઈ ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, JDUને ૧૦૨, BJPને ૧૦૧, LJP (R)ને ૨૦, HAMને ૧૦ અને ઈન્સ્ને ૧૦ બેઠકો મળી છે. એવી અપેક્ષા છે કે NDA ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરશે. જોકે, કઈ પાર્ટી કઈ બેઠકો પર ચૂંટણી લડશે તે અંગે ચર્ચા ચાલી રહી છે.જોકે, કયો પક્ષ કઈ બેઠક પર ચૂંટણી લડશે તે અંગે મંથન ચાલી રહ્યું છે.મહિના પહેલા અહેવાલ આપ્યો હતો કે આ વખતે JDU-BJP છેલ્લી વિધાનસભા ચૂંટણીની તુલનામાં ઓછી બેઠકો પર ચૂંટણી લડશે. અત્યાર સુધી બહાર આવેલી માહિતી આ વાતની પુષ્ટિ કરે છે.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે NDAમાં ૧૧૦ બેઠકો પર ચૂંટણી લડી હતી, જેમાંથી તેણે ૭૪ બેઠકો જીતી હતી. JDUએ ૧૧૫ બેઠકો પર ચૂંટણી લડી હતી. તેણે ૪૩ બેઠકો પર જીત મેળવી હતી. આ વખતે JDUએ ૧૦૨ બેઠકો પર ચૂંટણી લડી હતી અને BJP એ ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી હતી.

લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૧૭ બેઠકો પર, JDUએ ૧૬ પર, LJPએ ૫ પર અને જીતન રામ માંઝીની HAM અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચાએ એક-એક બેઠક પર ચૂંટણી લડી હતી.

લોકસભા ચૂંટણીમાં ભાજપે જેડીયુ કરતાં એક બેઠક વધુ પર ચૂંટણી લડી હતી, પરંતુ વિધાનસભા ચૂંટણીમાં જેડીયુ ભાજપ કરતાં એક કે બે બેઠક વધુ પર ચૂંટણી લડી શકે છે.

અનુસંધાન પાના ૭ પર

## ત્રિપુરામા નકલી અધિકારી દ્વારા રૂ. ૨૦૦ કરોડનું જંગી કૌભાન્ડ

**મોટા કોન્ટ્રાક્ટ આપવાનું જણાવી નકલી અધિકારીએ અનેક લોકોને છેતર્યા**

અગરતલા, તા. ૨૮

ત્રિપુરામાં એક મોટી છેતરપિંડી સામે આવી છે. અહી એક વ્યક્તિએ નકલી સરકારી અધિકારી તરીકે ઓળખ આપીને ૨૦૦ કરોડથી વધુના નાણાંની લોન્ડરિંગ કરી હતી. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ્રિપુરા, દિલ્હી, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા.

તપાસમાં મુખ્ય આરોપી ઉત્પલ કુમાર ચૌધરી છે, જે હાલમાં હરિયાણા જેલમાં બંધ છે. પશ્ચિમ બંગાળ પોલીસે તેની વિરૂદ્ધ અનેક ફ્રેંઇ નોંધી છે. ચૌધરીએ ઘણી નકલી કંપનીઓ અને સંસ્થાઓ બનાવી હતી જેના નામ સરકારી વિભાગો અને જાહેર ક્ષેત્રના એકમો જેવા હતા. તે પોતાને ભારત સરકારનો વરિષ્ઠ અધિકારી ગણાવતો હતો અને લોકોને સરકારી કોન્ટ્રાક્ટ અપાવવાનું વચન આપીને કરોડો

અનુસંધાન પાના ૭ પર



## સીતામઢીના જાનકી મંદિરમાં પ્રાર્થના કરતા રાહુલ ગાંધી

**સીતામઢીમાં દર્શન બાદ રાહુલે મતદાર અધિકાર યાત્રાનો આરંભ કર્યો**

સીતામઢી, તા. ૨૮

બિહારમાં આ વર્ષે યોજાનારી ચૂંટણી પહેલા કથિત મત ચોરીના વિરોધમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં બિહાર મહાગઠબંધન દ્વારા કાઢવામાં આવેલી મતદાર અધિકાર યાત્રાનો ૧૨મો દિવસ સીતામઢીથી શરૂ થયો.

ગુરુવારે રાહુલ ગાંધી જાનકી મંદિર પહોંચ્યા અને ગર્ભગૃહમાં જઈને માતાની પૂજા કરી અને આશીર્વાદ લીધા. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જાનકી મંદિરમાં માતાના દર્શન કર્યા અને પ્રાર્થના કરીને દેશની સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. આ દરમિયાન મંદિરના પુજારીએ મંદિર વિશે સંપૂર્ણ માહિતી આપી.

રાહુલ ગાંધી સાથે સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રાજેશ રામ સહિત મહાગઠબંધનના ઘણા નેતાઓ હતા. તે બધાએ માતા જાનકીની પૂજા કરી.

અનુસંધાન પાના ૭ પર


સાંધ્ય દૈનિક

**પ્રતાપ દર્પણ**

**પ્રતાપ દર્પણને શ્રીજીની સ્થાપનાનો ફોટો મોકલો**

ગૌરીપુત્ર શ્રી ગણેશજીની ઠેર ઠેર સ્થાપના કરવામાં આવે છે. વિવિધ મંડળો, શેરી-મહોલ્લાના શ્રીજીની પ્રતિમાનો ફોટો પ્રતાપ દર્પણમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી ગણેશ આયોજકોએ વ્હોટ્સએપ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫ ઉપર શ્રીજીની પ્રતિમા, મંડળનું નામ, વિસ્તાર લખીને મોકલવા.




# આરએનજી પટેલ કોલેજમાં રક્તદાન શિબિર યોજાયો

## એન્જીનિયરીંગ કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૧૦ બ્લડ યુનિટનું દાન

સુરત, તા.૨૮

બારડોલી વિસ્તારની તાજપોર સ્થિત આર. એન. જી. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (RNGPIT) કોલેજ, તાજપોર, બ્રહ્માકુમારીઝ, બારડોલી અને રોટરી ક્લબ ઓફ બારડોલીના સહયોગ થકી શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ, બારડોલી સાથે બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ એક જ દિવસ માં કુલ ૧૧૦ યુનિટ લોહી આપવામાં આવ્યું હતું. આ સાથે વાય. જેન. હેલ્થકેર પ્રા. લિમિટેડ, અમદાવાદ દ્વારા ૪૭૩ વિધ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા તેમજ ફ્રી આઈ ચેકઅપ કેમ્પ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, મંત્રી શ્રી મોહનભાઈ પટેલ, એક્ઝીક્યુટીવ કમિટી સભ્યો શ્રી હરેશભાઈ પટેલ, શ્રી ભરતભાઈ પટેલ, અતિથી વિશેષ તરીકે ઓમ સાઈરામ કાર્ડિયાક અને મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, બારડોલી ના મેડિકલ ડાયરેક્ટર ડૉ. અમૃતભાઈ પટેલ, બ્રહ્માકુમારીઝ, બારડોલીની સંચાલિકા બી.કે. અરુણા બહેન, સરદાર હોસ્પિટલના CMO ડો. ગંગારામ કાંટીયા, વાય. જેન હેલ્થકેર લિ., અમદાવાદના ડો. સુધાંશુ શ્રીવાસ્તવ તથા રોટરી ક્લબ બારડોલીના પ્રમુખ શ્રી નિતેશ શાહ તથા એમની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. RNGPIT કોલેજના ડાયરેક્ટર ડૉ. લતેશ બી. ચૌધરીએ પ્રાસંગીક ઉદબોધન કરતાં જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૧ થી આ કોલેજ દ્વારા અત્યારસુધીમાં ૧૮ બ્લડ ડોનેશન કેમ્પ આયોજીત થયા છે, જેમાં અત્યારસુધીમાં આ સંસ્થાના સ્ટાફ અને વિધ્યાર્થીઓ દ્વારા ૨૫૦૦ થી વધુ બ્લડ યુનિટ આપવામાં આવેલ છે. તેમણે આ બ્લડ ડોનેશન કેમ્પમાં ભાગ લેનાર તમામ વિધ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# પાવર ગ્રીડના વિરોધમાં મહુવા ખાતે ખેડૂતોની બેઠક મળશે

સુરત, તા.૨૮

મહુવા તાલુકાના ગામોમાથી ટ્રાન્સમિશન લાઈન પસાર થનાર છે. જે ગામોમાથી ટ્રાન્સમિશન લાઈન પસાર થનાર છે તે ગામના ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે ખેડૂત સમાજ ગુજરાતના નેજા હેઠળ તા. ૩૦/૦૮/૨૦૨૫ નાં રોજ બપોરે ૩:૦૦કલાકે બાપા સીતારામ મઢુલી, મીયાપુર ચાર રસ્તા (મહુવા)જી.સુરત ખાતે મીટીંગનુ આયોજન કરવામાં આવેલ છે. અને આ મીટીંગમા જયેશભાઈ પટેલ (પાલ) પ્રમુખ ખેડુત સમાજ ગુજરાત, પરિમલભાઇ પટેલ પ્રમુખ સુરત જીલ્લા ખેડુત સમાજ તથા દર્શનભાઇ નાયક સહકારી આગેવાન વિગેરે આ મીટીંગમા હાજર રહી માર્ગદર્શન આપશે જેમાં તમામ ખેડૂતોને હાજર રહેવા જણાવીયે છીએ.

# ખાંગડ શેરીમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાની સ્થાપના



સુરત, તા.૨૮

ઈકો ફ્રેન્ડલી ગણેશાની પ્રતિમા દરેક લોકો સ્થાપિત કરે તેવા શુભ આશયથી સલાબતપુરા, ખાંગડશેરીમાં રહેતા કામ્યા સાગર ભાણાભગવાનવાલા એ એક અનોખો પ્રયાશ હાથ ધર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, પ્લાસ્ટર ઓફ પેરિસ ની મૂતિઓ બિન-બાયોડિગ્રેડેબલ હોય અને તે સમુદ્રમાં, તાપી નદી કે તળાવ અથવા જળાશયોમાં વિર્સજીત કરતા પાણીમાં રહેતા જીવને નુકશાન થાય છે. ઉપરાંત તે પાણીને પ્રદૂષિત કરે છે. જયારે ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ ડિગ્રેડેબલ હોય છે. અને પાણીમાં રહેતા કોઈપણ જીવને નુકશાન પહોંચાડતા નથી તે માનવ સ્વાસ્થનું રક્ષણ કરે છે અને તે માટે ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનો ઉપયોગ કરવો જાઈએ.



# સુરત શહેરના ડીસીપી ભગીરથ ગઢવીનો વિદાય સમારંભ યોજાયો

## અમદાવાદ બદલી પામેલા પોલીસ અધિકારીનું બૌદ્ધ સમાજ દ્વારા સન્માન

સુરત, તા.૨૮

સુરત શહેર પોલીસ માં સેવા બજાવતા,તમામ સમાજ લોકો ને પોતાના ફરજ દરમિયાન ન્યાય ના હિમાયતી એવા આઈ,પી,એસ અધિકારી ,ડી.સી.પી ભગીરથ ગઢવી સાહેબ ની સુરત ખાતે થી અમદાવાદ બદલી થતા તેમણી ફરજ દરમિયાન તમામ સમાજ ના લોકો સાથે સંવાદ ના ભાગરુપે વિશ્રૃવ શાંતિદુત બુદ્ધ વિહાર શાંતિનગર નીલગીરી,સુરત ખાતે વિશ્રૃવ શાંતિદુત બુદ્ધ વિહાર સંસ્થાપક અધ્યક્ષ સુભાષભાઇ ઝાડે,ડો આંબેડકરી બૌદ્ધ સમાજ ના અગ્રણીઓ સુરેશ ભાઈ સોનવણે,દિલીપ કે સીરસાઠ,સમતા સમાજ સેવા ફેડરેશન ના અધ્યક્ષ આશાબેન મંગળે,વંદનાબેન સૈદાળે,મુસ્લિમ સમાજ અગ્રણીઓ નાસીરભાઈ સીમેન્ટવાલા, આર,સી,એમ સેવા સમાજ અગ્રણી,પ્રકાશ જગદાલે,શાંતિનગર સોસાયટી અધ્યક્ષ ડો પાટીલ સાહેબ, આ ઓમશાંતિ ગ્રુપ્ર અગ્રણીઓ તેમજ વિશ્રૃવ શાંતિદુત બુદ્ધ વિહાર ઉપાસક, ઉપાસીકા સંઘ તેમજ વર્ષાવાસ ના ભગવાન બુદ્ધ તેમણા ગ્રંથ નું વાંચન કરનાર, પ્રબોધનકાર ભાસ્કર વાનખેડે એ કાયકમ નું સંચાલન કરેલ,ડી.સી.પી ભગીરથ ગોઠવી સાહેબ ને શાલ,સ્મુતિભેટ, પુષ્પગુચ્છ આપી ઉપસ્થિત મહાનુભાવો એ બિરદાવયા હતા,આ પ્રસંગે કવિ ગાયક, શ્રીકૃષ્ણ વાનખેડે,રાધેશ્યામ ગોતમ, લાલ બહાદુર ગોતમ,દિપક સીરસાઠ, સુભાષ ઘુંરઘર,ગોવિંદ પીપળેસકર, મનોહર ઠીવરે,ગોતમ સુરવાડે,અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# હેલ્પીંગ હેન્ડ ગ્રુપ દ્વારા શાળામાં ૧૧ લાખના ખર્ચે હોલનું નિર્માણ



## આદિવાસી વિસ્તારની શાળામાં સ્ટાફ રૂમ તથા ટ્રેનિંગ સેન્ટરનું લોકાર્પણ

સુરત, તા.૨૮

એલાયન્સ ક્લબસ ઈન્ટરનેશનલ, ડિસ્ટ્રિક્ટ-૧૪૧ માં સમાવિષ્ટ એલાયન્સ ક્લબ સેવન સ્ટાર અને એસવીઆર ૯૬ હેલ્પીગ હેન્ડ ગ્રુપ, સુરત દ્વારા તાપી જિલ્લાના વ્યારા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ કલમકુઈ (કહેર), ગામમાં આવેલ વિનયમંદિર ગ્રામભરતી હાઈસ્કૂલ માં રહીને અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે "વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર હોલ અને સ્ટાફ રૂમ" નું રૂપિયા ૧૧ લાખના ખર્ચે બનાવવામાં આવ્યો છે. તેનું ઉદ્ઘાટન અને લોકાર્પણ તા.૨૩/૦૮/૨૦૨૫ શનિવારના રોજ સવારે, એસવીઆર ૯૬ હેલ્પીગ હેન્ડ ગ્રુપ, સુરત ના કો-ઓર્ડીનેટર શ્રી મયુરભાઈ તલાટી, ડિસ્ટ્રીકટ ગવર્નર એલાય નરેશભાઈ પારેખ, પાસ્ટ ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ એલાય ભુપેન્દ્રભાઈ ચાહવાલા, મલ્ટિપલ કાઉન્સિલ ચેરમેન યોગેશભાઈ શાહના હસ્તે કરવામાં આવ્ય. આ પ્રસંગે ઈન્ટરનેશનલના મહાનુભાવો ડો. બીમલેશ ટેવટીયા, કનૈયાભાઈ દોરીવાળા, કમલેશભાઈ ગાંધી, દાતાઓ શ્રી પ્રદ્યુમન જોશી, શ્રી કમલેશભાઈ

અનુસંધાન પાના ૭ પર

# દમણની બ્રીજ હોનરતને આજે ૨૨ વર્ષ પૂર્ણ થયા

દમણ, તા.૨૮

દમણસંઘ પ્રદેશ માં ગત ૨૮ઓગસ્ટ ૨૦૦૩માં બનેલ પુલ દુર્ઘટના માં ત્રીસ સ્કૂલ વિદ્યાર્થી મોત ને ઘાટ ઉતરી ગયા હતા. આજે બાવીસ વર્ષ પુરા થતા હજુ પણ પરિવાર જનો ની આંખ સુકાતી નથી. ખુબ જ દુ:ખદ ઘટના બની જેને લઈ પુરા દમણ પંથક માં લોકો આજના દિન ને ક્યારે પણ ભૂલી શકે નહી. સમય જતા આજે પણ પુલ ઉપર થી પસાર થતા લોકો દુર્ઘટના ને યાદ કરી દુ:ખી થતા હોય છે. તે સમય દરમ્યાન સ્કૂલ વિદ્યાર્થી ઓ નિખાલસ અને નાદાન વિદ્યાર્થીઓ ની ચીખ પુકાર આજે પણ લોકો ના દિલ દ્રવિત કરી દે છે.આજના દિવસે પુલ પુલ દુર્ઘટના માં મૃતકો ના આત્મા ને પ્રભુ શાંતિ આપી પરિવાર જનો ને દુ:ખ નો સામનો કરવાની શક્તિ પ્રદાન કરે એવી પ્રભુ પ્રાર્થના.




# સ્વચ્છતા માટે સોસાયટીઓના અનુદાનમાં વધારો કરવા માંગ

## વધારાથી સોસાયટીઓ તેમના પરિસરને વધુ સારી રીતે સ્વચ્છ રાખી શકશે : વિપુલ સુહાગીયા

સુરત, તા.૨૮

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે સોસાયટીઓને સફાઈ માટે જે અનુદાન આપવામાં આવે છે તે સરાહનીય પગલું છે, જેનાથી સોસાયટીઓ તેમના પરિસરની સ્વચ્છતા જાળવી શકે છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલભાઈ સુહાગીયાએ મેયર દક્ષેશ માવાણી સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, હાલમાં આર્થિક પરિસ્થિતિમાં થયેલા ફેરફારો અને મોંઘવારીને કારણે સફાઈ કર્મચારીઓનો પગાર, સફાઈના સાધનો અને અન્ય ખર્ચાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે હાલમાં મળતું અનુદાન પૂરતું નથી, હાલ સુરત મહાનગરપાલિકા દ્વારા સોસાયટી ને ચોરસ મીટર દીઠ ૦.૮૦ પૈસા લેખે સહાય મળે છે જે આજના મોંઘવારીના સમયમાં પુરતી નથી, તો આજના મોંઘવારીના સમયને ધ્યાને લઈ સત્વરે આ રકમમાં વધારો કરવામાં આવે તે ખુબ જરૂરી છે. વિપુલભાઈ સુહાગીયાએ આ બાબતની રજુઆત અગાઉ બજેટ સભામાં પણ કરી હતી. મેયર માવાણીને ઉપરોક્ત પરિબળોને ધ્યાનમાં રાખીને, સોસાયટીઓને સફાઈ માટે આપવામાં આવતા અનુદાનની રકમમાં વધારો કરવા બાબતે યોગ્ય વિચારણા કરવા પણ જણાવ્યું હતું. આ વધારાથી સોસાયટીઓ તેમના પરિસરને વધુ સારી રીતે સ્વચ્છ રાખી શકશે અને સ્વચ્છ સુરત અભિયાનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકશે તેમ પણ વિપુલભાઈ સુહાગીયાએ જણાવ્યું હતું.




# અંકલેશ્વરની બડગુજર હોટલના સલાડમાંથી ઈયળ નિકળતા હોબાળો

## હોટલના સંચાલકે ગ્રાહકો સાથે માથાકૂટ કરી અંતે માફી માંગી

અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર કાપોદ્રા પાટિયા બડગુજર હોટલ ના સલાડ માંથી ઈયર નીકળી હોવાની ઘટના સામે આવી છે. ૧૦ થી વધુ યુવાનો અનલિમિટેડ મિસળ પાવ ખાવા આવ્યા હતા. ઈયર નીકળતા યુવકો દ્વારા પોલીસ તેમજ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ માં ફરિયાદ કરવાની તજવીજ શરુ કરી હતી.



હોટલ સંચાલક દ્વારા માફી માંગી મામલો રફેદફે કરવા ની કોશિશ સાથે બિલ ના ચૂકવવા યુવકો દ્વારા માથાકૂટ કરી હોવાનું રટણ કર્યું હતું. અંકલેશ્વરમાં રહેતા પ્રિયાંશુ ચૌહાણ અને તેના ૧૩ મિત્ર અંકલેશ્વર કાપોદ્રા પાટિયા ખાતે આવેલ બડગુજર હોટલ ખાતે અનલિમિટેડ મિસળ પાવ ખાવા માટે પહોંચ્યા હતા. જયાં મિત્રો મિસળ પાવ ની મિજબાની માણી રહ્યા હતા આ દરમિયાન મંગાવેલ સલાત માંથી નાની ઈયર નિકલ હતી ડુંગળી ના સલાડ માં ઈયર નીકળતા હોટલ સંચાલક ને રજુઆત કરી હતી. જો કે સમગ્ર હોટલ સંચાલક માફી માગ્યા બાદ યુવક જોડે શાબ્દિક રજુઆતમાં મામલો ગરમાયો હતો. હોટલ સંચાલક દ્વારા ઈયર નીકળી એ પ્લેટ ના રૂપિયા ના આપી અન્ય પ્લેટ ના રૂપિયા આપવા પડશે અને

અનુસંધાન પાના ૭ પર

# ગુરૂકૃપા વિધાલયમાં વાલી મિટિંગ નું અનોખું આયોજન

## શાળાનાં વાલીમિત્રો દ્વારા સમગ્ર મિટિંગનું સંચાલન કરાયું

સુરત, તા.૨૮

મોરાભાગળ સ્થિત ગુરૂકૃપા વિધાલયમાં ગુજરાતી-અંગ્રેજી માધ્યમનાં વિવિધ વિભાગોની અલગ-અલગ વાલી મિટિંગ નું આયોજન કરાયું હતું."મનુષ્ય તું બડા મહાન હૈ"ની પ્રાર્થના થી પ્રારંભ કરવામાં આવી હતી.વાલીમિત્રો દ્વારા શ્રીમદ્ ભગવત ગીતા નાં શ્લોક સાથે શરૂઆત કરાય હતી.વાલી મિટીંગ દરમિયાન વિધાર્થી ઓએ લાઈફ સ્કીલ જીમનાસ્ટીક,રોબોસ્ટીક સ્પોકન ઈંગ્લીશ અને યોગાસન જેવી વિવિધ પ્રવૃત્તિઓના મહત્વ સાથેની પ્રસ્તુતિ રજુ કરી હતી.વાલી મિટીગ દરમિયાન સમગ્ર વાલી મિટિંગ નું સંચાલન સ્વાગત પ્રવચન પ્રતિભાવ આભારવિધિ વગેરે વાલીમિત્રો દ્વારા કરાય હતી.શાળા નાં આચાર્ય શ્રીમતી મેઘામહેતા દ્વારા શૈક્ષણિક સૂચનો વાઈસ પ્રિન્સિપાલ દ્વારા વંદનાબેન પટેલ દ્વારા મોબાઈલ નો ઉપયોગ સદ્ ઉપયોગ અંગેનાં જરૂરી સૂચનો અપાયા હતા.આ પ્રસંગે શાળા નાં મેનેજીંગ ટ્રસ્ટી ડો.નૈલેષ પટેલ દ્વારા અને ડો.વિજય પટેલ દ્વારા સમગ્ર સંચાલન વાલીઓ દ્વારા કરવા બદલ વાલીમિત્રો અને શિક્ષકમિત્રો ને અભિનંદન આપીયા હતા.વાલીમિટીગ દરમિયાન વિવિધ સૂચનો વિડીયો પ્રેઝેન્ટેશન સાથે શાળા એપ અંગે ની વિગતવાર માહિતી અપાય હતી.પુર્ણ વંદેમાતરમ ગીત થી સાથે વાલીમિટીગ સફળતાં પૂર્વક પુર્ણ થઈ હતી.

# અડાજણ બસ ડેપોમાં રોડ સેફ્ટી ડિફેન્સિવ ડ્રાઈવિંગ ટ્રેનિંગ કાર્યક્રમ

## ડિસ્ટ્રીક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા સલામતી અંગે યોજાયેલી તાલિમ

સુરત, તા.૨૮

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ GSRTC ના અડાજણ બસ ડેપો ખાતે વિભાગીય નિયામકશ્રીની અધ્યક્ષતામાં સલામત પરિવહન અંગે સેમીનારમાં ૧૭૦થી વધુ ડ્રાઈવર તથા એસ ટી.બસના અધિકારી કર્મચારીઓને "સલામત સવારી ,એસ.ટી.હમારી" તથા "પરવાહ કરેંગે, સુરક્ષિત રહેંગે" થીમ આધારિત રક્ષણાત્મક ડ્રાઈવિંગ અંગે કાર્યક્રમમાં સુરતના ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ અને રોડ સેફ્ટી ટ્રેનરશ્રી બ્રિજેશ વર્મા દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતિથી એસ.ટી.બસ ચાલકો, કંડકટર તથા પેસેન્જરો ની સલામતી માટે અલગ અલગ ઉદાહરણો દ્વારા સમજૂતી આપવામાં આવેલ હતી જેમાં દરેક મુસાફરોની સલામતી બાબતે ઝીણવટ પૂર્વક ઓડિયો વિજયુઅલ પધ્ધતિથી સમજૂતી આપવામાં આવેલ હતી અને ગંભીર અકસ્માતો અને તેના નિવારણ માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ડિફેન્સિવ ડ્રાઈવિંગ બાબતે, પેસેન્જર સાથે વાણીવર્તણૂંક, લેન ડ્રાઈવિંગ, સ્પીડ લિમિટ, રાહવીર યોજના તથા અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને મળતી સારવાર સહાય યોજનાની માહિતી ખુબજ ઝીણવટ રીતે સમજૂતી આપવામાં આવેલ હતી. રોડ અકસ્માત અટકાવવાં તેમજ પેસેન્જરોની સેફ્ટી અને સલામતી માટેની ઉપયોગી ટીપ્સ આપવામાં આવેલ તથા ફર્સ્ટ એડ અને ક્વિક રિસ્પોન્સ, ફાયર સેફ્ટી અંગે વિઝ્યુલ અને પોસ્ટરોના માધ્યમથી સમજાવવમાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત એસ.ટી.વિભાગના વિભાગીય નિયામકશ્રી પી. વી. ગુર્જર, વિભાગીય પરિવહન અધિકારીશ્રી એમ.વી. વાઢેર, એ.ટી.એસ. શ્રી ઓ.જી.સુરતી, એ.ટી.એસ.શ્રી એમ.એન.મોદી, ટી.આઈ.શ્રી એચ.એસ.ડાખરા તેમજ ટ્રાફિક શાખા રીજિયાન ૪ માંથી એ.એસ.આઈશ્રી શૈલેષ પાવાગઢી ઉપસ્થિત રહ્યા હતા.



# નાટ્ય સ્પર્ધામાં પ્રેસિડન્સી સ્કૂલે વિશિષ્ટ સિદ્ધિ મેળવી

સુરત, તા.૨૮

સંસ્કારભારતી વિદ્યાલય ખાતે યોજાયેલ આંતરશાળા નાટ્ય સ્પર્ધાની પ્રેસિડન્સી સ્કૂલે ભાગ લીધો હતો અને તૃતીય વિજેતા ક્રમ પ્રાપ્ત કર્યો છે. પ્રસ્તુત નાટકમાં ગુજરાતી માધ્યમના ધોરણ ૬,૭,૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના શિક્ષિકા જોલીબેન દેસાઈએ આ નાટકનું દિગ્દર્શન અને સમગ્ર સંચાલન સંભાળ્યું હતું. આચાર્યા કુ. દીપિકા શુકલ, ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન.એમ.કારિયા, ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ સમગ્ર ટીમને અભિનંદન આપી બિરદાવ્યા હતા.

# ભરૂચ જિલ્લામાં છૂટોછવાયો વરસાદ ઝઘડિયામાં ૧.૫ ઈંચ પાણી ઝીંકાયું

ભરૂચ, તા.૨૮

ભરૂચ શહેર અને જિલ્લામાં છેલ્લા એક સપ્તાહ કરતાં વધુ સમયથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગતરોજ એક દિવસના વિરામ બાદ આજે વહેલી સવારથી ફરીવાર ભરૂચ શહેર અને જિલ્લામાં છેલ્લા એક સપ્તાહ કરતાં વધુ સમયથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

ગતરોજ એક દિવસના વિરામ બાદ આજે વહેલી સવારથી ફરીવાર વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠેર ઠેર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. ભરૂચ જિલ્લામાં વિતેલા ૨૪ કલાકમાં વિવિધ તાલુકામાં છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો.



ભરૂચ જિલ્લામાં વરસાદના તાલુકામાં આંકડા પર નજર કરીએ તો ભરૂચમાં ૨ મી.મી. ઝઘડિયામાં ૧.૫ ઈંચ, અંકલેશ્વરમાં ૩ મી.મી. હાંસોટમાં ૧ મી.મી.વાલિયામાં ૧૨ મી.મી. અને નેત્રાંગમાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

# ધોરણ ૬થી ૮ના સામાજિક વિજ્ઞાન શિક્ષકોની તાલીમ

## બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ દ્વારા તાલિમી કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૮

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ (NEP-2020) અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા-શાળા શિક્ષણ ૨૦૨૩ (NCF-SE-2023) નાં દિશા-દર્શન અનુસાર વિષયોનાં અનુબંધ માટે, એકવીસમી સદીનાં કૌશલ્યો (21" Century skills) ની ખિલવણી માટે તેમજ ભારતીય જ્ઞાન પરંપરા સાથેનાં અનુબંધ અનુસાર અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનાં સુચારુ આયોજન માટે એટલે કે એકમ કેવી રીતે શીખવવો, અધ્યયન નિષ્પત્તિ અનુસાર દૃષ્ટિપૂર્વકનું આયોજન, દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ, વિષયને જીવંત બનાવવા માટે જરૂરી યુકિત-પ્રયુકિતઓનાં આયોજન અંગેનું માર્ગદર્શન શિક્ષકોને મળી રહે એવાં હેતુસર બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા ધોરણ ૬ થી ૮ નાં સામાજિક વિજ્ઞાનનાં શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત પ્રેરિત આ તાલીમ

અનુસંધાન પાના ૭ પર





# ગરીબ મહિલાઓને પગભર કરવા ચોકલેટ બનાવવાની મફત ટ્રેનિંગ

વર્તમાન સમયમા હાઈ પ્રોફેશનલ ડિગ્રી હોવા છતાં અનેક લોકોને બેકારીનો સામનો કરવો પડી રહ્યો છે. પુરૂષો તો ગમે ત્યાં પેટીયુ રળવા માટે કોઈ પણ કામને સ્વીકારી લેતા હોય છે. પરંતુ ગરીબ કે જરૂરિયાતમંદ યુવતીઓને રોજગારી મળી રહે તે હેતુથી ડિગ્નેટીવ ફાઉન્ડેશન અને લીલાબેન મુલચંદ પારેખ ટ્રસ્ટના સહયોગથી ગરીબ મહિલાઓને ચોકલેટ બનાવવાની મફતમાં ટ્રેઈનિંગ આપવામાં આવે છે. ડિગ્નેટીવ ફાઉન્ડેશનના ઉપાસના ચાવડાએ કહે છે કે દરેક માતા-પિતા પોતાના બાળકોને સારો અભ્યાસ કરાવવા માગતા હોય છે. પરંતુ વર્તમાન સમયમાં શિક્ષણ ખૂબ જ ખર્ચાળ બની રહ્યું છે. ગરીબ મા-બાપની અને ઓછુ ભણેલી દિકરીઓને અભ્યાસ કર્યા હોવા છતાં નોકરી મળતી નથી. બેકારીનો સામનો કરતી આ મહિલાઓ જીવનમાં પગભર બની શકે તે ઉદ્દેશ્યથી અમે તેમને ચોકલેટ મેકિંગ મફત બનાવવાની ટ્રેઈનિંગ આપીએ છીએ. ટ્રેઈનિંગ લીધેલી આ મહિલાઓને ચોકલેટ મેકીંગ શીખ્યા બાદ, તેઓને માર્કેટીંગ કેવી રીતે કરવું તેની પણ સમજ આપવામાં આવે છે. તમામ મટેરીઅલનો ખર્ચ પણ સંસ્થા ઉઠાવે છે. આ ટ્રેઈનિંગ અમે એક વર્ષથી આપી રહ્યા છીએ. અહી ટ્રેઈનિંગ લઈ ચૂકેલી મહિલાઓ પોતાના ઘરે ઉદ્યોગ ચલાવી બજારમાં તેની કિંમત મેળવે છે.

આ પૈસાથી બચત કરીને પોતાના બાળકોના અભ્યાસની ફી ભરી તેમનું ભવિષ્ય સુધારે છે. પુજા ત્રિવેદીએ કહે છે કે હું સામાન્ય પરિવારમાંથી આવું છું. કોલેજ પુરી કર્યા બાદ નોકરી મળતી નથી. ફાધર પણ સામાન્ય ધંધો કરે છે. તેથી મારે કુટુંબને મદદરૂપ થવું હતું. એટલે મે ચોકલેટ મેકિંગનું નક્કી કયું હાલના સમયમાં ઘરે ચોકલેટ બનાવીને માર્કેટિંગ કરું છું અને માર પરિવારને જરૂરિયાત મુજબ કમાઈને આપું છુ. રેખાબેન ઠાકોર કહે છે, અમારા કુટુબના પાંચ દીકરીઓનો પરિવાર છે. અત્યારે બહારથી ચોકલેટ બનાવવાનાં ઓર્ડર પણ મળી રહે છે. જે કમાણી થાય તેમાંથી ઘર અને અભ્યાસ કરવામાં ખુબજ મદદરૂપ થઈ રહે છે.



# નેઈલ-પોલિશ પણ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક બની શકે છે

બધા જ જાણે કે નખની સુંદરતા આપણા સ્વાસ્થ્યનું પ્રતીક છે. તેમ છતાં મોટા ભાગના લોકો પોતાના નખ પ્રત્યે જ સૌથી વધુ બેદરકાર હોય છે. એમાંય સ્ત્રીઓની સૌથી ખરાબ આદત એ હોય છે કે તેઓ નખની સમસ્યા છુપાવવા એના પર નેઈલ-પૉલીશના થરના થર લગાડી દે છે, પરંતુ નખની ઘણીબધી સમસ્યા આ નેઈલપૉલીશને કારણે જ તો ઊભી થતી નથીંનેઆ બાબતનો ક્યારેય વિચાર કર્યો છે તો આવો આજે એક્સપર્ટ પાસેથી જરા સમજવાનો પ્રયત્ન કરી જોઈએ કે જે નેઈલ-પૉલીશ મહિલાઓ આટલી ચીવટપૂર્વક વાપરતી જોના મળે છે એ જ તેના સ્વાસ્થ્યને કેવા-કેવા પ્રકારનું નુકસાન પહોંચાડે છે. ખરેખર નુકસાન પહોંચાડે આ સવાલનો જવાબ આપતાં મુલુંડના કન્સલ્ટિંગ ડર્મેટોલૉજિસ્ટ ડૉ.માધુરી અગરવાલ કહે છે,'દરેક નેઈલ-પૉલીશ સ્વાભાવિક રીતે ઘણાં બધાં કેમિકલ્સના સંયોજનમાંથી બનેલી હોય છે. આમાં ફૉર્મલ્ડીહાઈડ, થેલેટસ તથા ટોલ્યુઈન જેવાં કેમિકલ્સ તો સ્વાસ્થ માટે ખૂબ જ હાનિકારક હોય છે. જ્યાૅ એક બાજુ આ કેમિકલ્સ નખને રુક્ષ બનાવી એને નબળા પાડે છેત્યાં જ બીજી બાજુ આ કેમિકલ્સ ત્વચામાં પણ સરળતાથી ઍબ્સૉર્બ થઈ જતા હોવાથી એમાં ફંગલ અને બૅક્ટેરિયલ ઈન્ફેક્શન ઉપરાંત વાઈરલ વૉર્ટ ઈન્ફેક્શન (મસા)ની સમસ્યા ઊભી કરે છે. એ સિવાય નખ પરથી ઊખડીને આ કેમિકલ્સ આંખ, નાક, કાન કે ખાતી વખતે ગળામાં ઊતરી જાય તો જાતજાતના ઍલર્જિક રીઍક્શનનું કારણ પણ બની શકે છે. એથી નેઈલ-પૉલીશની પસંદગી ધ્યાનપૂર્વક કરવી અત્યંત આવશ્યક છે.પસંદગી વખતે શું ધ્યાન રાખવું માર્કેટમાં નેઈલ-પૉલિશ ખરીદવા જાઓ ત્યારે એમાં ઉપરોક્ત કેમિકલ્સ ન હોય એનું ખાસ ધ્યાન રાખવું. અલબત્ત, હજી પણ આપણે ત્યાં મોટા ભાગની કંપનીઓ પોતાની નેઈલ-પૉલિશની બાટલીઓ પર એમાં વાપરવામાં આવેલા કેમિકલ્સની વિગતવાર માહિતી આપતી નથી. એમ છતાં નામાંકિત કંપનીઓ પોતાની પ્રોડક્ટમાં આવાં હાનિકારક ક એવો ભરોસો રાખી શકાય ખરો. આ વિશ્વાસ જાળવી રાખવા પાછળનું કારણ સમજાવતાં ડૉ. માધુરી કહે છે,'તમામ નામાંકિત કંપનીઓએ પોતાની પ્રોડક્ટ અમેરિકાના ફૂડ ઍન્ડ ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન પાસેથી અપ્રૂવ કરાવવી પડે છે. આ સેસ્થાનાં ધારાધોરણો અત્યંત કડક હોવાથી એના દ્વારા અપ્રૂવ થયેલી પ્રોડક્ટ સ્વાથ્યનો નુકસાન તો નહીં જ પહોંચાડે એની ખાતરી ચોક્કસ રાખી શકાય. વળી પાસે અપ્રૂવલ મેળવવા હવેની દરેક સારી કંપની નેઈલ-પૉલીશની બનાવટમાં ઉપરોક્ત કેમિકલ્સના સ્થાને નૅચરલ ડાઈ, ક્રોમિયમ તથા આયર્ન ઑક્સાઈડનો ઉપયોગ કરવાં માંડી છેઃ જે શરીર માટે કોઈ પણ રીતે હાનિકારક નથી એ સિદ્ધ થઈ ચૂક્યુ છે. એટલે ભલે થોડા પૈસા વધુ ખર્ચવા પડે, પરંતુ જ્યારે પણ ખરીદો ત્યારે સારી કંપનીનીનેઈલ-પૉલિશ ખરીદવાનોજ આગ્રહ રાખવો વધુ હિતીવહ છે.' નેઈલ-પૉલિશ કેવી રીતે લગાડવી નવાઈની વાત તો એ છે કે માત્ર નિયમિત ધોરણે નેઈલ પેઈન્ટ કરનારી મહિલાઓ જ નહીં, પરંતુ સારામાં સારા પાર્લર કે સ્પાના પ્રોફેશનલ્સ પણ નેઈલ-પૉલિશ લગાડવાની સાચી રીત અનુસરતા નથી. અહીં ડૉ.માધુરી પૉલિશ લગાડતાં પહેલાં નખ પર ટ્રાન્સપરન્ટ કલરનો બેઝકોટ લગાડવો આવશ્યક છે. આ બેઝ કોટ લગાડવાથી નેઈલ-પૉલિશ સીધી નખના સંપર્કમાં આવતી નથી અને એમાં રહેલા કોઈ પણ કેમિકલ્સ નખને નુકસાન પહોંચાડી શકતા નથી.



## અણધારી આફતમાંથી છૂટવાના ઉપાય

આપણા રોજિંદા ક્રમમાં નાની નાની સમસ્યાઓ આવ્યા કરે. પણ આ મુશ્કેલીઓ અણીના વખતે બહુ મોટી લાગે. તેમાંય ક્યાંક બહાર ગયા હોઈએ ત્યારે ચંપલ તૂટી જાય કે બટન ઢીલું પડીને તૂટવાની તૈયારીમાં હોય ત્યારે કેવી મુસીબત થાય તે સમજાવવાની જરૂર નથી. પણ આ સમસ્યામાંથી બહાર નીકળવા થોડી કોઠાસુઝ હોવી જોઈએ. જો તમારામાં આવી સુઝબુઝ ન હોય તો આટલુ યાદ રાખો. બહાર જવા છેલ્લી ઘડીએ તૈયાર થઈ રહ્યા હો ત્યારે ધ્યાનમાં આવે કે બટન તો તૂટવાની અણી પર છે. હવે તમારી પાસે સોય-દોરો લઈને બેસવા જેટલો સમય તો છે નહી. પણ ચિતા ન કરો. બટન પર પારદર્શક નેલપોલીશ લગાવી દો. આમ કરવાથી દોરો બટન પર ચોંટી જશે અને બટન પડશે નહી. પાર્ટીમાં જવાનું હોય ત્યારે અચાનક ચહેરા પર ખિલ જોવા મળે તો તમે એકદમ અપસેટ થઈ જાઓ. પરતુ આ પિપલ ઝટપટ દૂર કરવાનો ઉપાય પણ છે. ખિલ પર જરાક ટૂથપેસ્ટ લગાવીને થોડીવાર રહેવા દો. તમારું પીંપલ સંકોચાઈ જશે. કેલામાઈન લોશનથી પણ પિંપલ નીકળવાની પ્રક્રિયા ધીમી પડે છે. ટૂથપેસ્ટ દૂર કર્યા પછી ચહેરાના આ ભાગમાં બરફ ઘસો. તમારા નખ આડોઅવળો તૂટી જાય કે તેની કિનારી ખરબચડી થઈ જાય અને નેલ ફાઈબર હાથવગું ન હોય તો માચીસના બાજુના ભાગથી નખ ઘસો. જોકે માચીસના સાઈડના ભાગથી વધારે પડતું ઘસવાથી નખ લાલ થઈ જવાની ભીતિ રહે છે. તમે પાર્ટીમાં ગયા હો અને તમારા પગરખાની હિલ નીકળી જાય તો ? આવી સ્થિતિમાં ભોંઠા પડવાને બદલે એક જગ્યાએ બેસી જાઓ. આજુબાજુમાંથી હિલ ચોંટાડવાનું ગમ મળે છે કે નહી તેની પૃચ્છા કરો. સૌથી સારો રસ્તો તો એ છે કે હંમેશા તમારી પર્સમાં ક્વિક ફિકસરની નાની ટયુબ રાખો. ખાસ કરીને સ્ત્રીઓ પોતાની પાસે બહાર જવાનું ન મુડ હોય તો તેની પાસે એઠળક બાના શોધીને રાખતા હોય છે.

# પાતળા દેખાવાનો ક્રેઝ

સેક્સી શબ્દ જાતીય ભેદભાવ દર્શાવે છે. નારીવાદીઓ તેનો વિરોધ કરે છે, પણ મોટાભાગની નારીને સેક્સી દેખાવાનો ક્રેઝ છે. વોટ્સ અમ અને ફેસબુક પર નવા વર્ષના રિઝોલ્યુશન દેખીતી રીતે ગમે તે હોય, પણ આંતરમનમાં દરેક મહિલાને વધુ સુંદર દેખાવું છે. કેટલાકને પાતળા થવું છે. તો કેટલાકને વજન વધારવું છે. કોઈને ગોરા થવું છે. તો કોઈને કેટરીના કૈફ જેવું શરીર જોઈએ છે. પોતાના દેખાવ માટે આટલો ક્રેઝ કેમ હોયછે. સ્ત્રીઓને ?

આજે વિશ્વભરમાં દરેક ક્ષેત્રે સ્ત્રીઓ આગળ વધી રહી હોવા છતાં દેખાવ અંગે તેમને સતત લઘુતાગ્રંથિ અનુભવાય છે. દરેક સ્ત્રી મેગેઝિનમાં છપાતા ફોટામાં દેખાતી ગ્લેમરસ મોડલ જેવો દેખાવાની ઈચ્છા ધરાવતી હોય છે મોટે ભાગે સેક્સી દેખાવું કે સારા દેખાવાની વ્યાખ્યામાં વજન ઉતારવાની વાત જ હોય છે. દરેક સ્ત્રી પોતાનું વજન વધારે હોવા સામે વાંધો હોય છે. ખરીદી કરતી વખતે પણ સ્ત્રીઓ સૌથી પહેલાં વિચારે છે. કે આ ડ્રેસમાં હુ વધારે જાડી તો નહી દેખાઉને ? ચંપલની ખરીદી કરે ત્યારે અરીસામાં પગ જોતા પહેલા વાળની લટ સરખી કર્યા બાદ આગળ પાછળથી પહેલા પોતાના આખા શરીરને જોશે. શોપિંગ મોલના ચારે તરફ લગાવેલા આયનામા પોતાને જોઈને પહેલાં જીવ બાળશે. ગમે તેટલા ઊંચા પદ -પોઝિશન પર તે સ્ત્રી કામ કરતી હશે, પણ તેને પોતાના દેખાવ અંગે કશોક વસવસો હશે જ. એટલે જ તો આટલા બધા કોસ્મેટિક્સ અને કરચલીઓ દુર કરવાના ક્રીમ વેચાય છે. સ્ત્રીઓ પોતાનાદેખાવ માટે જેટલી સભાન હોય છે તેટલી જ ત ા અસલામતી અનુભવતી હોય છે. ૧૬ વર્ષથી લઈને ૬૦ વર્ષની દરેક સ્ત્રીને પોતાના દેખાવ અંગે અસંતોષ હોય જ છે એવું સાબિત થયું છે. ગમે તેટલી બુધ્ધિશાળી કે હોશિયાલ સ્ત્રી હશે તેનેય ડિઝાઈનર ડ્રેસમાં પોતે સારી દેખાવ માટે સતત શંકાશીલ અને અસલામતી અનુભવતી હોવાને કારણે જ સ્ત્રી જોઈએ તેટલી પ્રગતિ કરી નથી શકતી એવું સંશોધનકારોનું માનવું છે. જાહેરાતોમાં અને ફિલ્મોમાં દેખાતી હિરોઈનો પણ પોતાના દેખાવને બદલવાનો સતત પ્રયત્ન કરતી હોય છે. હાલમાં જ અનુષ્કા શર્માએ હોઠ અને નાકની સર્જરી કરાવી, તો માધુરીથી લઈને સોનમ કપૂર સુધીની દરેક હિરોઈન પોતાના દેખાવ માટે નાની મોટી સર્જરી કરાવી છે. અથવા સતત પરિશ્રણ કરી વજન ઉતારે છે. અબજો રૂપિયાની કોસ્મેટિક્સ ઈન્ડસ્ટ્રી સ્ત્રીઓન કારમે ચાલેછે. અને આપણી વિચારધારા ઉપર પણ તેમનું આક્રમણ હોય છે. બીજાના અભિપ્રાય પર જીવવા ટેવાયેલા આપણે બીજાઓ શું વિચારશે કે હું બીજા સામે કેવી દેખાઈશ ? તેને માટે ચિંતા કરતાં હોઈએ છીએ. આપણે બજારમાં મળતી દરેક પ્રોડક્ટમાં ફિટ થવાનો પ્રયત્ન કરીએ છીએ. કારણ કે એ પ્રોડક્ટને લીધે જ આપણે આકર્ષક દેખાઈશું એવી માન્યતા હોય છે. દિવસે દિવસે આ ક્રેઝ-ગાંડપણ વધી રહ્યું હોય તેવું જાહેરાતો જોતા લાગે છે. આપણી વિચારશક્તિ બીજાના અભિપ્રાય પર નિર્ભર કેમ હોઈ શકે? દુન્યવી બીબાંમાં જાતને ઢાળવાનું બંધ કરી આપણા બીબામાં દુનિયાને ઢાળવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. જરા વિચારો, તમે આ વર્ષની શરૂઆતમાં વજન ઉતારવાનું નક્કી કરતી અનેક નારીને સાંભળી છે ને ? પૈસા હોય તો કેટલીક સ્ત્રીઓ કોસ્મેટિક્સ સર્જરી કરાવશે. તેની કલ્પના કરવી સહેલી છે. સામે કેટલા પુરુષોને સાંભળીએ છીએ કે તેઓ કમરનો ઘેરાવો આ વર્ષે ઘટાડવા માગે છે. નવા વર્ષના રિઝોલ્યુશન-દિવાળી બાદ હોય કે જાન્યુઆરીમાં, સ્ત્રીઓનું પ્રથમ ધ્યાન દેખાવ સુધારવામાં જ હોયછે. કપડાંની ખરીદી પણ તે એટલે જ વધારે કરે છે. લેટેસ્ટ કટ અને લેટેસ્ટ ઘડામણના દાગીના, બીજા શુ પહેરે છે. અને આપણી સામે શું નથી તે વિચારીને ચિતિત થતી, તાણ અનુભવતી સ્ત્રીઓ આપણી આસપાસ આસાનીથી મળી જશે. કેટલા લેખકોએ નવા પુસ્તક લખ્યાં અને કેટલા વાંચ્યાં ? બીજા કરતાં પુસ્તકોની ખરીદી વધારે કરી કે નહીં ? તે બાબતે આપણે ક્યારેય કેમ ચર્ચા કે ચિંતા નથી. કરતાં, બાહ્ય સૌંદર્યની સડાસાડસી કરતાં આંતરિક સમૃધ્ધિ માટે પ્રયત્ન કરવાનો વિચાર આ વર્ષે અમલમાં મુકવાનો કરી શકાય. જો આજની નારી સૌંદર્યપ્રસાધનો, ઘરેણા કે કપડાં પાછળ વપરાતા રૂપિયાનું રોકાણ શિક્ષણ માટે કરે, તો બાહ્ય દેખાવ કે અન્યના ગમાઅણગમા પર એ નિર્ભર નહી રહે.



# હાથી, વહેતું લોહી અને કરોળિયાના જાળામાં રહેલાં કુદરતનાં રહસ્યો

કવિ કરસનદાસ માણેકે કહ્યું કે, ''કામધેનુને મળે ના એક સુકું તણખલું, ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.'' આજની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ વિશે આટલું સચોટ બયાન આટલા ઓછા શબ્દોમાં એક સિધ્ધહસ્ત કવિ જ કરી શકે. આખલાઓ અને બીજા જંગલી જાનવરો સામે પાકનું રક્ષણ કરવું તે દરેક ખેડૂતના માથાનો દુઃખાવો છે. પક્ષીઓથી બચાવવા ચાડિયા ઉભા કરાય અને જાનવરોને દૂર રાખવા કાંટાળા થોરની વાડ કરવી પડે. આ તો થઈ આપણા દેશની વાત. આફ્રિકાના કેન્યા અને યુગાંડામાં આ ઉપદ્રવ અલગ પ્રકારનો છે. ખેડૂતોએ પોતાના પાકનો અને ઘરનો બચાવ હાથીના ઝુંડ સામે કરવાનો છે. આફ્રિકાના દેશોમાં હાથી માત્ર પ્રાણીબાગ કે નેશનલ પાર્કમાં જ નથી. હાથીના ઝુંડના ઝુંડ નિરંકુશ ફરતાં રહે છે અને પોતાના ભોજન માટે ખેતર કે જાડી જે ઘાએ ચડે તેને સફાચટ કરી જાય. આવા કદાવર પ્રાણીનો પ્રતિકાર પણ કેમ કરવો ? એકરો ખેતર સાફ કરી નાખે. આવા હાથીના ધણથી બચવા ખેડૂતો બંદૂક વાપરે, ભાલા વાપરે અને ઝેર આપીને મારી પણ નાખે. આ રીતે સેંકડો હાથીઓની દર વર્ષે કતલ થાય છે. હાથીઓની આવી કતલ અટકાવવા અને સાથે સાથે ખેડૂતોના પાકને નષ્ટ થતો બચાવવા ''સેવ ધ એલિફન્ટ'' નામની સેવાભાવી સંસ્થાએ વૈજ્ઞાનિક સંશોધનની મદદ લીધી. ઓકસફર્ડ યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્રી કિટઝ વોલરથે પોતાના સંશોધન દરમિયાન જોયું હતું કે જે વૃક્ષો પર મધપૂડા હોય છે તે વૃક્ષોથી હાથી દૂર રહે છે. નવાઈ લાગે કે ગંજાવર હાથી મધમાખીથી ડરે? મધમાખી હાથીની જાડી ચામડીની આરપાર ડંખ પણ ન મારી શકે. પરંતુ આ મધમાખીઓ હાથીની સુંઢની અંદર અને આંખ પર ત્રાટકે અને આ ડંખ હાથીની ખો ભૂલાવી દે.

આ સંશોધનનો આધાર લઈ ''સેવ ધ એલિફન્ટ'' સંસ્થાએ કેન્યાના એક વિસ્તારમાં ખેડૂતો સાથે હાથ મિલાવ્યા. ખેતરની વાડ પર થોડાં થોડાં અંતરે નાનકડી છાપરી બનાવી તેના નીચે મધપૂડા ઉછેર્યા જે ખેતરોમાં આવી વાડ હતી ત્યાં હાથી ફરકર્યા સુધ્ધાં નહી પરંતુ તેમણે આજુબાજુના મધપુડા વગરની વાડવાળા ખેતરોનો સફાયો કરી નાખ્યો. મધમાખીનો ગણગણાટ અને મધપૂડાની વા સતેમને દૂર રાખવા પૂરતા હતા. જો ખેડૂતો બહોળા પ્રમાણમાં આ કુદરતી પ્રતિરોધક અપનાવે તો તેમના પાક બચી જાય સાથે-સાથે હાથીઓ પણ સંહારનો ભોગ ન બને. આવા હાથીઓના ભોજન માટે આફ્રિકાના જંગલો પૂરતો આહાર પૂરો પાડે છે પરંતુ માણસે મહેનત કરી ઉભા કરેલા પાકને હાથીમુખે જતાં અટકાવી શકાશે. કુદરતની મદદથી હાથી અને મનુષ્ય બન્નેનો સ્વાર્થ સચવાશે. લોહીની ગાંઠ ઘા વાગ્યો હોય અને લોહી નીકળતું બંધ જ થાય તો? લોહીના વધુ પડતા વહી જવાથી મૃત્યુ પણ નિપજે. પરતુ આ વધુ પડતું વહી જવું એટલે શું? ઘામાંથી જયારે લોહી વડે ત્યારે હવાના સંસગર્મા આવતા તે ધીમે ધીમે જામવા માંડે છે એન પછી એક એવું પડ રચાય કે જે લોહીના આ વહાવને થંભાવી દે. જેમ લોહીનું વહેવું આપણા શરીરની પ્રક્રિયા માટે અતિ મહત્વનું છે તેમ આવા પ્રસંગે લોહીનું વહેણ અટકે તે પણ એટલું જ જરૂરી છે. જેમ લોહી બંધાયા વગર વહેતું રહે તો જીવનું જોખમ તેમ જ જો લોહી શરીરમાં અકારણ બંધાવા માંડે તો થ્રોમ્બોસિસનો ડર રહે જેને કારણે પક્ષાઘાતનો હુમલો આવી શકે કે પછી હેમરેખ થાય, હદયરોગનો હુમલો થાય કે મૃત્યુ પણ નીપજે. કુદરતે આ બંને જોખમોની સામે સંરક્ષણ મળે તેવી સગવડ કરી છે. ઘામાંથી લોહી નિરંતર વહેતું ન રહે તેની અને શરીરમાં લોહી બંધાવા ન માંડે તેની અને આ કાર્ય થાય છે વોન વિલેબ્રાન્ડ ફેકટર નામના પ્રો ટી ના ની મદદથી. આ પ્રોટીનનું કાર્ય છે લોહીના વહેવા પર અને ગંઠાવા પર નિયંત્રણ રાખવાનું વોન વિલેબ્રાન્ડ ફેકટર પ્રોટીનના કણની સપાટી પર એક અણુ જેવડુ નાનકડું સેન્સર હોય છે જે લોહીની પરિસ્થિતિનો બરાબર તાગ રાખે છે. ઘામાંથી વહેતા લોહીને અટકાવવાની પ્રક્રિયા (જેને હિમોસ્ટેટિસ કહે છે) તે અટપટી છે. કેટલા પ્રમાણમાં અને કેટલી ઝડપે લોહી બંધાય અને વહેતું અટકે તે નકકી કરવાનું કામ આ વોન વિલેબ્રાન્ડ ફેકટર પ્રોટીન કરે છે. આ સાથે સાથે ખોટા સ્થળે અને ખોટા સમયે લોહી બંધાય નહી તે જોવાની જવાબદારી પણ વોન વિલેબ્રાન્ડ ફેકટરની છે. આ સંશોધન ક્રાંતિકારી છે. અત્યાર સુધી લોહીના વધુ પડતા વહેવા સામે કે શરીરમાં ગંઠાઈ જવા સામે અકસીર ઉપાયો નથી મળ્યા જે દવાઓ અત્યારે ઉપલબ્ધ છે તેની અસરકારકતા મર્યાદિત છે. આ સંશોધન દ્વા રા લોહીના વહેવા અને બંધાવાની પ્રક્રિયા વિશે અ ગ ત્ય ની જાણકારી મળી છે. વોન વિલેબ્રાન્ડ ફેકટર પ્રોટીન જો પૂરતા પ્રમાણમાં ન હોય કે પછી અયોગ્ય રીતે વર્તવુ હોય તો શું ઉપાય કરી શકાય તે આ સંશોધનનો મુખ્ય હેતુ છે અનેઆ વી પરિસ્થિતિનો સામનો કરી જીવનને બચાવાવની શકયતા અનેક ગણી વધી જાય છે. આપણા જીવન માટે લોહીનું યોગ્ય રીતે વહેતા રહેવું અને યોગ્ય સમયે બરાબર ગંઠાવું બંને અતિ મહત્વના છે અને આ પ્રક્રિયાઓ વિશે વધુ જાણકારી મેળવી શરીર સામેના ખતરાનો વ્યવસ્થિત પ્રતિકાર કરવાનું કામ સહેલું થશે. આપણા જ શરીરની અજાયબીઓની જાણ આપણા જીવનને વધુ સક્ષમ અને સુરક્ષિત કરશે.

તંત્રી લેખ...-

ગુરૂવાર, તા. ૨૮ ઓગષ્ટ ૨૦૨૫

## કચ્છના પચ્છમે સૂરજ ઊગ્યો...વિકાસનો

જ્યાં સૂર્યાસ્તના અંતિમ કિરણો રેલાય છે એ ભારતના પશ્ચિમ છેવાડાના વિસ્તારમાં ક્ષિતિજ પર સર્વાંગી વિકાસની લાલીમા દેખાઇ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કચ્છના કાંઠાળ ક્ષેત્રને નવી રેલવે લાઇનથી સાંકળી લેવાનો નિર્ણય લેવાતાં સીમાવર્તી વિસ્તારમાં આનંદ ફેલાયો છે. કેબિનેટની બેઠકમાં દેશની ચાર નવી રેલવે લાઇનને મંજૂરી અપાઇ એ પૈકી દેશલપર, હાજીપીર, લુણા, વાયોર અને લખપતને સાંકળતા પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂા. ૨૫૨૬ કરોડ ખર્ચ થશે. ૧૪૫ કિલોમીટરની લંબાઈની નવી રેલવે લાઇનથી પશ્ચિમ કચ્છનું નસીબ પલટી જશે. ત્રણ વર્ષમાં સાકાર થનારા સૂર્યા પ્રોજેક્ટ સાથે કચ્છના ૩૬૦ ડિગ્રી - સર્વાંગી વિકાસનું સપનું સાકાર થશે. અહીં એ નોંધનીય છે કે, કેન્દ્ર અને ગુજરાતની ડબલ એન્જિન સરકાર ગજબના તાલમેલ સાથે સક્રિય છે. કચ્છમાં બે વર્ષમાં રેલવે લાઇનનાં કામોમાં ગતિ આવી છે. અબડાસા (નલિયા) સુધી બ્રોડગેજ લાઇન પથરાઇ ગઇ છે. હવે રેલવે પાટાનો પથારો વાયોરથી નારાયણ સરોવર સુધી લંબાશે. ત્યાંથી નાની બન્નીના લુણા, હાજીપીર, દેશલપરને પણ આવરી લેવાશે. મોદી સરકારનો આ નિર્ણય ગેમચેન્જર બનશે. કચ્છમાં ખનિજ આધારિત ઉદ્યોગો અને મીઠાના ઉદ્યોગને ભારે વેગ મળશે. ૨૦૦૧ના ધરતીકંપ પછી કચ્છનો ઔદ્યોગિક વિકાસ થયો તેનો ઘણોખરો લાભ પૂર્વ કચ્છ અને મુંદરાને મળ્યો છે. બબ્બે મહાબંદર તેનું મુખ્ય કારણ. પશ્ચિમ કચ્છ ખનિજસમૃદ્ધ છે, સાથે ઐતિહાસિક સ્થળો અને પૌરાણિક યાત્રાધામોને લીધે પ્રવાસનનુંય આકર્ષણ બનવાની ક્ષમતા ધરાવે છે. અહી ત્રણથી ચાર વિશાળ સિમેન્ટ પ્લાન્ટ સ્થાપિત થઇ રહ્યા છે. રેલવે માળખું વિસ્તરતાં આ ભારોભાર ક્ષમતા ઊગી નીકળશે એમ કહી શકાય. રણ પ્રવાસન અને ધોળાવીરાના ટૂરિઝમને પણ વેગ મળવાની સંભાવના જાગી છે. આ પ્રોજેક્ટનું વ્યૂહાત્મક મહત્ત્વ એ છે કે, તે કચ્છના રણને કનેક્ટિવિટી પ્રદાન કરશે. હડપ્પા સ્થળ ધોળાવીરા, કોટેશ્વર મંદિર, નારાયણ સરોવર અને લખપત કિલ્લો પણ રેલ નેટવર્ક હેઠળ આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત નવા રેલવે સ્ટેશન બનશે અને સરહદી કચ્છના પ્રવાસન સ્થળો રેલવે સાથે જોડાશે, તેના થકી અપાર ક્ષમતા ધરાવતા કચ્છના પ્રવાસનને વેગ મળશે. આ પ્રોજેક્ટ્સ પીએમ-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન પર આધારિત છે, જેમાં સંકલિત આયોજન અને હિસ્સેદારોના પરામર્શ દ્વારા મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ થકી ભારતીય રેલવેનાં હાલનાં નેટવર્કમાં લગભગ ૫૬૫ કિલોમીટરનો વધારો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છ રેલવે મારફત માલ પરિવહનમાં અગ્રેસર છે. હાલ પશ્ચિમ રેલવેના કુલ માલ પરિવહનમાં કચ્છ એરિયનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે, ત્યારે કચ્છના રણને રેલવે કનેક્ટિવિટી સાથે જોડવામાં આવ્યા બાદ કોલસો, સિમેન્ટ, ક્લિકર, ફ્લાયએશ, સ્ટીલ, કન્ટેનર, ખાતરો, કૃષિ ચીજવસ્તુઓ અને પેટ્રોલિયમ ઉત્પાદનો વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે આ આવશ્યક માર્ગો છે અને માલ પરિવહનમાં કચ્છનું યોગદાન ઓર બમણું થશે. અત્રે નોંધનીય છે કે, હાજીપીર, લખપત, કોટેશ્વર, ધોળાવીરા સહિતના વિસ્તારોને રેલવે સાથે જોડવા માટે લાંબા સમયથી સર્વે સહિતનાં કાર્યો આરંભાયાં હતાં. તાજેતરમાં નલિયા રેલવે સુધી સંકળાઈ ગયું અને પ્રવાસી ટ્રેન દોડે તેવા દિવસો નજીક છે, ત્યારે હવે આ નવા પ્રકલ્પથી કચ્છના વિકાસ બૂલેટ ગતિએ આગળ વધશે તેમાં શંકાને સ્થાન નથી. જો જે આ લાઇન ક્યાંથી ક્યાં સુધી નાખશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી, પણ સંભવિત ઘડુલી સાંતલપુર સમાંતર લાઇન નખાય તેવો અંદાજ છે.

## ગુજરાતની ધરતી પરથી વડાપ્રધાનનો સધિયારો

બે દિવસનો ગુજરાત પ્રવાસ પૂર્ણ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી પરત ગયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ ટેરરનો ખોફ અર્થતંત્રને, આર્થિક નિષ્ણાતોને અને દેશને છે તે વેળાએ જ અહીથી વડાપ્રધાને સ્વદેશીનો નારો બુલંદ કરીને અમેરિકાને ઉત્તર આપ્યો છે. ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લાની રાંગ ઉપરથી આપેલા વક્તવ્યનું વિસ્તરણ તેમણે અમદાવાદના નિકોલ ખાતેના પ્રવચનમાં કર્યું. ખેડૂતો, પશુપાલકોનું હિત સર્વોપરી રહેશે, તેવી ખાતરી વડાપ્રધાને આપી છે. અમેરિકાએ એક દિવસ વહેલો ટેરિફ અમલી બનાવીને પોતાની માનસિકતા છતી કરી છે. સામે ભારતે પણ આર્થિક મોરચે પોતાની રણનીતિઓ માટે જોરશોરથી તૈયારી કરી છે. વડાપ્રધાને ગુજરાતમાં પ્રવાસના બીજા દિવસે હાંસલપુર ખાતે મારુતિ સુઝુકીના ઇ-વાહન અને લિથિયમ આયન બેટરીના ઉત્પાદનનો પ્રારંભ કરાવ્યો. તેમણે આ મહાકાય પ્લાન્ટને મેક ઇન ઇન્ડિયાની સફળતા લેખાવતાં 'સ્વદેશી'ની હિમાયત કરી. આ રીતે એક પછી એક પ્રગતિશીલ કદમ દ્વારા મોદીએ દુનિયાને-વિશેષ તો અમેરિકાને સંકેત આપ્યો છે કે, ભારત પોતાના શક્તિ-સામર્થ્ય પર વિશ્વાસ મૂકવામાં માને છે. નિઃસંદેહ ૫૦ ટકા ટેરિફ ભારતના વેપાર-ઉદ્યોગ જગત માટે ગંભીર ફટકા સમાન છે, પણ વડાપ્રધાન અને તેમની ટીમે વૈકલ્પિક માર્ગો ચકાસવાનું શરૂ કરી દીધું છે. ટેરિફ પણ એક પ્રકારે તો વિદેશી તાકાત સામેની લડાઈ છે. ફક્ત સરકાર કે પ્રશાસન નહીં સમગ્ર દેશની પ્રજાનો સહયોગ, જાગૃતિની અહીં જરૂર પડશે. ગુજરાત આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ દિવસે, સોમવારે કહ્યું કે, દેશના કિસાનો, પશુપાલકો અને નાના ઉદ્યોગોના હિતને નુકસાન નહીં થવા દઈએ. ગુજરાતને કુલ ૫૪૭૭ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પો આપવાની સાથે તેમણે કરેલું આ ઉદ્બોધન અત્યંત અગત્યનું હતું. તેમણે કહ્યું કે, વેપારીઓએ પોતાની દુકાનો ઉપર બોર્ડ લગાડવા જોઈએ કે, હું આપણા દેશમાં બનતી વસ્તુઓનું જ વેચાણ કરીશ. વડાપ્રધાનના રોડ શો વખતે વિદ્યાર્થિનીઓ પણ સ્વદેશીના પાટિયાં લઈને ઊભી હતી. એક પ્રકારે જોઈએ તો સ્વદેશી જાગરણનો આરંભ સત્તાવાર રીતે વડાપ્રધાને ગુજરાતથી કરાવ્યો તેમ કહી શકાય. તેમણે કહ્યું કે, આ ચક્રધારી મોહનની પણ ભૂમિ છે અને ચરખાધારી મોહનની પણ. કૃષ્ણ ભગવાન અને ગાંધીજીને તેમણે યાદ કર્યા સાથે જ સ્વદેશીનો મહિમા ગાયો. દેશ આ બંનેના બતાવેલા રસ્તા ઉપર ચાલી રહ્યો છે. ૧૯૨૦ની આસપાસ ગાંધીજીએ અસહકાર આંદોલન શરૂ કર્યું અને વિદેશી વસ્તુઓની હોળી કરવા આહ્વાન કર્યું હતું. વકતવ્યમાં વડાપ્રધાને કોંગ્રેસ ઉપર પણ આપણી પ્રજાને અન્ય દેશો ઉપર અવલંબિત રાખી હોવાના ગંભીર આરોપ મૂક્યા હતા. તેમણે કહ્યું કે, આપણા ખેડૂતો, માછીમારો પશુપાલકોના પરિશ્રમ થકી આપણે આત્મનિર્ભરતાથી આગળ વધી રહ્યા છીએ. વેપારીઓને તેમણે દેશને આગળ વધારવામાં યોગદાન આપવા અનુરોધ કર્યો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઈંધણ-ક્રૂડની સ્થિતિ બહુ જલ્દી સમસ્યામાં તબદિલ થવાની શક્યતા અત્યંત છે. આ સ્થિતિમાં ઈ-વાહનોનું ચલણ વધી રહ્યું છે, ત્યારે ગુજરાતમાં તેમણે મંગળવારે હાંસલપુરમાં સુઝુકીના પ્રથમ વૈશ્વિક વ્યૂહાત્મક બેટરી ઈલેક્ટ્રિક વાહનનું ઉદ્ઘાટન કર્યું તે પણ મેક ઈન ઈન્ડિયા ક્ષેત્રે મોટી સફળતા છે. વડાપ્રધાનનો ગુજરાત પ્રવાસ એક રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી સ્થિતિ સામે લડવાની હાકલ કરવાનું નિમિત્ત બની ગયો છે, આને સંયોગ અને સુયોગ બંને કહી શકાય.

### પીયૂષ ગોયલે જયશંકરના જૂઠાણાના એક દિવસ પહેલાં જ કહેલું કે, ભારતે અમેરિકાનો વ્યાપાર અંગે ચર્ચા કરવા સંપર્ક કર્યો છે

# અમેરિકા સાથે ચર્ચા ચાલુ હોય તો ડેલિગેશન કેમ ના આવ્યું?

### જયશંકરે એવો દાવો પણ કર્યો કે, ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર અંગે હજુ પણ વાતચીત ચાલી રહી છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા કમરતોડ ટૅરિફની કોઈ અસર ભારત પર નહીં થાય એવા સરકારી દાવા વચ્ચે પહેલી અસર વર્તાઈ છે અને ભારતે અમેરિકા સાથેની ટપાલ સેવા બંધ કરવી પડી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ૩૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક ફતવો બહાર પાડીને અમેરિકામાં પોસ્ટલ સર્વિસ દ્વારા મોકલવામાં આવતા માલસામાન પરની કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવાનું એલાન કરેલું.

પહેલાં પોસ્ટલ સર્વિસ દ્વારા અમેરિકા મોકલાતા ૮૦૦ ડૉલર એટલે કે લગભગ ૭૦ હજાર રૂપિયા સુધીના માલ પર કોઈ ટૅરિફ નહોતો લાગતો પણ ટ્રમ્પના નવા ફતવા પ્રમાણે, ૨૯ ઑગસ્ટથી ફક્ત ૧૦૦ ડૉલર એટલે કે લગભગ રૂપિયા ૮૭૦૦ સુધીના માલ-સામાનને જ ટૅરિફમાંથી મુક્તિ મળશે જ્યારે બાકીના માલ-સામાન પર ૫૦ ટકા ટૅરિફ લાગુ પડશે. ટ્રમ્પના ફતવાના કારણે ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫થી કાગળ અને દસ્તાવેજો સહિતની તમામ પ્રકારની પોસ્ટલ વસ્તુઓનું બુકિંગ બંધ કરી દેવાયું છે. પોસ્ટલ સર્વિસ મારફતે સામાન્ય રીતે પત્રો, દસ્તાવેજો, ગિફ્ટ આર્ટિક્લ વગેરે મોકલાતા હોય છે. તહેવારો વખતે મીઠાઈનાં બોક્સ, ગિફ્ટ વગેરે પોસ્ટલ સર્વિસ મારફતે મોકલીને અમેરિકામાં રહેતાં સ્વજનો કે મિત્રોને શુભેચ્છા પાઠવી શકાતી હતી. ગુજરાતીઓ તો અથાણાં, ખાખરા સહિતના નાસ્તા પોસ્ટ સર્વિસ મારફતે મોકલતા અને તેનો સારો એવો વ્યાપાર થતો હતો પણ હવે એ બધું નહીં મોકલી શકાય. મહત્તમ ૧૦૦ ડૉલરની વસ્તુ મોકલી શકાય ને તેના પર પણ સામાન્ય પોસ્ટલ ચાર્જ તો લાગવાનો તેથી ઘાટ કરતાં ઘડામણ વધી જાય એવું થઈ ગયું. આ કારણે હવે એકદમ જરૂરી કાગળો કે દસ્તાવેજો સિવાયનું બીજું કશું મોકલી નહીં શકાય. ભારતની સાથે સાથે ઘણા યુરોપિયન દેશોએ પણ અમેરિકા સાથેની ટપાલ સેવાઓ સ્થગિત કરી દીધી છે. ઇટાલી, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, ઑસ્ટ્રિયા સહિતના ઘણા દેશોએ ટપાલ સેવા સ્થગિત કરી કેમ કે ડોનલ્ડ ટ્રમ્પના નવા ટૅરિફ નિયમો હેઠળ યુરોપથી પોસ્ટલ સર્વિસ મારફતે આવતી ચીજો પર પણ ટૅરિફ લાદી દેવાઈ છે. ટ્રમ્પે એલાન તો કરી દીધું પણ નવા નિયમો અંગે સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી તેથી યુરોપિયન યુનિયનના પોસ્ટલ સંગઠન પોસ્ટ યુરોપ અને અન્ય પોસ્ટલ વિભાગોએ પોસ્ટ દ્વારા સામાન મોકલવાની સેવાઓ હાલ પૂરતી બંધ કરી છે. જો કે યુરોપથી જતી ચીજો પર ૧૦ ટકા ટેરિફ છે અને ટ્રમ્પ ગુલાંટ લગાવીને ગમે ત્યારે એ ફતવો પાછો પણ ખેંચી શકે છે તેથી યુરોપ અને અમેરિકાની પોસ્ટલ સેવા પાછી ચાલુ થવાની પૂરી શક્યતા છે પણ ભારત પર ૫૦ ટકા ટૅરિફ છે. આ ટૅરિફનું કોકડું ઉકેલાય નહીં ત્યાં લગી પોસ્ટલ સેવાનું કોકડું પણ નહીં ઉકેલાય એટલે નજીકના ભવિષ્યમાં પોસ્ટલ સેવા ફરી શરૂ થાય એવી આશા રાખવા જેવી નથી. અમેરિકામાં ટેરિફ લાગુ કરવાની અને વસૂલવાની પ્રક્રિયા સ્પષ્ટ નથી તેથી એ સ્પષ્ટતા થાય પછી જ બધું સામાન્ય થાય પણ ટ્રમ્પનો ચડેલો તોબરો જોતાં હમણાં કશું સામાન્ય થાય એવી શક્યતા નથી. કમનસીબી એ છે કે, અમેરિકા આપણી મેથી માર્યા કરે છે ત્યારે આપણી સરકાર હજુય ઓલ ઈઝ વેલની ઘટંડી વગાડ્યા કરે છે. વધારે આઘાતજનત વાત એ કહેવાય કે, સરકાર લોકોને ઉલ્લુ બનાવવા માટે જૂઠાણાં પણ ચલાવી રહી છે. આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે હમણાં જ ડંફાસ મારી છે કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો સાવ સામાન્ય છે અને બંને વચ્ચે કોઈ ઝઘડો નથી.

જયશંકરે એવો દાવો પણ કર્યો કે, ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર અંગે હજુ પણ વાતચીત ચાલી રહી છે. વાસ્તવમાં ટ્રમ્પે ભારત પર વધારાનો ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી ત્યારે જ કહી દીધેલું કે, હવે ભારત સાથે ટ્રેડ ડીલ કરવા માટે કોઈ ચર્ચા કરવામાં નહી આવે. અમેરિકાનું ટ્રેડ ડેલીગેશન ૨૫ ઑગસ્ટે ભારત આવવાનું હતું, પણ અમેરિકાએ આ મુલાકાત રદ કરી દીધી છે. આ ટ્રેડ ડેલીગેશન ૨૯ ઑગસ્ટ સુધી એટલે કે ૫ દિવસ ભારતમાં રહેવાનું હતું, પણ ટ્રમ્પનું ફટક્યું તેમાં આખો કાર્યક્રમ અભરાઈ પર ચડી ગયો છતાં જયશંકર એવી વાતો કર્યા કરે છે કે, અમેરિકા સાથે વ્યાપાર અંગે ચર્ચા ચાલુ છે.

મોદી સરકારના જ વ્યાપાર મંત્રી પીયૂષ ગોયલે જયશંકરના જૂઠાણાના એક દિવસ પહેલાં જ કહેલું કે, ભારતે અમેરિકાનો વ્યાપાર અંગે ચર્ચા કરવા સંપર્ક કર્યો છે અને ભારત-અમેરિકા વચ્ચેના વ્યાપારને લગતા મુદ્દાઓનો બહુ સાવચેતીપૂર્વક ઉકેલ લાવવાના પ્રયત્ન થઈ રહ્યા છે. ગોયલે ક્યાંય એવું નહોતું કહ્યું કે, અમેરિકા સાથે ચર્ચા ચાલુ છે જ્યારે જયશંકર છડેચોક જૂઠું બોલી રહ્યા છે.

જયશંકર સહિતના મંત્રીઓ બીજી પણ એક રેકર્ડ વગાડ્યા કરે છે કે, ભારત પોતાના ખેડૂતો અને દૂધ ઉત્પાદકોના હિતોના ભોગે કશું નહીં કરે. અમેરિકા ભારતનું બજાર પોતાનાં કૃષિ ઉત્પાદનો અને ડરી પ્રોડક્ટ્સ માટે ખોલી દેવાય અને આ ઉત્પાદનો પર કોઈ ટૅરિફ ના લાગે અથવા બહુ સામાન્ય ટેરિફ લાગે એવું ઈચ્છે છે પણ ભારત તેના માટે તૈયાર નથી.

અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો અને ડેરી પ્રોડક્ટ્સ માટે ભારતનું બજાર ખોલી દેવાય તો ભારતના પશુપાલકો અને ખેડૂતોએ રાતા પાણીએ રોવું પડે તેથી આ મુદ્દે કોઈ સમાધાન ના થઈ શકે. મોદી સરકાર પશુપાલકો અને ખેડૂતોનાં હિતોના મુદ્દે કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી એ સારું કહેવાય. મોદી સરકારના આ મક્કમ વલણની ચોક્કસ સરાહના કરવી જોઈએ પણ પશુપાલકો અને ખેડૂતો સિવાયનાં બીજાં લોકોનાં હિતોનું શું ?ભારતથી અમેરિકા મોકલવામાં આવતા માલ પર ૭ ઑગસ્ટથી ૨૫ ટકા ટૅરિફ લાદવામાં આવ્યો તેના કારણે હજાર નિકાસકારોને અસર થઈ છે. ૨૭ ઑગસ્ટથી વધારાનો ૨૫ ટકા ટૅરિફ લાદવામાં આવશે તેથી બીજા હજારો નિકાસકારોને અસર થશે. પહેલાં ભારતીય માલ પર લગભગ દસ ટકા ટૅરિફ લાગતો હતો પણ નવા ટૅરિફને કારણે અમેરિકન બજારમાં ભારતીય માલ મોંઘો થશે તેથી ભારતીય માલને કોઈ હાથ પણ નહીં લગાડે.ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (GTRI)ના કહેવા પ્રમાણે, ટ્રમ્પના ટૅરિફને કારણે યુએસમાં ભારતની નિકાસ ૫૦ ટકા સુધી ઘટી શકે છે. આ ઘટેલી નિકાસના કારણે જેમને ફટકો પડવાનો છે તેમનાં હિતો વિશે પણ સરકારે વિચારવું જોઈએ કે નહીં ? આ નિકાસને બીજા ક્યા દેશો તરફ વાળી શકાય એ વિશે મોદી સરકારના મંત્રીઓ કશું બોલતા નથી કેમ કે તેમની પાસે કોઈ આયોજન નથી તેથી ચર્ચા ચાલુ છે એવાં ઉઠાં ભણાવવાં પડે છે.

### રશિયા પાસે અમેરિકા કરતાં પણ ઘાતક અને જીવલેણ હથિયારો છે. જોકે ચીનની વાત અલગ છે.

# ટ્રમ્પને લીધે ફરી 'હિન્દી-ચીની ભાઈ ભાઈ'!

- ચીન અને ભારતે વેપાર સામેની અડચણો દૂર કરવાનું નક્કી કર્યું છે. વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતા બે દેશ અનેક વેપારના રૂટ શરૂ કરશે. માલ સમુદ્ર વાટે નહીં, પરંતુ બોર્ડર વાટે મોકલવામાં આવશે. નવી દિલ્હી અને બીજિંગ બે દેશ વચ્ચે સીધી ફ્લાઇટ શરૂ કરવા સંમત થયા છે. વાંગને મળ્યા બાદ મોદીએ લખે છે કે ભારત અને ચીન વચ્ચેના સ્થિર અને સકારાત્મક સંબંધ વિશ્વ શાંતિમાં પણ યોગદાન આપશે.

જીયો પોલિટિક્સમાં કોઈ સ્થાયી મિત્ર કે દુશ્મન હોતું નથી. ભારત પર હાલમાં તો એવી પનોતી બેઠી છે કે તેની ડિપ્લોમસીની દરરોજ અગ્નિપરીક્ષા થાય છે. હાલમાં ભારતની સ્થિતિ એવી છે કે એક બાજુ ખડક અને બીજી બાજુ ઊંડા પાણી છે. અમેરિકા અને ચીનના શિંગડા વચ્ચે ભારત ફસાઈ ગયું છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે એવું વાંકુ પડ્યું છે કે એ મોદીનું અપમાન કરવાનો કોઈ મોકો જતા કરતા નથી. ટ્રમ્પે પચાસ ટકા ટૅરિફ લગાડી દીધી છે. ભારત અને અમેરિકા વચ્ચેની વેપારતુલામાં ભારત પ્લસમાં હતું. અમેરિકાને સ્માર્ટફોન, દવા, હીરા તથા સર્વિર્સ સેક્ટરમાં ભારત નિકાસ કરે છે. હવે ભારત માટે અમેરિકામાં નિકાસ કરવી લગભગ અશક્ય બની ગઈ છે. ટ્રમ્પ જાણીબુઝીને ભારતને નીચા પાડવા પાકિસ્તાનને ખોળે બેસાડી રહ્યું છે.બીજી બાજુ, વિસ્તારવાદી ચીન છે. મોદીને પ્રતીતિ થઈ ગઈ છે કે ટ્રમ્પ જેવા મિત્ર હોય તો દુશ્મનની શી જરૂર? મોદી અમેરિકાની ટૅરિફથી થનારા નુકસાનને સરભર કરવા ચીન તરફ ઢળી રહ્યા છે.હાલમાં ચીનના વિદેશ પ્રધાન વાંગ યી ભારતની મુલાકાતે આવી ગયા.. હવે મોદી મહિનાના અંતમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન'ની સમિટમાં ભાગ લેવા જવાના છે. ૨૦૧૮ પછી મોદી પહેલી વાર ચીનની મુલાકાતે જઈ રહ્યા છે ચીન જરા પણ વિશ્વાસ પાત્ર નથી. વેપારતુલામાં પણ ચીનનો હાથ ઘણો ઉપર છે. તાજેતરનાઓપરેશન સિંદૂર' માં ચીને પાકિસ્તાનને સાથ આપ્યો હતો. ભારતીય લશ્કર જનરલના કહેવા મુજબ ભારત પાકિસ્તાન નહીં પરંતુ ચીન સામે લડી રહ્યુ હતું. ચીને પાકિસ્તાનને ઉપગ્રહના ઈનપુટ, હથિયારો અને રણનીતિ એમ દરેકમાં મદદ કરી હતી.હવે ભારત એવી લાચાર અને નિસહાય સ્થિતિમાં મુકાઈ ગયું છે કે તેને અવિશ્વસનીય અને વિસ્તારવાદી ચીનને મસ્કા મારવા પડે છે. ટ્રમ્પને લીધે 'હિન્દી-ચીની ભાઈ ભાઈ'નો નારો ફરી બુલંદ થઈ રહ્યો છે.ચીન સાથે વેપાર વધારવાથી ભારતને ક્યો લાભ થશે.? ભારત અને ચીન બન્ને ખનીજ તેલના મામલામાં પરાવલંબી છે. ભારત અને ચીન વિદેશી રોકાણકારોને સસ્તા લેબરની લાલચ આપે છે. ચીન પ્રોડક્શનમાં અવ્વલ નંબરે પહોંચી ગયું છે. માસ પ્રોડક્શનને લીધે ચીન જેટલો સસ્તો માલ કોઈ આપી શકતું નથી. ચીને તો ભારતને રેર અર્થ મેટલ, ટનલ બોરિંગ મશીન અને ખાતર આપવાનું બંધ કરી દીધું હતું. ચીનના વિદેશ પ્રધાન વાંગની મુલાકાત બાદ આ પ્રતિબંધ ઉઠાવી લેવાની જાહેરાત ભારત તરફથી કરવામાં આવે છે, પરંતુ ચીને હજુ સત્તાવાર જાહેરાત કરી નથી!ચીન સાથે વેપાર કરવામાં મોટો ભય ડમ્પિંગનો છે. ચીન તેના માલ ડમ્પિંગ કરીને ભારતના ઉદ્યોગોને ખતમ કરી શકે. ચીન સાથેના વેપારમાં ભારતે હંમેશાં એ ભૂલ કરી હતી કે તેને ભારતમાં ઉત્પાદનની પરવાનગી આપી નહોતી. ચીને અમેરિકાની મોટી કંપનીઓને ચીનમાં ઉત્પાદન કરવાનું આમંત્રણ આપીને તેની ટેકનોલોજી હસ્તગત કરી લીધી હતી. ભારતે વપરાશકારમાંથી ઉત્પાદક બનવું હોય તો તેને ચીનને ભારતમાં ઉત્પાદન કરવાની છૂટ આપવી પડશે.ભારત ચીન વિરોધી ક્વેડ' અને અમેરિકા વિરોધીબ્રિક્સ' બન્નેનું સભ્ય છે. બાઈડન અમેરિકાના પ્રમુખ હતા ત્યારે પ્રોબ્લેમ નહોતો. ટ્રમ્પે છ મહિના પહેલાં સત્તા સંભાળી ત્યારથી જ બ્રિક્સ' સામેની હલચલ તેજ કરી દીધી. વેપારમાં ડૉલરનો ઉપયોગ બંધ કરવાનીબ્રિક્સ'ની હિલચાલથી ટ્રમ્પ ગુસ્સે ભરાયા હતા. ભારતે તો અમેરિકાને ખાતરી આપી હતી કે તે આવા પ્રસ્તાવનું સમર્થન નહીં કરે. મોદી અમેરિકાની મુલાકાતે ગયા ત્યારે ટ્રમ્પે 'બ્રિક્સ' દેશો પર વધારાની ટેરિફ ઝીંકવાની ધમકી ઉચ્ચારી હતી. ટ્રમ્પ એ સમજતા નથી કે અમેરિકા સુપરપાવર છે એની ના નહી, પરંતુ જગતમાં એ એકલો સુપરપાવર નથી. ટ્રમ્પ રશિયા સાથેના કોલ્ડ વોરને પણ ભૂલી ગયા છે. યુક્રેન સાથે સમાધાન કરવા ટ્રમ્પ હજી પુતિનને મનાવી શક્યા નથી. ઝેલેન્સ્કી સાથે વાતચીત કરવાનું પુતિન બહાના કાઢીને ટાળી રહ્યા છે.ભારત અને રશિયાની મૈત્રી ઘણી જૂની છે. ભારતે ૧૯૭૧માં પાકિસ્તાનના દાંત ખાટા કર્યા એમાં રશિયાનો સતત ટેકો કારણભૂત હતો. ભારતે છેલ્લાં થોડાં વર્ષોમાં રશિયાથી અંતર રાખીને અમેરિકા તરફ વધુ ઢળ્યું હતું.હવે ટ્રમ્પને લીધે ભારતને તેના સમીકરણો ફરી બદલવા પડ્યા છે.. ભારત રશિયાની વધારે નિકટ આવે એની પાસેથી હથિયારો અને તેલ ખરીદે એમાં કોઈ પ્રોબ્લેમ નથી. રશિયા આપણને તેલ ડિસ્કાઉન્ટમાં આપે છેપ રશિયા પાસેથી શસ્ત્રો લેવા પણ લાભદાયક છે, કારણ કે રશિયા ૧૦૦ ટકા ટેક્નોલોજી ટ્રાન્સફર કરવા પણ તૈયાર છે. રશિયા પાસે અમેરિકા કરતાં પણ ઘાતક અને જીવલેણ હથિયારો છે. જોકે ચીનની વાત અલગ છે. સિનારિયો એવો છે કે મોદીને જવું હતું યુએસ, પહોંચી ગયા ચીન!ચીન સામે તો અમેરિકાએ સરેન્ડર કરી નાખ્યું છે. ચીન તો ભારત કરતાં પણ વધારે પેટ્રોલ રશિયા પાસેથી ખરીદે છે એટલું જ નહીં, પરંતુ રશિયાને યુદ્ધમાં બધી રીતે ટેકો આપે છે. ચીનની મદદને લીધે જ રશિયા આજે વિજેતા બની શક્યું છે. ચીનને તો ટ્રમ્પે ત્રણ મહિનાની રાહત આપી છે. અમેરિકાને ખબર છે કે સેમિકન્ડક્ટર અને રેર અર્થ એલિમેન્ટમાં ચીનની મોનોપોલી છે અને ચીન પર ટૅરિફ લગાડવાનો અર્થ પોતાના પગ પર કુહાડી મારવી જેવો હશે.ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં અમેરિકાના કહેવાથી ચીને હોર્મુઝ સામુદ્રધુની બંધ ન કરવા ઈરાનને સમજાવ્યું હતું. આથી જ અમેરિકાએ ચીનને ઈરાન પાસેથી તેલ ખરીદવાની છૂટ આપી છે. ટ્રમ્પમાં એટલી તાકાત નથી કે ચીન આગળ પોતાની મનમાની ચલાવી શકે. ચીન સામેનુ ટ્રેડવોર અમેરિકાને ભારે પડી શકે એમ છે. ચીનનો સસ્તો માલ અમેરિકાને ન મળે તો અમેરિકામાં ફુગાવો વધી જાય અને મોંઘવારીની બૂમરાણ મચી જશે.બીજી તરફ, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો એટલા વણસી ગયા છે કે ભારતની તરફેણ કરનાર ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોલ્ટોનને ત્યાં ટ્રમ્પે દરોડા પડાવ્યા છે. અમેરિકાની સરકારના પ્રધાનો ભારત વિરોધી નિવેદન આપી રહ્યા છે. ભારતે અમેરિકા સાથે હથિયારો ખરીદવાનું મોકૂફ રાખી દીધું છે.

હવે આપણે ચીન સાથેના સંબંધો વિસ્તારતા પહેલાં સાવાચેતી રાખવાની જરૂર છે. ચીનના વિદેશ પ્રધાન ભારતની મુલાકાતે આવ્યા બાદ તરત જ પાકિસ્તાન ગયા. ભારત અત્યાર સુધી ચીન સાથે વેપારનું વિસ્તરણ કરતા પહેલાં સીમા વિવાદ નિવેડો લાવવાની વાત કરતું હતું, પરંતુ હવે ભારતે આ વાતને કોરે મૂકી દીધી છે.

### ખરીદદારોને પ્રત્યક્ષ લાભો લાંબા ગાળાની માગને આગળ ધપાવશે. તેઓ માને છે.

# જો બિલ્ડર્સ બાજી ના બગાડે પતો ઘર સસ્તાં થશો!

### લક્ઝરી વસ્તુઓ તથા તમાકુ, સિગારેટ અને આલ્કોહોલ જેવી સીન ગૂડ્સની શ્રેણીમાં આવતી જણસો પર ૪૦ ટકાનો વિશેષ કર વસૂલ કરવામાં આવે એવો પણ પ્રસ્તાવ છે.

આપણે આ સ્થળે પાછલા અંકમાં જીએસટીના સૂચિત ફેરફારને કારણે ખાસ કરીને વ્હાઇટ ગુડ્સ ઇન્ડસ્ટ્રી પર કેવી અસર થશે એની ચર્ચા કરી હતી. આજે રિઅલ્ટી સેકટર પર કેવી અસર થઇ શકે છે એની વાત કરીએ. સરકારે દેશમાં જીએસટી સિસ્ટમને સરળ બનાવવા માટે ઘણાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. હવે સરકાર ઇચ્છે છે કે મોટાભાગની ચીજવસ્તુઓ માટે જીએસટીના બે જ સ્લેબ, પાંચ ટકા અને ૧૮ ટકા હોવા જોઈએ. લક્ઝરી વસ્તુઓ તથા તમાકુ, સિગારેટ અને આલ્કોહોલ જેવી સીન ગૂડ્સની શ્રેણીમાં આવતી જણસો પર ૪૦ ટકાનો વિશેષ કર વસૂલ કરવામાં આવે એવો પણ પ્રસ્તાવ છે.સરકાર આ નવું કર માળખું દિવાળી સુધીમાં લાગુ કરવાની તજવીજમાં હોવાનું સંભળાઇ રહ્યું છે. સપ્ટેમ્બરના પહેલા સપ્તાહને અંતે નિર્ણય જાહેર થવાની અપેક્ષા છે. એક રીતે જોઇએ તો સરકારનો કદાચ આ એવો પહેલો નિર્ણય છે કે જેમાં ઉત્પાદક, વિક્રેતા અને ગ્રાહક ત્રણે વર્ગને સમયાંતરે લાભ મળવાની શક્યતા છે.આપણે પાછલા લેખમાં જાણ્યું હતું કે, જો ગ્રાહકો જીએસટીના ઘટાડાની રાહ જોશે તો ખાસ કરીને એસી, ફ્રીજ અને અન્ય વ્હાઇટ ગૂડ્સના વિક્રેતાઓની દિવાળી બગડશે. આ વખતે આપણે રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં શું ચર્ચા ચાલી રહી છે એ જાણીએ. રિઅલ એસ્ટેટ ક્ષેત્રના નિરીક્ષકો અનુસાર નવા સૂચિત જીએસટી સ્લેબથી મધ્યમ વર્ગને મોટી રાહત મળી શકે છે, દિવાળી બાદ ઘર ખરીદવું સોંઘું થઇ શકે છે!જીએસટી ઘટાડી સરકારી ઘર ખરીદનાર લોકોને મોટી રાહત આપી શકે છે. હાલ બાંધકામના વિવિધ રો મટિરિયલ્સ એટલે કે કાચી સામગ્રી પર ૧૮ ટકાથી ૨૮ ટકા જેટલો ઊંચો ટેક્સ લાગે છે. જીએસટી ઘટવાથી બાંધકામનો ખર્ચ ઘટશે. જોકે, સવાલ એ જ ચર્ચાઇ રહ્યો છે કે બિલ્ડર્સ અને ડેવલપર્સ આ લાભ ગ્રાહકોને પસાર કરશે કે નહીં? કદાચ કરવો પડે તો પણ તે પૂરેપુરો કરશે કે નહીં?રિયલ એસ્ટેટ સેક્ટરની વાત કરીએ તો અત્યાર સુધી અલગ અલગ કન્સ્ટ્રક્શન મટિરિયલ્સ પર અલગ અલગ ટેક્સ લગાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, સિમેન્ટ પર ૨૮ ટકા, સ્ટીલ પર ૧૮ ટકા, કલર, પેઇન્ટ્સ પર ૨૮ ટકા, ટાઇલ્સ અને સેનિટરીવેર પર ૧૮ ટકા વેરો લાગે છે. આ રો મટિરિયલનો ખર્ચ સીધી ઘરોની કિમત અને હાઉસિંગ પ્રોજેક્ટના કુલ ખર્ચને અસર કરે છે.રિઅલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે કરવેરાના માળખાને સરળ બનાવવાથી હાઉસિંગ ડેવલપર્સ માટે પ્રોજેક્ટ ખર્ચમાં ઘટાડો થશે અને ગ્રાહકોને સીધો ફાયદો થશે. જીએસટીના બે સરળ સ્લેબ (પાંચ ટકા અને ૧૮ ટકા)ના પ્રસ્તાવથી હાઉસિંગ સેક્ટરને ઘણો ફાયદો થશે. આનાથી રિયલ એસ્ટેટમાં ઇનપુટ ખર્ચમાં ઘટાડો થશે. સિમેન્ટ અને અન્ય આવશ્યક સામગ્રી પર હાલ ઊંચો ટેક્સ લાદવામાં આવે છે, જે દૂર થતા એકંદર કોસ્ટમાં મોટો ઘટાડો થશે.તેમના મતે આ નિર્ણયથી પ્રોપર્ટી વધુ સસ્તી થશે અને ખરીદદારોની રૂચિને ફરી વધારશે. ખાસ કરીને ઊભરતા ટિયર-૨ બજારોમાં, જ્યાં બીજી વખત ઘર ખરીદવાની માગ ધીમે ધીમે મજબૂત થઈ રહી છે, ત્યાં ઘરોનું વેચાણ વધી શકે છે. તેમણે કહ્યું હતું કે, મુખ્ય બાંધકામ સામગ્રી પર કરવેરાનું ભારણ ઘટવાથી ડેવલપર્સ આ બચતોનો લાભ સીધી ઘર ખરીદનારાઓને આપી શકશે, જે ઊભરતાં રિયલ એસ્ટેટ માર્કેટને નવું પ્રોત્સાહન આપશે.જોકે, રિઅલ એસ્ટેટ ક્ષેત્રના એક વિશ્લેષકે આ અંગે શંકા વ્યક્ત કરી હતી કે હાલ એવી કોઇ યંત્રણા નથી કે જે બિલ્ડર કે ડેવલપરને જીએસટીથી થનારો લાભ સીધો ગ્રાહકો સુધી પહોંચાડવાની ફરજ પાડી શકે. સરકારે એ લાભ ગ્રાહકોને મળે અને એ પણ સંપૂર્ણ રીતે મળે એ માટે કોઇ યંત્રણા વિચારવી, ઘડવી અને અમલી બનાવવી આવશ્યક છે.મોટાભાગના નિષ્ણાતો માને છે કે પ્રસ્તાવિત જીએસટી રિફોર્મ્સથી રિયલ એસ્ટેટ માર્કેટને ફાયદો થશે અને તેનાથી ખરીદદારોને ચોક્કસપણે રાહત મળશે. ડેવલપર્સને ઓછા ઇનપુટ ટેક્સમાંથી ચોક્કસપણે વધુ સારા માર્જિન મળશે, પરંતુ તેની વિશ્વસનીયતા ત્યારે જ સ્થાપિત થઇ શકશે, જ્યારે તેઓ આ બચત ગ્રાહકોને આપશે. ઉદ્યોગમાં સ્પર્ધા પણ વધી શકે છે.આ સેગમેન્ટના ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, રિઅલ એસ્ટેટ સેકટરમાં ડેવલપર્સની વિશ્વસનીયતાની અને શાખની ભૂમિકા અગત્યની હોય છે. ખરીદદારોને પ્રત્યક્ષ લાભો લાંબા ગાળાની માગને આગળ ધપાવશે. તેઓ માને છે. આગામી તહેવારોની મોસમ, જ્યારે માગ સૌથી વધુ હોય છે, ત્યારે કરવેરાની સુધારણાને ગ્રાહકોના વિશ્વાસમાં રૂપાંતરિત કરવાની એક મોટી તક છે.અમુક ટેક્સ ડિસિપ્લીન હોવાનું આવશ્યક છે, એમ જણાવતાં એક ડેવલપરે કહ્યું કે, જીએસટી દિલ્હી-એનસીઆરના રિયલ એસ્ટેટ ઉદ્યોગ માટે ગેમચેન્જર સાબિત થયો છે. તે કરમાળખામાં એકરૂપતા લાવ્યું છે અને પારદર્શક સિસ્ટમમાં ઘણા જુદા જુદા કરવેરાને મર્જ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૯માં અધૂરા રહેણાંક પ્રોજેક્ટ્સ પર જીએસટીનો દર ૧૨ ટકા (ઇનપુટ ટેક્સ ક્રેડિટ સાથે)થી ઘટાડીને પાંચ ટકા (આઇટીસી વિના) કરવામાં આવ્યો હતો.આ નિર્ણયથી એનસીઆરના અંદર કન્સ્ટ્રક્શન સેગમેન્ટમાં ખરીદદારોનો વિશ્વાસ ચોક્કસપણે મજબૂત થયો છે. ખાસ કરીને નોઇડા, ગુરુગ્રામ અને ગાઝિયાબાદ જેવા હાઇ ગ્રોથ કોરિડોરમાં અગાઉ ઊંચા કરવેરાને કારણે માગ ઓછી રહી હતી. વર્ષ ૨૦૨૪ના પહેલા છમાસિક ગાળામાં, દિલ્હી-એનસીઆરમાં ૩૮,૨૦૦થી વધુ ઘરો વેચાયાં હતાં, જે વાર્ષિક ધોરણે પચ્ચીસ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.જોકે તેમણે એવો મત વ્યક્ત કર્યો હતો કે, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ની ગેરહાજરી હજુ પણ ડેવલપર્સને ભારે પડી રહી છે. મધ્યમવર્ગીય ખરીદદારોનું પ્રભુત્વ ધરાવતા બજારમાં પરવડે તેવી ક્ષમતાનું સર્વોચ્ચ મહત્ત્વ છે અને આઇટીસી વિના લાંબા ગાળાની સ્થિરતા એક મોટો પડકાર બની જાય છે.એક અન્ય ડેવલપરે પણ આ અભિપ્રાયને ટેકો આપતાં જણાવ્યું હતું કે ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ને આંશિક રીતે પરત લાવવી જરૂરી છે. તેમના જણાવ્યા અનુસાર, આનાથી ગ્રાહકોને સસ્તા ઘર મળશે અને ડેવલપર્સને યોગ્ય માર્જિન પણ મળશે, જેથી તેઓ મોટા પાયે ક્વોલિટી હાઉસિંગ ઓફર કરી શકે.



## પ્રિયદર્શનની ફિલ્મ 'હૈવાન'માં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન સાથે સૈયામી ખેરની એન્ટ્રી

આ ફિલ્મમાં શ્રિયા પિલગાંવકર પણ મહત્વના રોલમાં હોવાની ચર્ચા

અભિનેત્રી સૈયામી ખેર સત્તાવાર રીતે પ્રિયદર્શનની ફિલ્મ 'હૈવાન'ના કલાકારો સાથે જોડાઈ ગઈ છે. બોલિવૂડના દિગ્ગજ કલાકારો અક્ષય કુમાર અને સૈફ અલી ખાન લીડ રોલમાં છે એવી આ ફિલ્મનું શૂટિંગ કોચીમાં શરૂ થઈ ગયું છે અને તેની પહેલાંથી ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે. 'હૈવાન' ઘણા કારણોસર એક ખાસ ફિલ્મ બની રહી છે. સૈયામી ખેર પહેલી વાર અક્ષય કુમાર, સૈફ અલી ખાન અને ડિરેક્ટર પ્રિયદર્શન સાથે સ્ક્રીન સ્પેસ શેર કરશે. દર્શકો માટે અક્ષય અને સૈફ છેલ્લે 'ટશન'માં જોવા મળ્યા હતા અને હવે, ૧૮ વર્ષ પછી અક્ષય અને સૈફના લાંબા સમય પછી સાથે આવશે, ફિલ્મનું શૂટિંગ તેજીથી ચાલી રહ્યું હોવાથી, ફિલ્મની આસપાસ અપેક્ષાઓ વધતી જાય છે.આ ફિલ્મમાં કામ કરવા પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં સૈયામી ખેરે કહ્યું, "હૈવાનના સેટ પર કામ કરવાનો મારો અનુભવ ખુબ સુંદર રહ્યો છે. મને હજુ પણ યાદ છે કે હું એ નાની છોકરી હતી જે થિયેટરમાં આંખો પહોળી કરીને બેઠી હતી અને અક્ષય સરને એક્શનની નવી પરિભાષા આપતા જોતી હતી અથવા સૈફ સરના સરળ કોમિક ટાઈમિંગ પર સતત હસતી હતી, જે ફિલ્મો અમારા નાનપણના વર્ષોનો ભાગ બની ગઈ હતી. તે સમયે, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે એક દિવસ હું ખરેખર એવા લોકો સાથે સેટ પર હોઈશ જેમની ફિલ્મોએ સિનેમા પ્રત્યેના મારા પ્રેમને આકાર આપ્યો હતો."સૈયામીએ કહ્યું, "હવે એવો સમય આવ્યો છે કે, હું આસપાસ જોઉં છું અને મારી જાતને યાદ કરાવું છું કે આ વાસ્તવિક છે. આ એ જ ચહેરાઓ છે જે મેં એક સમયે પ્રેક્ષકો સાથે જોયા હતા અને આજે હું તેમની સાથે ફ્રેમ શેર કરી રહી છું, અને પછી પ્રિયન સર છે. મારા માટે, તે ફક્ત એક ડિરેક્ટર નથી, તે એક વાર્તાકાર છે જેમણે આપણને કેટલીક સૌથી લોકપ્રિય ફિલ્મ આપી છે. તેમના દ્રષ્ટિકોણ પરથી માર્ગદર્શન મેળવવું એ એવી બાબત છે જે હું હંમેશા યાદ રાખીશ. તેમની ફિલ્મોએ મને ફિલ્મ સાથે પ્રેમમાં પડવામાં મોટો ભાગ ભજવ્યો છે, હવે તેમના સેટ પર હોવું એ જીવનનું એક ચક્ર પૂરું કરવા જેવું છે.

# પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા માતા-પિતા બનવાના છે

## ફેન્સે સોશિયલ મીડિયા પોસ્ટ પર કહ્યું, "કપિલ શર્મા શો મેં હિન્ટ મિલ ગયી થી"

પરિણીતી ચોપરા અને પતિ રાઘવ ચઢ્ઢાએ એક સુંદર ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા પહેલી પ્રેગનન્સીની જાહેરાત કરી છે. જેમાં ચાહકો અને ઈન્ડસ્ટ્રીના મિત્રોએ તેમના પર પ્રેમ વરસાવ્યો છે.

પરિણીતી ચોપરાના ચાહકો છેલ્લાં કેટલાંક સમયથી આ બાબતની અટકળો લગાવી રહ્યાં હતાં. આખરે પરિણીતિએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આ સમાચાર આપ્યા અને ફેન્સમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. આ દંપતીએ તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પ્રેગનન્સીના સમાચાર શેર કર્યા અને તેમના શુભેચ્છકો અને ચાહકો ઉત્સાહમાં આવી ગયા છે.

પરિણીતી ચોપરાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક તસવીર અને એક વીડિયો શેર કર્યાં છે. પહેલી તસવીર સફેદ રંગની ગોળ કેકની છે, જેમાં બિસ્કિટ કલરના બે નાનાં પગલાં દેખાય છે અને કેકમાં '૧+૧=૩' લખેલું છે. તેણીએ પતિ રાઘવ ચઢ્ઢા સાથે હાથમાં હાથ નાખીને ચાલતો એક રોમેન્ટિક વીડિયો પણ શેર કર્યો છે.

આ વીડિયોમાં પરિએ કાળા ટાઈટ્સ અને સફેદ સ્નીકર્સ પર સફેદ હૂડી પહેરી છે, જ્યારે રાઘવે ખાખી પેન્ટ પર બેજ રંગના ઘૂંટણ સુધીનો કોટ પહેર્યો છે. તેમણે પોસ્ટનું કેપ્શન આપ્યું, "આપણાં નાનાં બ્રહ્માંડના રસ્તે.. કલ્પના કરતાં પણ વધુ આશીર્વાદ મળ્યા છે.." પરિણીતીએ આ પોસ્ટ શેર કરી કે તરત



જ તેનાં પર કમેન્ટ્સનો વરસાદ થઈ ગયો હતો. ઘણા બોલિવૂડ સેલેબ્સે પણ તેમને શુભેચ્છા પાઠવી હતી. અનન્યા પાંડેએ ત્રણ લાલ હાર્ટના ઈમોજી અને ૩ હગ ઈમોજી સાથે લખ્યું, "આહ અભિનંદન પરરી!! પ્રિયંકા ચોપરાએ પણ રેડ હાર્ટના ઈમોજી સાથે લખ્યું, "અભિનંદન". કેટરિના કૈફ, સોનમ કપૂર, ભૂમિ પેડનેકર, નિમ્રિત કૌર, હુમા કુરેશી, નેહા ધૂપિયા અને અન્ય ઘણા લોકોએ આ દંપતીને માતાપિતા બનવા બદલ હાર્દિક શુભેચ્છાઓ મોકલી. કેટલાક ચાહકોએ એમ પણ લખ્યું, "કપિલ શર્મા શો મૈ હિન્ટ દે હી દિયા થા."'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના એપિસોડ દરમિયાન, કપિલ શર્માએ ઘરનું એક રહસ્ય ખોલ્યું કે કેવી રીતે તેની માતા તેની પત્નીના આગમન સાથે સીધા પૌત્રના મૂડમાં આવી ગઈ. તેને યાદ આવ્યું કે તેની પત્ની, ગિન્નીએ તેની માતાની એક વાત માટે તેની મજાક ઉડાવી હતી. પછી કપિલે રાઘવ અને પરિણીતીને પૂછ્યું કે શું તેમને પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે.રાઘવ ચઢ્ઢાએ તરત જ જવાબ આપ્યો, "દેંગે આપકો, દેંગે ગુડ ન્યૂઝ જલદી દેંગે" (અમે તમને ટૂંક સમયમાં સારા સમાચાર આપીશું). પરિણીતી તેના શબ્દો સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગઈ. તેણે ઉમેર્યું, "દેંગે એટ સમ પોઈન્ટ".



# વિકી કૌશલની 'મહાવતાર'માં 'લવ એન્ડ વૉર'ના કારણે વિલંબ, ૨૦૨૭માં રિલીઝ થશે

વિકી કૌશલની મેડોક ફિલ્મ્સ સાથેની બીજી ફિલ્મ 'મહાવતાર'ની થોડી વધુ રાહ જોવી પડી શકે છે. શરૂઆતમાં ૨૦૨૬માં ક્રિસમસ દરમિયાન રિલીઝ થવાની હતી. પરંતુ એક અહેવાલ મુજબ, આ માઈથોલોજિકલ ફિલ્મ હવે ૨૦૨૭ સુધી મુલતવી રાખવામાં આવી છે. અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે 'લવ એન્ડ વૉર'ના શૂટિંગને કારણે આ ફિલ્મની રિલીઝમાં વિલંબ થઈ શકે છે.

મેડોકની 'મહાઅવતાર' ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતમાં શરૂ થવાનું હતું. પરંતુ હવે 'મહાવતાર'નું શૂટ આગામી એપ્રિલમાં જ શરૂ થવાની ધારણા છે, જેના કારણે ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થવાની શક્યતા ઓછી છે. આ વિલંબ વિકી કૌશલની સંજય લીલા ભણસાલીની પીરિયડ રોમાંસ ફિલ્મ 'લવ એન્ડ વૉર' માટે તેણે ફાળવેલી તારીખોને કારણે હોવાનું કહેવાય છે, જે પૂરી થવામાં ધાર્યાં કરતાં વધુ સમય લાગી રહ્યો છે.

અગાઉ, નિર્માતા દિનેશ વિજાને ૨ મેના રોજ વેવ્સ ૨૦૨૫માં પેનલિસ્ટ તરીકે હાજરી આપી હતી અને ભારતીય સંસ્કૃતિમાં મૂળ ધરાવતી વાર્તાઓ કહેવાનું કેટલું મહત્વપૂર્ણ છે તેના વિશે વાત કરી હતી. તેમણે વિકી કૌશલની આગામી ફિલ્મ, 'મહાવતાર' વિશે પણ અપડેટ આપી હતી અને તેને મેડોક ફિલ્મ્સનું અત્યાર સુધીનું સૌથી મોટું પ્રોડક્શન ગણાવ્યું હતું.

અગાઉ એવા પણ અહેવાલ આપ્યો હતો કે વિકી કૌશલે સંજય લીલા ભણસાલી દ્વારા ડિરેક્ટ થઈ રહેલી તેમની આગામી ફિલ્મ, 'લવ એન્ડ વૉર' માટે લગભગ ૨૦૦ દિવસ ફાળવ્યા છે. શૂટિંગ ૨૦૨૪ના અંતમાં શરૂ થયું હતું અને હવે આ શૂટ ૨૦૨૫ની શરુઆતના લગભગ ત્રણ સુધી ચાલુ રહેવાની અપેક્ષા છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ અભિનિત આ ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ થવાની છે. વિકીએ 'છાવા' વખતે જાહેરમાં સ્વીકાર્યું છે કે, તેના માટે વજન વધારવું મુશ્કેલ હતું. લક્ષ્મણ ઉટેકરની ફિલ્મ માટે તેણે ૧૦૫ કિલો સુધી વજન વધાર્યું હતું પરંતુ લવ એન્ડ વોર માટે તેણે બધું જ ઘટાડવું પડ્યું.

જ્યારે દિનેશ વિજાને ભારતીય સંસ્કૃતિમાં મૂળ ધરાવતી વાર્તાઓ કેટલી મહત્વની છે, તે અંગે 'મહાઅવતાર'ની વાત કરતાં કહ્યું હતું, "મને લાગે છે કે આપણે ખૂબ જ રસપ્રદ સમયમાં છીએ. તમે કોઈ પ્રદેશને એક ઉદાહરણ તરીકે લો છો એને તેમાં પ્રવેશવાનું નક્કી કરો છો, તો સૌ પ્રથમ તે પ્રદેશને જાણો. મને લાગે છે કે, પેન્ડેમિક પછી, આપણે આખરે આપણે પરિસ્થિતિ પર કાબુ મેળવવામાં સફળ રહ્યા છીએ. આપણને સમજાયું છે કે સામાન્ય માણસ માટે ફિલ્મ બનાવવાની જરૂર છે."

ગયા વર્ષે, વિકી કૌશલે મહાવતારનો પહેલો લુક શેર કર્યો હતો જે તરત જ વાયરલ થઈ ગયો હતો. આ લુક શેર કરતા વિકીએ લખ્યું, "દિનેશ વિજાન ધર્મના શાશ્વત યોદ્ધાની વાર્તાને જીવંત કરે છે! વિકી કૌશલ અમર કૌશિક દ્વારા દિગ્દર્શિત 'મહાવતાર'માં ચિરંજીવી પરશુરામની ભૂમિકા ભજવે છે. થિએટરમાં આવી રહી છે - ક્રિસમસ ૨૦૨૬!" આ ફિલ્મ દિનેશ વિજન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

જ્યારે સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ 'લવ એન્ડ વૉર', જેમાં આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને વિકી કૌશલ લીડ રોલમાં છે, તે સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. શરૂઆતમાં, ફિલ્મના સેટ પરથી એક લીક થયેલ વિડિઓ વાયરલ થયો હતો, જેનાથી આ ફિલ્મ માટે ઉત્સાહ ઓર વધી ગયો હતો. 'લવ એન્ડ વૉર'ના કલાકારો અને ક્રૂ આકર્ષક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેન્ડસ્કેપ્સમાં શૂટિંગ કરી રહ્યા છે. સેટ પરથી લીક થયેલી ક્લિપમાં જે હવે ઓનલાઈન સામે આવી છે, તેમાં દર્શકોએ રણબીર કપૂર અને વિકી કૌશલને દિલધડક ચેઝ સિક્વન્સ ફિલ્માવતા જોયા. રણ જેવા વાતાવરણમાં શૂટ કરાયેલ આ દ્રશ્યમાં રણબીર કપૂર જીંફ ચલાવતો જોવા મળે છે જ્યારે વિકી કૌશલ પુરુષોથી ઘેરાયેલી ખુલ્લી જીપ પર દેખાય છે.

# આ વર્ષે શિલ્પા શેટ્ટીના ઘરે ગણેશ ઉત્સવ નહીં ઉજવાય, ઈમોશનલ પોસ્ટ શેર કરી

## શિલ્પા શેટ્ટીએ કહ્યું, કુન્દ્રા પરિવારમાં ૧૩ દિવસનો શોક હોવાથી ધાર્મિક ઉજવણી નહીં

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીએ જાહેરાત કરી છે કે તે આ વર્ષે ગણેશ ઉત્સવની ઉજવણી નહીં કરે. તેના ભવ્ય અને ભક્તિમય ગણપતિ ઉત્સવ માટે જાણીતી અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર શેર કર્યા છે, ચાહકોને માહિતી આપી છે કે કુન્દ્રા પરિવાર હાલ શોકમાં હોવાથી તેઓ તેઓ ૧૩ દિવસ સુધી શોક પાડશે.

પોતાની પોસ્ટમાં શિલ્પા શેટ્ટીએ લખ્યું, "પ્રિય મિત્રો, ઊંડા શોક સાથે, અમને તમને જણાવતા દુઃખ થાય છે કે, પરિવારમાં શોકને કારણે, આ વર્ષે અમે અમારા ઘેર ગણપતિ ઉત્સવ યોજીશું નહીં. પરંપરા મુજબ, અમે ૧૩ દિવસનો શોક પાડીશું અને તેથી કોઈપણ ધાર્મિક ઉત્સવોથી દૂર રહીશું. અમે તમારી સમજ અને પ્રાર્થના ઈચ્છીએ છીએ. કૃતજ્ઞતા સાથે - કુન્દ્રા પરિવાર."

આ સાથે શિલ્પાએ, ભગવાન ગણેશને આવતા વર્ષે જલ્દી આવવા આમંત્રણ પણ આપી દીધું હતું. તેણે લખ્યું, "ગણપતિ બાપ્પા મોર્યા, પુડ્ચ્યા વર્ષી લવ કર યા" સાથે વિદાય આપી. તેના શબ્દો તેની ભક્તિ અને ઘણા વર્ષોથી તેના હૃદયની નજીક રહેલી પરંપરામાં વિક્ષેપ પડવાનો અફસોસ બંને દર્શાવે છે.

એક દાયકાથી વધુ સમયથી, શિલ્પા શેટ્ટીએ ભવ્યતા, ભક્તિ અને પારિવારિક મેળાવડા સાથે ભગવાન ગણેશનું સ્વાગત કરતી આવી છે. મુંબઈમાં તેનાં ઘેર ઉજવાતા ગણપતિ ઉત્સવો હંમેશા ચર્ચામાં રહે છે. ૨૦૨૪માં, તેણે તેના પરિવાર સાથે ઉજવણીનો એક વિડિયો શેર કર્યો હતો, જેમાં કેપ્શન આપ્યું, "ગણપતિ બાપ્પા મોર્યા. બાપ્પાના સ્વાગત માટે આપણા હૃદય અને દરવાજા ખોલી રહ્યા છીએ. વર્ષનો પ્રિય સમય." ૨૦૨૫માં પરંપરામાં વિક્ષેપ એક ક્યારેય ન જોયો હોય વિરામ દર્શાવે છે કારણ કે પરિવાર આ સમય શોકમાં વિતાવવાનો છે.

જો શિલ્પાના કામની વાત કરવામાં આવે તો, શિલ્પા શેટ્ટી છેલ્લે સોનલ જોશીએ ડિરેક્ટ કરેલી 'સુખી'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં એક પંજાબી ગૃહિણી હાઈસ્કૂલ રિયુનિયન દરમિયાન પોતાની જાતને ફરીથી શોધે છે તેની વાત કરવામાં આવી છે. તેની આગામી રિલીઝ પ્રેમ દ્વારા ડિરેક્ટેડ કન્નડ એક્શન ડ્રામા ફિલ્મ 'કેડીઃ ધ ડેવિલ' હશે. આ ફિલ્મમાં ધ્રુવ સરજા, સંજય દત્ત, વી. રવિચંદ્રન, રમેશ અરવિંદ, નોરા ફતેહી અને રીશ્મા નાનાયા પણ છે. સાથે જ, તેનાં પતિ

રાજ કુંદ્રા તેની પંજાબી ફિલ્મ 'મેહર' માટે તૈયારી કરી રહ્યા છે, જે ગ્રામીણ પંજાબના એક માણસના સંઘર્ષ પર આધારિત છે જે પોતાનું ગૌરવ પાછું મેળવવા લડી રહ્યો છે.



# પ્રિયદર્શને ૧૦૦મી ફિલ્મ પછી નિવૃત્તિ લેવાના સંકેત આપ્યા

## પ્રિયદર્શને અક્ષયકુમારને બોલિવૂડના મોહનલાલ ગણાવી પ્રશંસા કરી

ડિરેક્ટર પ્રિયદર્શને તાજેતરમાં ફિલ્મોમાંથી નિવૃત્તિ લેવાનો સંકેત આપ્યો હતો અને ખુલાસો કર્યો હતો કે મલયાલમ સુપરસ્ટાર મોહનલાલ સૈફ અલી ખાન અને અક્ષય કુમાર અભિનીત ફિલ્મ 'હૈવાન'માં તેઓ કેમિયો કરશે.

પ્રિયદર્શન હાલમાં કોચીમાં છે, તેમની આગામી ફિલ્મ 'હૈવાન'નું શૂટિંગ કરી રહ્યા છે. જેમાં સૈફ અલી ખાન અને અક્ષય કુમાર લીડ રોલમાં છે. આ ફિલ્મ પ્રિયદર્શનની મલયાલમ ફિલ્મ 'ઓપ્પમ' પર આધારીત છે. તેના ડાયલોગ્ઝ અને સ્ટોરીમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા છે. પનામ્પિલી નગરમાં ફિલ્મના સેટ એક ઈન્ટરવ્યુમાં તેમણે ખુલાસો કર્યો હતો કે ૨૦૧૬ની બ્લોકબસ્ટર 'ઓપ્પમ'માં મુખ્ય ભૂમિકા ભજવનાર મલયાલમ સુપરસ્ટાર મોહનલાલ ફિલ્મમાં કેમિયો કરશે. તેમણે ૧૦૦ ફિલ્મો પૂર્ણ કર્યા પછી સિનેમામાંથી નિવૃત્તિ લેવાનો પણ સંકેત આપ્યો હતો.

વાતચીત દરમિયાન, પ્રિયદર્શને 'હેરા ફેરી ૩' સહિતની સિક્વલ બનાવવા વિશે વાત કરી. તેમણે જણાવ્યું, "હું સામાન્ય રીતે મારી મૂળ ફિલ્મોને સિક્વલ સાથે ફરીથી જોતો નથી - તે રીતે કામ કરવું મને ગમતું નથી. પરંતુ હું ચોક્કસપણે 'હેરા ફેરી ૩' બનાવીશ, કારણ કે નિર્માતાઓ લાંબા સમયથી તેની વિનંતી કરી રહ્યા છે. એકવાર હું આ ફિલ્મો પુરી કરીશ, પછી આશા છે કે હું નિવૃત્તિ લઈ શકું. હું થાકી ગયો છું."

'હૈવાન'માં મોહનલાલની ભૂમિકા વિશે બોલતા, પ્રિયદર્શને કહ્યું, "તેમનું પાત્ર ચોક્કસપણે દર્શકો માટે એક સરપ્રાઈઝ હશે." તેમણે એ પણ ખુલાસો કર્યો કે તેમની આગામી ફિલ્મમાં મલયાલમ સુપરસ્ટાર મુખ્ય ભૂમિકામાં હશે કારણ કે તે તેમની ૧૦૦મી ફિલ્મ છે. બાળપણના મિત્રો મોહનલાલ અને પ્રિયદર્શનની પહેલી ફિલ્મ, પૂચક્કોરુ મુકુકુથી (૧૯૮૪)થી એકસાથે કામ કરી રહ્યા છે.

તેઓએ થિરાનોટ્ટમ(૧૯૭૮)માં કામ કરીને સિનેમામાં સાથે પ્રવેશ કર્યો હતો. જેમાં મોહનલાલે મુખ્ય ભૂમિકા ભજવી હતી અને પ્રિયદર્શને ડિરેક્ટર વી અશોક કુમારના આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. પ્રિયદર્શનની ૧૦૦મી ફિલ્મની વાર્તા હજુ સુધી નક્કી થઈ નથી, પરંતુ તેમણે કહ્યું કે તેઓ આવતા વર્ષે શૂટિંગ શરૂ કરવા માંગે છે.

આ સિવાય કેવીએન પ્રોડક્શન્સ અને થેસ્પિયન ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરાયેલ, 'હૈવાન' મોટા બજેટ પર બનાવવામાં આવી રહી છે. તેમાં શ્રિયા પિલગાંવકર અને સૈયામી ખેર પણ મહત્વની ભૂમિકામાં છે. કોચીમાં શૂટિંગ પછી કલાકારો અને ક્રૂ વાગામોન, ઉંટી અને મુંબઈ જશે. પ્રિયદર્શનને અક્ષય કુમાર સાથેના અનુભવો વિશે જવાબ આપ્યો, "તે બધું તમને એકબીજા સાથે કેટલું ફાવે છે, તેના પર આધાર રાખે છે. મારા માટે, તે બોલિવૂડનો મોહનલાલ છે."

# આજથી દુલીપ ટ્રોફીનો પ્રારંભ, દેશના મોખરાના ખેલાડી રમશે

## નેશનલ ટુર્નામેન્ટ ફરીથી તેના પરંપરાગત ઝોનલ માળખામાં યોજાશે




ભારતના ઉભરતા અને નેશનલ ટીમમાં ફરીથી પ્રવેશવા માગતા ક્રિકેટર્સ માટે સુવર્ણતક સમાન દુલીપ ટ્રોફી ક્રિકેટનો ગુરુવારથી પ્રારંભ થઈ રહ્યો છે. ભારતના આ મોખરાની ડોમેસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટ તેના પરંપરાગત માળખામાં એટલે કે ઝોનલ ફોર્મેટ મુજબ પરત ફરી રહી છે. જેમાં વેસ્ટ, નોર્થ, ઈસ્ટ, સાઉથ અને સેન્ટ્રલ ઝોન ઉપરાંત નોર્થ-ઈસ્ટની ટીમ ભાગ લેશે. આ સાથે ૨૦૨૫-૨૬ માટેની ભારતીય ડોમેસ્ટિક સિઝનનો પણ પ્રારંભ થશે.

વેસ્ટ ઝોનની ટીમ શાર્દુલ ઠાકુરની આગેવાનીમાં રમશે જેમાં ગુજરાતના કેટલાક ખેલાડી પણ રમવાના છે. આ ઉપરાંત ટેસ્ટ ટીમમાંથી ફેંકાઈ ગયેલા મોહમ્મદ શમી તથા ટેસ્ટ ટીમમાં પ્રવેશ માટે થનગની રહેલા અભિમન્યુ ઈશ્વરન સહિતના ઘણા ખેલાડી આ વખતે રમવાના છે. મોહમ્મદ શમી અગાઉ ઈજાગ્રસ્ત હતો અને ત્યાર બાદ તેને ટીમ માટે વિચારણામાં લેવાયો નથી. આમ તેની પાસે દુલીપ ટ્રોફીમાં રમીને ભારતીય ટીમમાં પુનરાગમન કરવાની તક રહેલી છે. ૧૯૬૦થી રમાતી આ ટુર્નામિટમાં આ વખતે પરંપરાગત પાંચને બદલે છ ઝોનની ટીમ રમવાની છે જેમાં નોર્થ-ઈસ્ટ ઝોનની ટીમનો ઉમેરો કરવામાં આવ્યો છે. અગાઉ આ ટુર્નામિન્ટ ભારત એ, બી,સી અને ડી ટીમ વચ્ચે રમાતી હતી પરંતુ હવે તે તેના મૂળ ફોર્મેટમાં યોજાઈ રહી છે.

બીસીસીઆઈએ ગઈ સિઝનથી તેના સ્ટાર ખેલાડી માટે આ ટુર્નામેન્ટમાં રમવું ફરજિયાત કરી દેતાં હવે તેનું આકર્ષણ વધી જશે તેવી અપેક્ષા છે. જે ખેલાડી ભારતીય ટીમ માટે રમતો ન હોય તેણે અહીં રમવું ફરજિયાત કરી દેવાયું છે.

વેસ્ટ ઝોનની ટીમ શાર્દુલ ઠાકુરના નેતૃત્વમાં મજબૂત બની ગઈ છે. જેમાં શ્રેયસ ઐયર, સરફરાઝ ખાન અને યશસ્વી જયસ્વાલ જેવા ટેસ્ટ ક્રિકેટર સામલ છે. ટેસ્ટ ટીમમાંથી સ્થાન ગુમાવી ચૂકેલા શ્રેયસ ઐયર માટે દુલીપ ટ્રોફી દ્વારા ભારતની ટીમમાં સ્થાન મેળવવાની તક છે તો સરફરાઝ ખાન માટે પણ આમ કહી શકાય જેને ઈંગ્લેન્ડના પ્રવાસ માટેની ટીમમાંથી નજર અંદાજ કરાયો હતો.

# આઈએસપીએલમાં અમદાવાદની ટીમનો ઉમેરો, અજય દેવગણે ટીમ ખરીદી

દેશભરમાંથી આવકાર મળી રહેતાં ભારતની અગ્રણી ટેનિસ-બોલ ટી૧૦ ક્રિકેટ લીગ ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગે (આઈએસપીએલ)માં બોલિવૂડ સુપરસ્ટાર અને ઉદ્યોગ સાહસિક અજય દેવગણે હવે અમદાવાદની તેની નવી ફ્રેન્ચાઈઝીની ટીમ ખરીદી લીધી છે. ૨૦૨૪માં લોન્ચ થયેલી આ લીગમાં ભારત રત્ન સચિન તેંડુલકર, કેબિનેટ પ્રધાન આશિષ શેલાર, સુરજ સમત અને મિનલ અમોલ કાલેનો સમાવેશ થાય છે.

આ લીગે તાજેતરમાં જ નવી દિલ્હી ફ્રેન્ચાઈઝીના માલિક તરીકે બોલિવૂડ સ્ટાર સલમાન ખાનની જાહેરાત કરી હતી. હવે અમદાવાદથી આઠમી ટીમના ઉમેરો કરીને આઈએસપીએલે સાચા અર્થમાં નેશનલ ક્રિકેટિંગ પ્લેટફોર્મ બનાવવા તરફ વધુ એક મહત્વનું પગલું ભર્યું છે.આ પ્લેટફોર્મ સમગ્ર ભારતના ગલી-ગલીના પ્રતિભાશાળી ખેલાડીઓને શોધે છે અને તેમને નેશનલ હીરો બનાવે છે. આઈએસપીએલના કોર કમિટી મેમ્બર સચિન તેંડુલકરે જણાવ્યું હતું કે આઈએસપીએલના મૂળિયા ટેનિસ બોલ ક્રિકેટમાં યુવા અને અનુભવી ખેલાડીઓના સ્વપ્નો માટે લોન્ચપેડ પૂરું પાડવાના વિચારમાં રહેલા છે. આપણા ક્રિકેટર્સને ઉચ્ચ સ્તરે રમવાની તક તો મળવી જ જોઈએ, ઉપરાંત ઝળકવા માટે એક મંચ પણ મળવું જોઈએ.

# 'ખેલ મહાકુંભ ૨૦૨૫'ના રજિસ્ટ્રેશન સાથે રાજ્યમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવાશે

## ૨૯મીથી ત્રણ દિવસ સુધી રાજ્યવ્યાપી ઉજવણીનું આયોજન, પ્રથમ દિવસે 'ફિટ ઇન્ડિયાની પ્રતિજ્ઞા' લેવાશે



### જિલ્લાવાર આયોજન, નોડલ ઓફિસરો નિમાશે

ગુજરાતમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ૨૦૨૫ની ત્રણ દિવસની ઉજવણી માટે તમામ જિલ્લાઓમાં આયોજન કરાશે. આ માટે, કલેક્ટર કચેરી, કમિશનર કચેરી અને પોલીસ મહાનિદેશકની કચેરી દ્વારા તમામ જિલ્લાઓને સક્રિય કરવામાં આવશે. દરેક જિલ્લામાં ઓછામાં ઓછો એક મોટો રમત-ગમતનો કાર્યક્રમ અને તાલુકા સ્તરે અન્ય કાર્યક્રમો આયોજિત કરાશે. આ માટે જિલ્લાવાર નોડલ અધિકારીઓ (DSDO અને DSO)ની નિમણૂંક કરવામાં આવશે. તમામ જિલ્લાઓમાં વીઆઈપી અને રમત-ગમત ક્ષેત્રની હસ્તીઓને કાર્યક્રમમાં આમંત્રિત કરાશે.

ગુજરાતમાં ૨૯મીથી ૩૧મી ઓગસ્ટ દરમિયાન ત્રણ દિવસીય નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરાશે. જેમાં યોજાનારા વિવિધ કાર્યક્રમો પૈકી ૨૯મીએ પ્રથમ દિવસે તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ પ્રતિસ્પર્ધીઓ દ્વારા 'ફિટ ઈન્ડિયા પ્રતિજ્ઞા' લેવામાં આવશે.

પ્રથમ દિવસની ઉજવણી દરમિયાન ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ, કોલેજો અને શાળાઓમાં મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. તમામ યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓમાં રમત-ગમત સ્પર્ધાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ, સેમિનાર, શારીરિક અને માનસિક ફિટનેસ પર ચર્ચાઓ, પોસ્ટર મેકિંગ જેવી પ્રવૃત્તિઓ યોજાશે. આ દિવસે જ 'ખેલ મહાકુંભ ૨૦૨૫' માટે તમામ જિલ્લાઓમાં રજિસ્ટ્રેશન પણ શરૂ કરાશે. બીજા દિવસે રાજ્યના પોલીસ વિભાગના નેતૃત્વ હેઠળ તમામ પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે રમત-ગમત સ્પર્ધાઓ અને ફિટનેસ પ્રવૃત્તિઓનું આયોજન કરાશે. પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે થનારી સ્પોર્ટ્સ ડેની ઉજવણીમાં અન્ય વિભાગો પણ હિસ્સો લેશે. પોલીસ વિભાગ દ્વારા તેમના સંબંધિત જિલ્લાઓમાં રમવામાં આવતી એક અથવા વધુ લોકપ્રિય રમતોનું આયોજન કરવામાં આવશે.ત્રીજા દિવસે રાજ્યના તમામ જિલ્લા મુખ્યાલયો, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં 'સન્ડે ઓન સાઈકલ' (રવિવારનો દિવસ સાઈકલ પર) કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ થકી 'સ્વસ્થ ગુજરાત, ઓબેસિટી-મુક્ત ગુજરાત' ને પ્રોત્સાહન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં NCC, NSS, સામાજિક અને રાજકીય નેતાઓ, ધાર્મિક નેતાઓ, NGOs વગેરે દ્વારા સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ત્રણ દિવસીય નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણીમાં ગુજરાત સરકારના વિવિધ વિભાગો સક્રિય રીતે જોડાશે. જેમાં રમત-ગમત વિભાગ, શિક્ષણ વિભાગ, પોલીસ ખાતું, શહેરી વિકાસ-આવાસ વિભાગ, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતો, અન્ય તમામ વિભાગોનો સમાવેશ થાય છે.

# યુએસ ઓપનમાં કોકો ગૌફનો પ્રારંભે જ સંઘર્ષપૂર્ણ વિજય

## નવા કોચ સાથે પહેલી વાર રમી રહેલી કોકો ગૌફે નવોદિત અજલા ટોમજાનોવિક સામે વિજય હાંસલ કર્યો



પોતાની કંગાળ સર્વિસમાં સુધારો કરવાના આશયથી નવા કોચની નિયુક્તિ કરનારી કોકો ગૌફે બુધવારે યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં સંઘર્ષ કરવો પડ્યો હતો પરંતુ અંતે તેણે પોતાની પ્રથમ રાઉન્ડની મેચમાં ત્રણ સેટ બાદ વિજય હાંસલ કર્યો હતો.

કોકો ગૌફને આ મેચ જીતવા માટે ભારે મહેનત કરવી પડી હતી. તેણે પહેલી જ ગેમમાં ડબલ ફોલ્ટ નોંધાવ્યો હતો અને સમગ્ર મેચ દરમિયાન દસ ડબલ ફોલ્ટ નોંધાવ્યા હતા. પહેલી ગેમમાં તેની સર્વિસ પણ બ્રેક થઈ હતી અને આ મેચ દરમિયાન છ વખત હરીફ ખેલાડીએ તેની સર્વિસ બ્રેક કરી હતી. ફ્લશિંગ મેડોઝ ખાતેની આર્થર એશ સ્ટેડિયમ પર રમાયેલી મેચમાં આ તમામ ભૂલો છતાં અંતે પરિણામ જ ધ્યાનમાં રખાય છે તે જોતાં કોકો ગૌફે નવોદિત અજલા ટોમજાનોવિક સામે ૬-૪, ૬-૭, ૭-૫થી વિજય હાંસલ કરીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. મેચ બાદ કોકો ગૌફે જણાવ્યું હતું કે મારા માટે આ શ્રેષ્ઠ સમય કે મેચ ન હતી. પરંતુ અંતિમ પરિણામથી હું ખુશ છું. કોઈ બાબત આસાનીથી મળતી નથી. મને ઘણી તકો મળી હતી. જોકે અંતે હું મેચ જીતવામાં સફળ રહી તે મહત્વનું છે.બીજા સેટમાં ગૌફ બે વાર સરસાઈ પર હતી પરંતુ તેનો લાભ લેવામાં તે સફળ થઈ ન હતી. તે એક સમયે ૫-૩ની સરસાઈ પર હતી અને ૫-૪ના સ્કોર પર તે મેચ જીતવા માટે સર્વિસ કરી રહી હતી પરંતુ આ તબક્કે તેણે બે વાર ડબલ ફોલ્ટ નોંધાવ્યા હતા અને હરીફ ખેલાડીએ સ્કોર ૫-૫ કરી દીધો હતો.જોકે લગભગ ત્રણ કલાક ચાલેલી મેચમાં અંતે ગૌફે વળતો પ્રહાર કર્યો હતો અને બાજી પોતાની તરફેણમાં કરી દીધી હતી. કોકો ગૌફે તેની કારકિર્દીના ગ્રાન્ડસ્લેમ ટાઈટલ પૈકીનું પ્રથમ ટાઈટલ ૨૦૨૩માં યુએસ ઓપનમાં જ જ જીત્યું હતું. જોકે તેની સર્વિસની ખામીને કારણે તેણે તાજેતરમાં જ કોચ ગેવિન મેકમિલનને નિયુક્ત કર્યા હતા અને આ મેચ અગાઉ આ અંગે ઉત્સુકતા હતી પરંતુ મેચના પ્રારંભમાં જ ગૌફે તેની પહેલી જ સર્વિસમાં ડબલ ફોલ્ટ નોંધાવ્યા હતા.

# એશિયા કપ ૨૦૨૫ પહેલા રિંકુ સિંહે મચાવી ધૂમ, ૨૧૧ના સ્ટ્રાઈક રેટથી બનાવ્યા રન



એશિયા કપ ૨૦૨૫ પહેલા ભારતીય ટીમના લેફ્ટ હેન્ડના ખેલાડી રિંકુ સિંહનું બેટ જોરથી બોલી રહ્યું છે. યુપી ૨૦ લીગમાં રિંકુ સિંહ મેરઠ મેવેરિક્સ ટીમ તરફથી રમી રહ્યો છે, જેમાં તે કેપ્ટનશીપની જવાબદારી પણ સંભાળી રહ્યો છે.

મેરઠ ટીમ ૨૭ ઓગસ્ટના રોજ લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં ફાલ્કન્સ સાથે મેચ રમી રહી છે, જેમાં મેરઠ ટીમે પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૩૩ રન બનાવ્યા હતા અને આ દરમિયાન રિંકુના બેટમાંથી ૫૭ રનની શાનદાર ઈનિંગ જોવા મળી હતી.

યુપી ૨૦ લીગની વર્તમાન સીઝનમાં મેરઠ મેવેરિક્સ ટીમના કેપ્ટન રિંકુ સિંહનું ફોર્મ અત્યાર સુધી શાનદાર રહ્યું છે, જેમાં તેને પહેલી વાર સદી ફટકારી હતી, જ્યારે હવે લખનૌ ફાલ્કન્સ સામેની મેચમાં રિંકુએ માત્ર ૨૭ બોલનો સામનો કરીને ૫૭ રનની ઝડપી ઈનિંગ રમી હતી, જેમાં તેને ૩ ચોગ્ગા અને ૪ છગ્ગા પણ ફટકાર્યા હતા.

આ મેચ દરમિયાન રિંકુ સિંહનો સ્ટ્રાઈક રેટ ૨૧૧નો જોવા મળ્યો. જ્યારે રિંકુ સિંહ આ મેચમાં બેટિંગ કરવા માટે ઉતર્યો ત્યારે મેરઠ મેવેરિક્સનો સ્કોર ૧૦ ઓવરમાં ૭૩ રન હતો અને તેમને ૩ વિકેટ ગુમાવી દીધી હતી. આ દરમિયાન રિંકુએ સ્પિનરો સામે થોડી સાવધાનીપૂર્વક બેટિંગ કરી હતી પરંતુ તે ઝડપી બોલરો સામે ખૂબ જ મુક્તપણે રમતા જોવા મળ્યો હતો. તેની ઈનિંગ દરમિયાન કુએ ઝડપી બોલરો તરફથી કુલ ૨૧ બોલ રમ્યા અને તે તેમાં ૪૬ રન બનાવવામાં સફળ રહ્યો.

રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ રમી રહેલી મેરઠ મેવેરિક્સ ટીમ હાલમાં યુપી T20 લીગમાં પોઈન્ટ ટેબલમાં બીજા નંબરે છે. મેરઠ ટીમે કુલ ૬ મેચ રમી છે, જેમાં તેમને ૩ જીતી છે અને ૩માં હારનો સામનો કરવો પડ્યો છે. બીજી તરફ જો તેઓ લખનૌ ફાલ્કન્સ સામેની આ મેચ જીતી લેશે, તો તેઓ બીજા નંબરનું પોતાનું સ્થાન જાળવી શકશે.

# એશિયા કપ પહેલા માઈકલ ક્લાર્કને થયું કેન્સર



ક્રિકેટની દુનિયામાં ઓસ્ટ્રેલિયાનો એક અલગ દરજ્જો રહ્યો છે અને હજુ પણ છે. જો આપણે છેલ્લા કેટલાક વર્ષોની વાત કરીએ તો ત્યાં કોઈ પણ ખેલાડી ICC ટાઈટલ જીત્યા વિના નિવૃત્તિ લેતો નથી. તેમાંથી એક માઈકલ ક્લાર્ક છે.

માઈકલ ક્લાર્કની કેપ્ટનશીપ હેઠળ ઓસ્ટ્રેલિયાએ ૨૦૧૫માં ODI વર્લ્ડકપનો ખિતાબ જીત્યો હતો. પરંતુ આ સમયે આ મહાન ઓસ્ટ્રેલિયન ક્રિકેટર એક મોટી બીમારીથી પીડાઈ રહ્યો છે, જેની માહિતી તેમને પોતે સોશિયલ મીડિયા પર શેર કરી છે.

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન માઈકલ ક્લાર્કને સ્કિન કેન્સર હોવાનું નિદાન થયું છે. માઈકલ ક્લાર્કે પોતે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. આ દરમિયાન તેમને કહ્યું કે દરેક વ્યક્તિએ નિયમિતપણે પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવવી જોઈએ. તેમને કહ્યું છે કે સ્કિન કેન્સર એક મોટી બીમારી છે, ખાસ કરીને ઓસ્ટ્રેલિયામાં. તેમને કહ્યું કે તેમના નાકમાંથી બીજું કેન્સર દૂર કરવામાં આવ્યું છે. તેમને સલાહ આપી છે કે ઉપચાર કરતાં નિવારણ વધુ સારું છે. આ કિસ્સામાં વહેલાસર તપાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

માઈકલ ક્લાર્કે પોતાના કરિયર દરમિયાન કુલ ૧૧૫ ટેસ્ટ મેચ રમી છે. આ દરમિયાન તેમને ૧૯૮ ઈનિંગમાં ૮૬૪૩ રન બનાવ્યા છે. માઈકલ ક્લાર્કે પોતાના કરિયર ૨૮ સદી અને ૨૭ અડધી સદી ફટકારી છે. તેમને ટેસ્ટ ક્રિકેટમાં એક ત્રેવડી સદી પણ ફટકારી છે. આ સિવાય વનડેમાં તેમને ૨૪૫ મેચ રમીને ૭૯૮૧ રન બનાવ્યા છે. માઈકલ ક્લાર્કે વનડેમાં ૮ સદી અને ૫૮ અડધી સદી ફટકારી છે.

માઈકલ ક્લાર્કે ઘણી બધી T20 ઈન્ટરનેશનલ મેચ રમી નથી, પરંતુ તેમ છતાં તેમનું પ્રદર્શન ત્યાં ખૂબ સારું રહ્યું છે. તેમને ૩૪ T20 ઈન્ટરનેશનલ મેચોમાં ૪૮૮ રન બનાવ્યા છે. અહીં તે સદી ફટકારી શક્યા નથી, પરંતુ તે ચોક્કસપણે અડધી સદી ફટકારવામાં સફળ રહ્યા છે. સ્થાનિક ક્રિકેટમાં ક્લાર્કના આંકડા પણ ખૂબ સારા છે. તેમને ૨ ICC વર્લ્ડકપ જીત્યા છે. એક સમયે તે કેપ્ટન હતા, જ્યારે આ પહેલા તેમને ૨૦૦૭ માં ખેલાડી તરીકે વર્લ્ડકપ જીત્યો હતો.

# ડિજીટલ એરેસ્ટ કેસમાં બે આરોપીને જામીન આપતી અમદાવાદ સેસન્સ કોર્ટ

## સાયબર ક્રાઈમના ગુનામાં જામીન મંજૂર કરતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

ડિજીટલ એરેસ્ટ કરી રૂા.૫,૫૦,૦૦,૦૦૦ – નાં સાયબર ફ્રોડ કેસમાં સરતના બે આરોપીઓના જામીન અમદાવાદ સેસન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. આરોપીઓ તરીકે વકીલ જીમી કાંટલીવાળાએ દલીલો કરી હતી.

ફરીયાદી સંગીતા પ્રવિણચંદ્ર ગાંધી અમદાવાદ સાયબરમાં ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશન અધિકારી તથા આકાશ કલવારી નામના સી.બી.આઈ. અધિકારીની ઓળખ આપી સૌપ્રથમ ફરીયાદીનાં એસ.બી.આઈ. નાં ક્રેડીટ કાર્ડ ઉપર સવા લાખ જેટલી રકમનં ટ્રાન્ઝેકશન કરવામાં આવેલ છે. ત્યારબાદ બાન્દ્રા પોલિસ સ્ટેશનનાં અધિકારી બની ઠપકો આપતા હોય તે રીતે વોટસએપ કોલ કરી બાદમાં સી.બી.આઈ. ડિપાર્ટમેન્ટ દ્વારા તપાસ ચાલી રહેલ છે. તેવી હકીકત જણાવી સી.બી.આઈ. અધિકારી તરીકે વોટસએપ કોલ કરી તમે વિજયકુમાર નામના વ્યકિતને ઓળખો છો, મની લોન્ડરીંગના કેસની તપાસ ચાલે છે. રૂા.૫૦૦/– નાં દરની બોગસ નોટ પકડાયેલ છે. ચોવીસ કલાક સર્વેલન્સમાં રહેવં પડશે તેમ કહી સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાનો પત્ર જેમાં આર.બી.આઈ.ના ડેપ્યુટી ગર્વનર ટી.રાબી શંકર સહીવાળો પત્ર ફરીયાદીને વોટસએપ પર મોકલી ફરીયાદીને વિશ્વાસમાં લઈ સિક્યુરીટી ચાર્જ ભરવાનું જણાવી અલગ અલગ બેન્કોમાં રૂા.૫,૫૦,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ. તથા ચેક મારફતે ભરાવડાવી નાણાં રીફંડ નહીં આપી ગુનો કર્યો હતો. આરોપી ગૌરાંગ જી/૦. હરસખ રાખોલીયા તથા ઉમેશભાઈ કરસન સામતભાઈ જીંજાળા, જામીન ઉપર મુક્ત થવા અમદાવાદ સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરેલ કરી હતી.

# અંકલેશ્વરમાં ગુમ થયેલા બાળકને પોલીસે શોધી કાઢ્યું

## બાળકનું જીઆઈડીસી પોલીસે પરિવાર સાથે કરાવ્યું મિલન

અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ૧૧ વર્ષનો બાળક કોઇ કારણસર લાગી આવતા પોતાના ઘરેથી સાઇકલ લઇને નીકળી ગયો હતો. આ બાબતે બાળકના અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ૧૧ વર્ષનો બાળક કોઇ કારણસર લાગી આવતા પોતાના ઘરેથી સાઇકલ લઇને નીકળી ગયો હતો. આ બાબતે બાળકના વાલીએ અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ.વાળા તથા સેકન્ડ પો.ઇન્સ. એમ.જી.રાઠોડે તાત્કાલીક જુદી-જુદી ટીમો બનાવી બાળકની શોધખોળ શરૂ કરી હતી અને બાળકના ઘરેથી લઇ મુખ્ય રસ્તા ઉપરના જુદા-જુદા સીસીટીવી કેમેરા ચેક કરી બાળક પ્રતીન ચોકડીથી ભરૂચ તરફ ગયો હોવાનું જાણવા મળ્યું હતું.આ તરફ સગા-સંબંધીઓએ ભરૂચમાં બાળકની શોધખોળ કરતા માતરીયા તળાવ પાસેથી બાળક હેમખેમ મળી આવ્યો હતો. અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનના સ્ટાફે ટીમ વર્કથી ૧૧ વર્ષના બાળકને ગણતરીની સમયમાં શોધી તેના પરિવારને સોંપી ગુમ થયેલ બાળકનું તેના પરીવાર સાથે સુખદ મિલન કરાવ્યુ હતું.




# માંડવીના સરકૂઈમાં વનભાજી મહોત્સવ યોજાયો

## વનમાં ઉગી નિકળતી વિવિધ પ્રકારની ભાજી આરોગ્ય માટે ખુબ ફાયદાકારક છે : ધર્મેશ શાહ

સુરત, તા.૨૮

આઈડિયલ ઈમેજ ટ્રસ્ટ અને ભારત વિકાસ પરિષદ, સુરત મેઈન નાં સંયુક્ત ઉપક્રમે " વનભાજી મહોત્સવ " નું આયોજન સરકૂઈ, તા. - માંડવી, જિ. સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માં સ્વાગત ઉદબોધન કરતાં શ્રી ધર્મેશ શાહ એ ઉપસ્થિત નાં શાબ્દિક સ્વાગત સાથે વનભાજી મહોત્સવ નાં ઉદ્દેશ્ય વિશે વાત કરતાં જણાવ્યું કે ચોમાસા દરમ્યાન જંગલ માં જે ભાજીઓ પ્રાપ્ય હોય છે એ ભાજીઓ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે વળી વર્ષ માં એક ઋતુ માં ખાય શકાતી આ ભાજીઓ આખું વર્ષ નિરોગી રહેવા શક્તિઓ પુરી પાડી શકે છે જુનાં સમય માં આદિવાસી વિસ્તાર માં આ ભોજન દ્વારા સ્વસ્થતા જળવાઈ રહેતી હતી. આથી આજના સમયમાં પણ આ પરંપરા અને ભોજન પદ્ધતિઓ નું સંવર્ધન થાય તે માટે વનભાજી મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી કમલેશભાઈ ચૌધરી એ પ્રવચન કરતાં જણાવ્યું કે આ આપણી પદ્ધતિઓ ની જાળવણી ની ચિંતા આપણે પોતે કરવી જોઈએ અને ચાઈનીઝ, ઈટાલિયન કે અન્ય ભોજનો કરતાં વધારે સ્થાનિક ભોજન વાનગીઓ નો આગ્રહ રાખવો જોઈએ આપણે જંગલ સાથે જોડાયેલ લોકોએ આ વનભાજીઓનો મહત્તમ ઉપયોગ કરી આરોગ્યપ્રદ રહેવા શક્ય પ્રયાસ કરવાં જોઈએ. શ્રી નટુભાઈ ચૌધરીએ ઉપસ્થિત અભિનંદન આપતા જણાવ્યું કે આજનાં DJ કે આનંદ પ્રમોદ નાં કાર્યક્રમ થી અલગ સંસ્કૃતિ સંવર્ધન નાં કાર્યક્રમ માં ઉપસ્થિતિ આવકારદાયક છે આ વનભાજી મહોત્સવ નો કાર્યક્રમ જંગલ વિસ્તાર નાં તમામ ગામે થવો જોઈએ જેથી સામાજિક સંવાદિતતા અને સંસ્કૃતિ સંવર્ધન એકસાથે થઈ શકે. શ્રી ભાવેશભાઈ ઓઝા એ પોતાનાં ઉદબોધન માં જણાવ્યું કે આ વનભાજી વિશે વર્તમાન પેઢી એ જુની પેઢી પાસેથી બાકી જાણકારી મેળવી નવી પેઢીને જ્ઞાન આપવું જોઈએ જેથી આ પરંપરા વિલુપ્ત ન થઈ પેઢીઓ સુધી જળવાઈ રહે.

# સુરતના દાળિયા શેરીના સૌથી ધનિક ગણેશજી સુરક્ષા માટે ૩૦૦ સ્વયંસેવકોનો કાફલો તૈનાત

## ૨૫ કિલો સોના-ચાંદી, ડાયમંડથી શ્રીજીની પ્રતિમાનો શણગાર કરાયો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮

દેશભરમાં ગણેશ ઉત્સવનો માહોલ જામ્યો છે ત્યારે ઉલ્લાસ અને શ્રદ્ધાના આ મહાપર્વમાં ગણેશજીની સ્થાપના ઠેર ઠેર કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાતમાં એક એવા ગણેશજી છે જેમની અદ્ભુત પ્રતિમા અને ભવ્ય શણગાર સૌનું ધ્યાન ખેંચે છે. આ ગણેશજી સુરત શહેરના મહિધરપુરા વિસ્તારમાં આવેલી દાળિયા શેરીમાં બિરાજમાન છે. તેમને 'ગુજરાતના સૌથી ધનિક ગણેશજી' તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે પણ ગણેશજીનું આગમન લાખો રૂપિયાના ૨૫ કિલો સોના-ચાંદીના ઘરેણાં અને રિયલ ડાયમંડના શણગાર સાથે થયું છે, જે દસ દિવસ સુધી ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. દાળિયા શેરીના ગણેશજીને ગુજરાતના સૌથી ધનિક ગણેશજી કહેવામાં આવે છે. કારણ કે તેમની પાસે ૨૫ કિલોથી વધુ સોના અને ચાંદીના દાગીના છે. આ દાગીના આખા વર્ષ દરમિયાન તિજોરીમાં સુરક્ષિત રાખવામાં આવે છે, અને માત્ર ગણેશ ઉત્સવ દરમિયાન જ બાપ્પાને પહેરાવીને પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ તમામ ઘરેણાં ભક્તો દ્વારા દાન સ્વરૂપે આપવામાં આવ્યા છે. આ વર્ષે પણ ગણેશજી ૬ ફૂટ લાંબો, ૧ કિલો સોના અને ચાંદીનો હાર પહેરીને પધાર્યા છે, જે તેમના કલેક્શનમાં એક નવો ઉમેરો છે.આ વખતે ગણેશજીના શણગારમાં એક લાખ અમેરિકન ડાયમંડ જડેલી ચાંદીની પાંદડા આકારની મૂર્તિ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઉપરાંત, ૭ કિલો ચાંદીના મૂષકરાજ પણ દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ભક્તો શ્રીજીના ૨૪ કલાક દર્શન કરી શકે તે માટે એક મોબાઈલ એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે, જેના દ્વારા ભક્તો ઘરબેઠા ગણેશજીનાં લાઈવ દર્શન કરી શકે છે. આ તમામ ઘરેણાંની કુલ કિંમત અંદાજિત ૩૨ લાખથી પણ વધુ છે, પરંતુ ભક્તો દ્વારા દાનમાં અપાયેલા હોવાથી તેની વાસ્તવિક કિંમત આંકવી મુશ્કેલ છે. આટલી કિંમતી વસ્તુઓના કારણે ગણેશજીની સુરક્ષા માટે પણ ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

આ ધનિક ગણેશજીની સુરક્ષા માટે કુલ ૩૦૦થી વધુ સ્વયંસેવકો ૨૪ કલાક ખડેપગે રહે છે, જેમાંથી ૧૦૦ સ્વયંસેવકો હંમેશા હાજર હોય છે. આ ઉપરાંત ૫૦થી વધુ સીસીટીવી કેમેરા પંડાલ અને તેની આસપાસના મુખ્ય રસ્તાઓ પર લગાડવામાં આવ્યા છે. પોલીસની બે ગાડીઓ પણ સતત તહેનાત હોય છે. કોઈ પણ પ્રકારની અપ્રિય ઘટના ન બને તેના આ તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આયોજક હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૭૨થી મહિધરપુરા દાળિયા શેરીમાં બિરાજતા આ ગણેશજી શહેરના સૌથી જૂના અને ધનવાન ગણેશજી તરીકે ઓળખાય છે. તેમની પર ભક્તોને અતૂટ શ્રદ્ધા છે. માત્ર ગુજરાત જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી પણ ભક્તો શ્રી ગણેશજીના દર્શન કરવા માટે ખાસ સુરત આવે છે. સુરત ડાયમંડ સિટી તરીકે જાણીતું છે, અને પરંપરાગત ડાયમંડ ટ્રેડિંગ હબ ગણાતા મહિધરપુરાની મધ્યમાં આ ગણેશજીની સ્થાપના થાય છે. દર વર્ષે આ પંડાલમાં લગભગ ૫ લાખ મુલાકાતીઓ આવે છે, અને આ વર્ષે ૬ લાખથી વધુ મુલાકાતીઓની અપેક્ષા રાખવામાં આવી રહી છે. 'સુરતના રાજા' તરીકે ઓળખાતા આ ગણેશજી ૫૨ વર્ષોથી ભવ્ય લાઈટિંગ ડેકોરેશનવાળા મહેલ જેવા મંડપમાં બિરાજમાન થાય છે અને સંપૂર્ણ ધાર્મિક વિધિથી તેમનો ઉત્સવ ઉજવવામાં આવે છે. આ ગણેશજીનો ભવ્ય શણગાર અને અદ્ભુત પ્રતિમા સુરતના ગણેશ ઉત્સવની શાન વધારે છે અને ભક્તોમાં ઉત્સાહનો સંચાર કરે છે.



સુરતના સૌથી અનોખા ગણેશજીની સ્થાપના તાપી નદીમાં તરતી દીવાદાંડીની પ્રતિકૃતિ બનાવી શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે. સવાર-સાંજ બોટમાં જઈને શ્રધ્ધાળુ ભક્તો આરતી અને ધૂન કરે છે.

# બિલીમોરા ખાતે રેપીડ ચેસ ટુર્નામેન્ટનું સફળ આયોજન

## અંડર ૧૪માં સુરતની મીશિકા અગ્રવાલ વિજેતા જાહેર




સુરત, તા.૨૮

ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશનના નેજા હેઠળ નવસારી જિલ્લા ચેસ એસોસિએશન અને લાયન્સ ક્લબ ઓફ બીલીમોરા દ્વારા ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ વલ્લભ આશ્રમ સ્કૂલ પરિસરમાં મહિલાઓ માટે રેપિડ ચેસ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, ભાગ લેનારા શહેરો સુરત, નવસારી, બીલીમોરા,વલસાડ, વાપી, સિલવાસા ટુર્નામેન્ટ શ્રેણીઓ, ૧૪ વર્ષથી ઓછી ઉંમરના, ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ઓપન કેટેગરી વિજેતાઓ: ૧૪ વર્ષથી ઓછી ઉંમરના: મીશિકા અગ્રવાલ (સુરત) ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ક્રિશા મિસ્ત્રી બિલીમોરાથી ઓપન કેટેગરી ઉન્નતિ ગુપ્તા સિલવાસા જાહેર કરાયા હતા. ટુર્નામેન્ટમાં ૪૦ થી વધુ મહિલા ચેસ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે સંપૂર્ણપણે મફત હતી. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ મહિલાઓમાં જાગૃતિ લાવવાનો અને મહિલા સશક્તિકરણને ટેકો આપવાનો હતો. લાયન્સ ક્લબ બીલીમોરા અને નવસારી જિલ્લા ચેસ એસોસિએશનના પ્રમુખએ આ કાર્યક્રમના આયોજનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# લાજપોર જેલના સિપાઈ દ્વારા લગ્નની લાલચમાં બળાત્કાર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

લાજપોર જેલમાં સિપાઈ તરીકે ફરજ બજાવતા રસિક ચૌધરીએ ઈન્સ્ટાગ્રામ ઉપર યુવતિ સાથે સંપર્ક કર્યા બાદ તેણીની સાથે લગ્નની લાલચ આપી બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ સચિન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.મુળ તાપીના વતની અને હાલ લાજપોર મધ્યસ્થ જેલના સ્ટાફ ક્વાર્ટસમાં રહેતા રસીક સુરેશ ચૌધરી લાજપોર જેલમાં જેલ સિપાઈ તરીકે ફરજ બજાવતા હતા. એક યુવતિએ જેલ સિપાઈ રસીક ચૌધરી સામે સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી આરોપ લગાવ્યું હતુ કે, રસીક ચૌધરી સાથે ફરિયાદીનો ઈન્સ્ટાગ્રામ ઉપર સંપર્ક થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતાથી વધુના સંબંધો બન્યા હતા. દરમિયાન રસીકે લગ્ન કરવાનુ ખોટુ વચન આપી છેતરપીડી કરી અવાર નવાર શરીર સબંધ બાંધી તરછોડી દીધી હતી. તદુપરાંત ગાળ ગલોચ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ફરિયાદના આધારે સચિન પોલીસે રસીક ચૌધરી વિરૂદ્ધ બળાત્કાર સહિતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી. વધુમાં રસીક ચૌધરી અપરિણીત છે. વધુ તપાસ પીએસઆઈ એસ.ડી.સિંઘ કરી રહ્યા છે.

### તમામ
### પહેલા પાનાનું ચાલુ

માર્ગો પરના ફરિયાઓ માટે લોન-સહાય યોજના છે તેનો લોન-સહાય યોજના છે તેનો લાભ લેનાર માટે ખાસ પ્રકારના ટીશર્ટ તૈયાર કરવા જણાવ્યુ છે જેથી તેઓ સરળતાથી ઓળખાઈ શકે. તેમાની ગરીબો માટે કેન્દ્ર સરકારની જે નીતિ છે તેને આગળ ધરી શકાય છે.

આ ઉપરાંત વડાપ્રધાને તમામ મંત્રીઓને અને તેમના વિભાગોને તમામ યુદ્ધ સમારોહ દિલ્હીમાંજ યોજવાના બદલે દેશના વિવિધ ભાગોમાં યોજવા જેથી કેન્દ્રની યોજનાઓનો પ્રચાર દેશભરમાં થાય તે જોવા પણ જણાવ્યું હતું.

આ ઉપરાંત તમામ મંત્રાલયોને બે વર્ષમાં એક જ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજવા તાકીદ કરી છે. વારંવારના આ પ્રકારના ઈવેન્ટથી અધિકારીઓ તેની તૈયારીમાં જ વ્યસ્ત રહે છે જેથી સરકારના કામકાજને અસર થતી હોવાનું પણ વડાપ્રધાને નોંધ્યું છે.

### કરતારપુર
### પહેલા પાનાનું ચાલુ

પૂરના પાણી ઘૂસી ગયા છે. જોકે, અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે ગુરુ ગ્રંથ સાહિબ જીના પવિત્ર સ્વરૂપ અને સેવાદારોને સુરક્ષિત રીતે પહેલા માળે ખસેડવામાં આવ્યા છે. જો પરિસ્થિતિ વધુ વણસે તો બચાવ ટીમો તેમને બહાર કાઢવા માટે તૈયાર છે. પૂરને કારણે કરતારપુર કોરિડોર બંધ કરવો પડ્યો છે.

આ ગુરુદ્વારા પાકિસ્તાનને ભારતના પંજાબમાં ગુરદાસપુર જિલ્લા સાથે જોડે છે અને યાત્રાળુઓને વિઝા-મુક્ત પ્રવેશની મંજૂરી આપે છે. ગુરદાસપુરના અધિકારીઓએ જણાવ્યું હતું કે કોરિડોરના કેટલાક ભાગો પાણીમાં ડૂબી ગયા છે અને કામગીરી બંધ કરી દેવામાં આવી છે.

કિસ્તાનના લાહોર, કસૂર, સિયાલકોટ, ફૈસલાબાદ, નારોવાલ અને ઓકારામાં બચાવ કામગીરીમાં મદદ કરવા માટે સેનાને બોલાવવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાવી નદીનું પાણીનું સ્તર લાહોરમાં ૧૯૫૫ પછી અને શાહદરામાં ૧૯૮૮ પછીના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયું છે.

રેકોર્ડબ્રેક વરસાદ અને ભારત દ્વારા બંધમાંથી પાણી છોડવાથી પણ પાકિસ્તાનમાં પૂર સંકટ વધુ વકરી ગયું છે. જસ્સર ખાતે, રાવી નદી ૨,૦૦,૦૦૦ ક્યુસેકથી વધુ ઝડપે વહી રહી છે, અને તેનો પ્રવાહ રાતોરાત લાહોરના શાહદરામાં તેની ટોચ પર હતો.

### હલ્દવાનીમાં
### પહેલા પાનાનું ચાલુ

ખાડામાં પલટી ગઈ. અકસ્માતના સમાચાર મળતા જ વિસ્તારના વાલીઓ ચિંતિત થઈ ગયા અને શાળાએ પહોંચી ગયા અને તેમના બાળકોના હાલચાલ પૂછવા લાગ્યા.

ગામના સરપંચ રમેશચંદ્ર જોશીએ અકસ્માત માટે બસ ડ્રાઈવરોની બેદરકારીને જવાબદાર ઠેરવી હતી. તેમણે જણાવ્યું હતું કે બસમાં લગભગ ૪૦ બાળકો હતા, જેમાંથી ૧૨ થી વધુ ઘાયલ થયા હતા.

સરપંચે કહ્યું, "આ વિસ્તારના બસ ડ્રાઈવરો ઘણીવાર દારૂ પીને વાહન ચલાવે છે. આવી ઘટનાઓ પહેલા પણ બની છે, પરંતુ શાળા મેનેજમેન્ટે કોઈ નક્કર પગલાં લીધાં નથી."

તેમણે કહ્યું કે અકસ્માત સ્થળે એક ગટર છે, પરંતુ સદનસીબે ગટરમાં પાણી નહોતું, નહીં તો ઘણા બાળકોના જીવ જઈ શક્યા હોત. તે જ સમયે, સરપંચે જિલ્લા વહીવટીતંત્ર પર પણ નિશાન સાધ્યું. તેમનું કહેવું છે કે આટલા મોટા અકસ્માત પછી પણ વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું ન હતું. સ્થાનિક લોકોએ પોતે ઘાયલોને બચાવ્યા અને તેમને હોસ્પિટલમાં મોકલ્યા. આ ઘટનાથી વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને લોકોએ શાળાઓમાં સલામતીના ધોરણોનો કડક અમલ કરવાની માંગણી કરી છે. પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી છે.

### મિઝોરમમાં
### પહેલા પાનાનું ચાલુ

અને NGO ની મદદ અને સરકારની યોજનાઓ છે. પરંતુ ટૂંક સમયમાં સાઈરાંગ-સિહમુ રેલવે લાઈન શરૂ થવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩મી સપ્ટેમ્બરે તેનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ બહારથી આવતા ભિખારીઓનું જોખમ વધી શકે છે.'

વિપક્ષે આ બિલનો વિરોધ કર્યો હતો. મિઝો નેશનલ ફ્રન્ટ (MNF) નેતા લાલચંદમા રાલ્ટેએ કહ્યું કે, 'આ કાયદો રાજ્યની છબીને કલંકિત કરશે અને ખ્રિસ્તી ધર્મની વિરુદ્ધ છે. ભિખારીઓને મદદ કરવા માટે સમાજ અને ચર્ચની સંડોવણીને મજબૂત બનાવવી જોઈએ.'

### બિહારમાં
### પહેલા પાનાનું ચાલુ

સૂત્રોના જણાવ્યા અનુસાર, JDU ૧૦૨ બેઠકો પર અને BJP ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. ચિરાગની LJP (R)ને ૨૦ બેઠકો મળી શકે છે. જ્યારે જીતન રામ માંઝીની હિન્દુસ્તાની અવમ મોરચા અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચાને ૧૦-૧૦ બેઠકો મળી શકે છે.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ઢઢ્ઢછમાં ૧૧૦ બેઠકો પર ચૂંટણી લડી હતી, જેમાંથી તેણે ૭૪ બેઠકો જીતી હતી. ત્નદ્બેએ ૧૧૫ બેઠકો પર ચૂંટણી લડી હતી. તેણે ૪૩ બેઠકો જીતી હતી. હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર)એ ૭ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ૪ બેઠકો જીતી હતી. વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP)એ ૧૩ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ૪ બેઠકો જીતી હતી.

### ત્રિપુરામાં
### પહેલા પાનાનું ચાલુ

રૂપિયા પડાવતો હતો.૨૦૦ કરોડ રૂપિયાથી વધુના નકલી નાણાંના વ્યવહારો ઘણી કંપનીઓ દ્વારા કરવામાં આવ્યા હતા : આરોપી ઉત્પલ કુમાર ચૌધરીએ "ઉચ્ચ શિક્ષણ નિયામક, ત્રિપુરા" ના અધિકારી તરીકે ઓળખ આપીને અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરી હતી.

આ ઉપરાંત, તેણે "ચલતાખલી સ્વામીજી સેવા સંઘ" નામની એક NGO પણ હડપ કરી હતી અને તેના દ્વારા મોટી રકમની ઉચાપત કરી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે દિલ્હી, હરિયાણા અને કોલકાતાની કંપનીઓમાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધુના છેતરપિંડીભર્યા વ્યવહારો કરવામાં આવ્યા હતા.

વાસ્તવમાં, કોઈ રબરનો ધંધો થયો ન હતો, તે ફક્ત કાગળ પર બતાવવામાં આવ્યો હતો અને પછી મોટી રકમ રોકડમાં ઉપાડી લેવામાં આવી હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ચૌધરી ત્રિપુરા સરકારના કેટલાક વરિષ્ઠ અધિકારીઓની નજીક હતા. આ અધિકારીઓ તેમને વરિષ્ઠ અધિકારીના વેશમાં ઉદ્યોગપતિઓ સાથે પરિચય કરાવતા હતા. આ પ્રક્રિયામાં, તેમણે ઘણા લોકોને સરકારી કોન્ટ્રાક્ટ આપવાનું વચન આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી.

### સીતાપુરમાં
### પહેલા પાનાનું ચાલુ

મતદાર અધિકાર યાત્રાના ૧૨મા દિવસે, રાહુલ ગાંધી આજે રીગા મિલ ચોક, મણિયારી ચોક અને સીતામઢીના બૈરગનિયા થઈને ઢાકા પહોંચશે. અહીં, આઝાદ ચોક, મોતીહારી રોડ, ચિરૈયા વિધાનસભા છતૌની અને ગાંધી ચોક થઈને, તેમની યાત્રા મોતીહારીના મહાત્મા ગાંધી ઓડિટોરિયમ પહોંચશે, જ્યાં તેઓ બંધારણ પરિષદને સંબોધિત કરશે.

આ પછી, તેઓ બેતિયા પહોંચશે જ્યાં તેઓ રાત્રિ આરામ કરશે. હકીકતમાં, જ્યારે વિપક્ષ આ યાત્રા દ્વારા જૈંઇ માં નામો કાઢી નાખવાનો મુદ્દો ઉઠાવી રહ્યું છે, ત્યારે સરકાર પરિવર્તન અંગે લોકો સુધી પણ પહોંચી રહી છે. તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિન અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પણ આ યાત્રામાં જોડાયા છે અને વિપક્ષી એકતાનો સંદેશ આપ્યો છે. આ યાત્રામાં, મહાગઠબંધનના ઘટક પક્ષોના અગ્રણી નેતાઓ, જેમાં બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવ પણ સામેલ છે, રાહુલ ગાંધી સાથે કદમથી કદમ ચાલી રહ્યા છે.રાહુલ ગાંધીની મતદાર અધિકાર યાત્રા ૧૭ ઓગસ્ટે બિહારના સાસારામથી શરૂ થઈ હતી. આ ૧૬ દિવસની યાત્રા લગભગ ૨૦ જિલ્લાઓમાંથી પસાર થશે અને ૧,૩૦૦ કિલોમીટરની યાત્રા પૂર્ણ કરશે. આ યાત્રા ૧ સપ્ટેમ્બરે પટણામાં એક મોટી રેલી સાથે સમાપ્ત થશે.

### હેલ્પીંગ
### પેજ-૨ પાનાનું ચાલુ

ભટ્ટ, શ્રી કાંતિભાઈ ઓઝા, શ્રી મનોજભાઈ એન. પટેલ હાજર રહ્યા હતા. શ્રી મયુરભાઈ તલાટી અને નરેશ ભાઈ પારેખે ટેકનીકલ શિક્ષાણનું મહત્વ સમજાવ્યુ હતુ અને ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની તકો સમજાવી હતી.પાસ્ટ ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ એલાય ભુપેન્દ્રભાઈ ચાહવાલા એલાયન્સ ક્લબો દ્વારા થતી સમાજ ઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ વિશે વિશેષ છણાવટ કરી એનજીઓની ભૂમિકા સમજાવી હતી. દાતાઓ શ્રી પ્રદ્યુમનભાઈ જોશી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કમલેશભાઈ ભટ્ટે વોકેશનલ શિક્ષણ ઉપર ભાર આપી મહત્વ સમજાવ્યું હતું.

### અંકલેશ્વરની
### પેજ-૨ પાનાનું ચાલુ

બિલ ને લઇ તમે આવી માથાકૂટ કરી રહ્યા હોવાનો આક્ષેપ યુવકો પર કરતા તેઓ દ્વારા આ મુદ્દે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ માં ટેલિફોનિક ફરિયાદ સાથે હોટલ નું બિલ ચૂકવી જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ કરવાની તજવીજ શરુ કરી હતી. યુવાનો આરોપ હતો કે હોટલ સંચાલક દ્વારા જે થાય એ કરી લો હું ફોડી લઈશું તેવી ચીમકી આપી હતી તો હોટલ સંચાલક એ જણાવ્યું હતું કે માફી માંગી હતી પણ બિલ માં રકઝક કરી રહ્યા હતા . ૧૩ વ્યક્તિ ને ભરે પેટ ઈયર નીકળ્યા બાદ પણ જમ્યા બાદ રૂપિયા ના આપવા ને લઇ માથાકૂટ કરી રહ્યા હતા તેમજ ઈયર સલાડ માંથી નીકળી હોવાની કબૂલાત સાથે માફી માગી હતી.

### ધો.૬થી ૮
### પેજ-૨ પાનાનું ચાલુ

વર્ગનાં પ્રારંભે બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે સૌ તાલીમાર્થીઓને આવકારી જણાવ્યું હતું કે ધોરણ ૬ થી ૮ નાં સામાજિક વિજ્ઞાન વિષયને સારી રીતે અને યોગ્ય દિશા મુજબ શીખવી શકાય તેવાં મુદ્દાઓને આવરી લઈ નવી બાબતો શિક્ષકો સુધી પહોંચાડવા અને નવીન દિશા બતાવવા માટેનો મૂળભૂત હેતુ આ તાલીમનો રહેલો છે ત્યારે બાળકોમાં જ્ઞાનની નવી નવી ક્ષિતિજો ઉઘાડવાની આપણી વિશેષ જવાબદારી બને છે.

સદર તાલીમ વર્ગમાં તજજ્ઞોએ શિક્ષક આવૃત્તિમાં સમાવિષ્ટ બાબતોને કેન્દ્રમાં રાખી શિક્ષકોને વર્ગકાર્યમાં ઉપયોગી બની રહે તે મુજબ એકમ અને અધ્યયન નિષ્પત્તિ પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ કાર્ય, દરેક મુદ્દા મુજબ જરૂરી માહિતી અને વિશેષ બાબતોને વિવિધ આયામો થકી તાલીમાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી. સદર તાલીમનાં તજજ્ઞ તરીકે અનુક્રમે હાર્દિક પટેલ (સેગવાછામા), હેતલ પટેલ (માધર), કાંતિ પટેલ (વડોલી), પૂર્વિકા પટેલ (ભાદોલ) તથા રેખા પટેલે (કીમ) સેવા આપી હતી. તાલીમ વર્ગનાં સંચાલક તથા સહસંચાલક તરીકે અનુક્રમે ડાયટ સુરતનાં સંશોધન સહાયક ચેતન મહેતા અને ઓલપાડમુખ્ય પ્રાથમિક શાળાનાં આચાર્ય કૈલાશ વરાછીયાએ જવાબદારી સંભાળી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### છેલ્લા પાનાનું ચાલુ
### મિત્રના પાનકાર્ડનો

ટાવરમાં રહેતો ભાવિક બીપીનકુમાર જાટકીયા ઉ.વ.૩૦ કતારગામ ધોળકીયા ગાર્ડન પાસે શાલીન એપાર્ટમેન્ટમાં એકાઉન્ટીંગનું કામ કરે છે. દરમિયાન તેની છેલ્લા ૧૪ વર્ષથી અગાઉ કતારગામ અક્ષરવાડી ખાતે ધર્મ ડાયમંડમાં એકાઉન્ટીંગનું કામ કરતા ઓમ જયંતિ પ્રજાપતિ (રહે. ભક્તિ હાઇટ્સ, અમરોલી કોસાડ રોડ)મિત્રતા હતી. દરમિયાન ઓમ પ્રજાપતિએ ભાવિકના પાનકાર્ડનો ઉપયોગ કરી એક્સીસ બેંકમાંથી રૂ.૧૫ લાખની હોમ લોન લીધી હતી. જેમાં ભાવિકની ખોટી સહી કરી હતી.

દરમિયાન ગઇ તા.૨૮ જુનના રોજ હોમ લોનનો ઈએમઆઈ બાઉન્સ ગયો હોવાનો કોલ એક્સીસ બેંકમાંથી ભાવિકને આવ્યો હતો. ભાવિક બેંક લોનમાં ગેરેન્ટર હોવાની બેંક દ્વારા જાણકરવામાં આવતા તે ચોંકી ગયો હતો. આ બાબતે તપાસ કરતા ગેરેન્ટર તરીકે ઓમ પ્રજાપતિએ તેનો પાનકાર્ડ મુકી ભાવિકની ખોટી સહી પણ કરી હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે ભાવિક દ્વારા મિત્ર ઓમ પ્રજાપતિ સામે ગઇકાલે વેસુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

### પરિણીતા આપઘાત

રૂપીયા લાવવા તેને સતત દબાણ કરવામાં આવતું હતું.

અડાજણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના ગરોટ બરખેડા નવાસાના વતની રામગોપાલ મોહનલાલ પોરવાલ ઉ.વ.૫૭ દ્વારા અડાજણ પોલીસ સ્ટેશનમાં તેમની પુત્રી પુજા ઉર્ફે જયોતીના પતિ આદિત્ય અશોક ધનોયતીયા (રહે. ઓમકાર ફ્લેટસ, આહુરાનગરની પાસે, આજણ), સસરા અશોક કેશરીમલ ધનોયતીયા, સાસુ સુનિતા (રહે. મધ્યપ્રદેશ, મંદસૌર) તેમજ નણંદ દિવ્યા સંદીપ મહેતા અને પ્રજા અરર્પિત પોરવાલ વિરૂધ્ધ આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર સને ૨૦૨૨માં આદિત્ય સાથે પુજાના લગ્ન બાદ તેઓ સુરત રહેવા આવ્યા હતા. પુજા પણ નોકરી કરતી હતી.વાર તહેવારે પુજા માતા-પિતાને મળવા વતન જતી હતી ત્યારે સાસરીયાઓ તેને ત્રાસ આપતા હોવાનું જણાવતી હતી. નોકરી કરતી પુજાને તારો પગાર ક્યાં જાય છે પૈસા સોનામાં તેમજ રીયલ એસ્ટેટમાં ઈન્વેસ્ટ કરવાનું જણાવી કોઈને કોઇ કારણોસર ત્રાસ આપવામાં આવતો હોય પુજાએ ગઇ તા.૨૭ માર્ચ ૨૦૨૫ના રોજ ફાંસો ખાઇ લીધો હતો.

### જુની સિવિલ

વહીવટી તંત્ર તેમજ પાલિકાને લેખિત ફરિયાદ કરી હતી કે, મેટ્રો ટ્રેનનુ કામ ચાલતું હોવાથી જુની સિવિલ હોસ્પિટલની પાછળ એટલે કે અહીંથી જ નાના-મોટા વાહન ચાલકોની સતત અવર-જવર થતી હોય છે, સ્થાનિકો પણ અહીથી અવર-જવર માટે આ રસ્તો ઉપયોગમાં લેતા હોય છે. મહોલ્લાના નાના બાળકો પણ અહી રમે છે. જેથી તંત્રએ આળસ ખંખેરીને લોકોના હિતમાં આ દિવાલ વહેલી તકે તોડી પાડવાની કામગીરી કરવી જોઈએ, નહિંતર આ દિવાલ ધરાશાયી થવાની શક્યતા નકારી શકાય નહી. જેના કારણે લોકોના જાનમાલને નુકશાન થાય તેવી પણ ભીતિ છે.જોકે, સંબંધિત અધિકારીઓએ માત્ર આ દિવાલ ભયજનક છે તેવી સૂચના લખી દીધી હતી. જોકે, આ દિવાલ તાકીદે તોડી પાડવાની આવશ્યક્તા હતી. આખરે તંત્રને ૨૦ દિવસ બાદ મુર્હત મળતા આ દિવાલ તોડી પાડવાની કામગીરી શરૂ કરી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૨૮ ઓગષ્ટ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત શહેર અને જિલ્લામાં ગુનેગારો બેખોફ : પોલીસ પર વધતાં હુમલા

## હપ્તાખોરી અને ગુનેગારો ઉપર બેલગામ અંકુશથી ગુનેગારો બેફામ બન્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

સુરત શહેર અને જિલ્લામાં ગુનેગારો બેફામ બન્યાં છે. છાશવારે ઘાતક શસ્ત્રો ઉછાળતા અસામાજિક તત્વો પરનો અંકુશ પોલીસે ગુમાવી દીધો હોય તેવો સેનારિયો છેલ્લા કેટલાક સમયથી બનતી ઘટનાઓ પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે. સુરત હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય બુટલેગરો અને ગુનાહિત માનસ ધરાવતા તત્વો હવે પોલીસ પર હુમલાઓ કરતા થઈ ગયા છે. જ્યારે પાછળ એવું ચર્ચાઈ રહ્યું છે કે, બુટલેગિંગના ધંધામાં પોલીસની હપ્તાખોરી અને ગુનેગારો સામે કડક પગલાં ભરવામાં નિષ્ફળ પોલીસ પર હવે હુમલાઓ થઈ રહ્યા છે. ગઈકાલે જ બુટલેગરની પાસા હેઠળ ધરપકડ કરવા ગયેલી કડોદરા પોલીસ પર હુમલો કરી પોલીસ ચોકીમાં તોડફોડ કર્યાની ઘટના બની હતી. આ ઘટનામાં પોલીસે મહિલાઓ સહિત ૮થી વધુ લોકોની ધરપકડ કરી હતી. અત્રે નોંધવું ઘટે કે, જિલ્લામાં પણ દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે પોલીસ કાર્યવાહી સામે બુટલેગરો વિફર્યા હતા આ ઘટનાની ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા પણ ગંભીર નોંધ લેવામાં આવી છે. આ મામલામાં કડોદરા પોલીસે અમુક મહિલા સહિત ૧૦થી વધુ લોકોની ધરપકડ પણ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ બુટલેગર ઓમપ્રકાશ વાંસફોડીયાની પાસા હેઠળ કડોદરા પોલીસ અટકાયત કરતા આરોપી બુટલેગરોને છોડાવવા માટે ૨૦ થી વધુના ટોળાએ પોલીસ ઉપર હુમલો કરી હેડ કોન્સ્ટેબલ કનકસિંહને ઈજા પહોંચાડી આરોપી ઓમપ્રકાશે પોલીસને ધક્કો મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ટોળાએ પોલીસ ચોકીમાં તોડફોડ કરી હતી. આ બનાવ અંગે કડોદરા પોલીસ સ્ટેશને આરોપી ઓમપ્રકાશ વાંસફોડીયા, પ્રકાશ રમેશ, વિજય રમેશ, જય પ્રકાશ, જીગર વિજય, ભાવનાબેન રમેશ, કંચનબેન વિજય, સાગર મોદી, વિકાસ વાંસફોડીયા, હેતલ ઈશ્વર, મીના દિનેશ, તથા બીજા ચારથી ૧૦ જણા વિરૂધ્ધ પોલીસ ફરજમાં રૂકાવટ અને સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડવાનો ગુનો નોંધી ધરપકડનો દોર શરૂ કર્યો છે. ગઈકાલે બનેલી આ ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આજ કાલ પોલીસ ઉપર ગુનાહીત માનસ ધરાવતા તત્વો દ્વારા પોલીસને પણ છોડવામાં આવી રહી નથી. હપ્તાખોરીના નેટવર્કને કારણે હવે બુટલેગરો એટલી હદે ગયા છે કે પોલીસ ઉપર હુમલો ઉપરાંત પોલીસ ચોકીમાં પણ તોડફોડ કરવા સુધી પહોંચી ગયા છે. હાલ તો આ સમગ્ર મામલે કડોગરા પોલીસે સખત કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# ગિરિમથક સાપુતારા ગણેશ મંદિર પાસે ભેખડો ધસી પડી

## સવારે ૯.૩૦ કલાકે બનેલી ઘટનામાં પ્રશાસન દોડતું થયું



**પ્રતાપ પ્રતિનિધિ, સાપુતારા, તા.૨૮**

સાપુતારાના આહલાદક વાતાવરણમાં મૌજ માણવા સુરતના લોકો સહપરિવાર ગિરીમથકે નિયમિત જતાં હોય છે ચોમાસાની ઋતુ દરમિયાન સાપુતારાના ઘાટ વિસ્તારમાં ભેખડો ધસી પડવાની તેમજ વાહનો ખીણમાં ખાબકવાની ઘટનાઓ વધી જાય છે. આવી જ એક ઘટના આજે સવારે ગિરીમથક સાપુતારાના ગણેશ મંદિર ઘાટ પાસે બની હતી. અચાનક ભેખડો ધસી પડતા આ ઘાટ પાસેનો વાહન વ્યવહાર અટકી ગયો હતો અને પ્રવાસીઓના વાહનોને બ્રેક લાગી ગઈ હતી.

આજે સવારે ૯.૩૦ કલાકે ડાંગ જિલ્લા ગિરિમથક સાપુતારાના ઘાટ માર્ગમાં ગણેશ મંદિર પાસે ભેખડ ધસવાની ઘટના બની હતી. આ ઘાટ માર્ગમાં ભેખડ ધસવાથી કોઈને જાણ હાની થઈ નથી. ભેખડ ધસવાને કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. સાપુતારા પોલીસ ટીમ હાલ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. એક બાજુનો વાહન વ્યવહાર શરૂ કરવામાં આવ્યો છે. આ ધસી પડેલી ભેખડને હટાવવા માટે વહીવટી તંત્ર દ્વારા જેસીબીને મંગાવીને હટાવીને તજવીજ શરૂ કરવામાં આવી છે. સાપુતારાના આ રસ્તામાં એક મહિનામાં બે વાર ભેખડ ધસવાની ઘટના સામે આવી છે.

અત્રે નોંધનીય છે કે વરસાદમાં ધોધ અને ઝરણાં સક્રિય થતાં ડાંગ સાપુતારામાં પ્રવાસીઓની ભીડ જામે છે. ઘાટ માર્ગમાં વરસાદના કારણે ભેખડ ધસી પડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.



**સનાતન ધર્મમાં સપ્તમ મનવન્તરના સાત ઋષિઓએ માનવજાતને સુખી અને સમૃદ્ધ બનાવવા અદ્વિતિય યોગદાન આપ્યું છે. આ સાત ઋષિઓ પ્રત્યેની કૃતજ્ઞતા માટે ઋષિ પાંચમે ઉપવાસ કરવાનું અનન્ય ધાર્મિક મહત્વ છે. ઉપવાસ દરમિયાન મહિલાઓ માટે નદીમાં સ્નાન કરવાની પરંપરા છે. તાપી નદીના સિદ્ધિ કુટિર ઓવારા પર સ્નાન કરવા માટે ઉમટી પડેલી મહિલાઓ તસવીરમાં જણાય છે.**

# મિત્રના પાનકાર્ડનો ઉપયોગ કરી મિત્રએ ૧૫ લાખની હોમ લોન લીધી

## અડાજણના એકાઉન્ટન્ટ ભાવિક જાટકિયાએ મિત્ર ઓમ પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

અડાજણ એલ.પી.સવાણી રોડ ખાતે રહેતા અને એકાઉન્ટીંગનું કામ કરતા ૩૦ વર્ષિય યુવકના વર્ષો જુના મિત્રએ યુવકના પાનકાર્ડનો દુરૂપયોગ કરીને ૧૫ લાખની હોમ લોન મેળવી લીધી હતી. જેમાં ગેરેન્ટર તરીકે મિત્રની ખોટી સહિ કરી હતી. આ સમગ્ર બાબત ત્યારે બહાર આવી જયારે બેંકમાંથી એકાઉન્ટન્ટને ફોન આવ્યો હતો. બેંક દ્વારા એવી જાણ કરવામાં આવી હતી કે તેના મિત્રએ લીધેલી હોમ લોનમાં તે ગેરેન્ટર છે અને બેંકનો ઈએમઆઈ બાઉન્સ ગયો છે. આ છેતરપિંડી બાબતે એકાઉન્ટન્ટ દ્વારા ગઈકાલે વેસુ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

વેસુ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અડાજણ રોયલ કિચન રેસ્ટોરન્ટની પાસે ટ્વીન

**અનુસંધાન પાના ૭ પર**

# પરિણીતા આપઘાત પ્રકરણમાં સાસરિયા સામે ગુનો દર્જ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

મુળ મધ્યપ્રદેશની વતની અને લગ્ન બાદ અડાજણના આહુરાનગરમાં રહેવા આવેલી પરિણીતાએ પતિ તથા સાસરીયાઓના ત્રાસને કારણે આત્મહત્યા કરી લેવાના બનાવમાં મૃતકના પિતાએ સાસરીયાઓ સામે ગઈકાલે અડાજણ પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પરિણીતા નોકરી કરતી હતી ત્યારે તેને તારો પગાર ક્યાં જાય છે સોનામાં અને રીયલ એસ્ટેટમાં રોકાણ કરવા માટે

**અનુસંધાન પાના ૭ પર**

# જુની સિવિલ હોસ્પિટલની નમી પડેલી તોતીંગ દિવાલ તોડવાનું મુહૂર્ત નિકળ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

આખરે નફ્ફટ તંત્રએ આળસ ખંખેરીને લાંબા સમય બાદ ચોકબજારની જૂની સિવિલ હોસ્પિટલની પાછળની જર્જરિત થઈને નમી પડેલી તોતિંગ દિવાલ તોડી પાડવાની કામગીરી શરૂ કરતા ત્યાંથી પસાર થતા લોકો પર મંડરાતો ખતરો તળતાં સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. આ ભયજનક દિવાલ ક્યારેય પણ પડી શકે તેવી સ્થિતીમાં થઈ ગઈ હતી, વસીમ કુરૈશી અને ઉઝેર કુરેશી સહિતના સ્થાનિકોએ તંત્રને એકથી વધુ વખત ફરિયાદો કરતા આખરે તંત્રને આ ભયજનક દિવાલ તોડ્વાની કામગીરી કરવાનું તંત્રને મૂર્હત મળ્યું હતું. અત્રે નોંધવું છે કે દિવાલ તોડી પાડવાની કામગીરી દરમિયાન અવર-જવર કરતા લોકો માટે તંત્રએ કોઈ કાળજી પણ રાખી નથી. થોડો રસ્તો કોર્ડન કરીને આ કામગીરી કરવાની જરૂર છે.

ચોકબજાર જુની સિવિલ હોસ્પિટના પાછળની ભાગની ૧૦ ફુટથી વધુની ઉંચાઈ ધરાવતી તોતિગ દિવાલ જર્જરિત થઈ ગઈ હતી, એ હદે જર્જરિત થઈ હતી કે, ઉપરના ભાગેથી નમી પડી હતી. તદુપરાંત દિવાલના નીચેના ભાગેથી માટી પણ ખસી ગઈ છે. જેથી દિવાલ ધરાશાયી જેથી આ દિવાલ ધરાશાયી થવાની ભીતિ સાથે સ્થાનિકોએ જુની સિવિલ હોસ્પિ.ના

**અનુસંધાન પાના ૭ પર**

## જાહેર નોટીસ

આથી જણાવવામાં આવે છે કે મારા અસીલ **મુકેશ કુમાર રાય, રહે.પ્લોટ નં.૭૦, માં બિંધાવાસિની રેસીડન્સી, તલંગપુર ગામ, સચીન, સુરત-૩૯૪૨૩૦** ની માલીકીની **HYUNDAI MOTOR INDIA LTD.** કંપની ની ફોરવ્હીલ ગાડી જેનું રજીસ્ટ્રેશન નં.**GJ27-DH-5774** જેના મોડલનું નામ **CRETA 1.5 CRDI AT SX(O)** જેનું કલર **POLAR WHITE 2** હોય. જે ગાડીનું તા.૨૪-૮-૨૦૨૫ નું પાટણ, ગુજરાત ખાતે નું ટ્રાફીક ચલણ આવેલ હોય. અમારા અસીલ પાસે રહેલ CCTV ફુટેજ મુજબ તેઓની ગાડી જણાવેલી તારીખે પાટણ ખાતે ગયેલ નથી. જેથી તેઓની ગાડી જેવી નંબર પ્લેટ બનાવી તેવાજ મોડલની ગાડીમાં ઉપયોગ થઈ રહ્યું હોય જે બાબતની જાણ તા.૨૫-૮-૨૦૨૫ ના રોજ લેખિત અરજી મારફતે સુરત પોલીસ કમિશનરશ્રીને પણ કરેલ હોય. જેથી સદર નોટીસ થી જાહેર કરવાનું કે કોઈ ઈસમ અમારા અસીલની ગાડી જેવી ગાડી તેમજ નંબર પ્લેટ ઉપયોગ કરી રહ્યો હોય અને તેના થકી કોઈ ગુનાહિત કૃત્ય કરે તો અમારા અસીલની જવાબદારી રહેશે નહિ.

ઓફિસ- દુકાન નં. ૩, ગુલીસ્તાન એપાર્ટમેન્ટ, કે.એસ.જોષી સ્કુલની સામે, શાહપોર, સુરત.
મો. નંબર- ૮૮૬૬૨-૯૯૮૯૩, ૯૬૨૪૧-૨૨૮૮૪

**ઉવેશ એમ. પઠાણ**
(એડવોકેટ)

